૨૦૩ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 6 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 January 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૭ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચીનની બીમારીનું છાનેપગલે ભારતમાં આગમનઃ પાંચ કેસ નોંધાયા

## કર્ણાટકના બેંગલૂરુમાં બે, તમિળનાડુમાં બે અને અમદાવાદમાં એક

બેંગલૂરુ/અમદાવાદ : ભારતમાં વાઈરસ હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (એચએમપીવી)ના કુલ પાંચ કેસ સોમવારે નોંધાયા હતા. સોમવારની શરૂઆતમાં કર્ણાટકમાં બે કેસ નોંધાયા હતા, તમિળનાડુમાં પણ બે કેસ નોંધાયા હતા અને અમદાવાદની ખાનગી હૉસ્પિટલમાં એક બાળકને એચએમપીવીનો ચેપ લાગ્યો હોવાનું નિદાન થયું હતું. પાલિકાના અધિકારીએ માહિતી આપી હતી કે બાળકની તબીયત સ્થિર છે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે વાઈરસના ખોટા ભયને દૂર કરતા કહ્યું હતું કે તે શ્વાસના દર્દીની સંખ્યા વધે તા અમે તેને પહોંચી વળવા સુસજ્જ છીએ.

ગયા અઠવાડિયે ચીનમાં આ વાઈરસના કેસ વધી રહ્યા છે એવા અહેવાલોને લીધે આ વાઈરસે ચકચાર મચાવી છે. ચેપગ્રસ્ત બાળક રાજસ્થાનના ડુંગરપુરનો છે અને તેને ૨૪ ડિસેમ્બરે અમદાવાદના ચાંદખેડા વિસ્તારની હૉસ્પિટલમાં

દાખલ કરવામાં આવ્યો હતો. ૨૬ ડિસેમ્બરે બાળક વાઈરસથી ચેપગ્રસ્ત હોવાનું નિદાન થયું હતું, પરંતુ ખાનગી હૉસ્પિટલે પાલિકાને સોમવારે માહિતી આપી હતી. દર્દીને વેન્ટિલેટરમાં અલગ રાખવામાં આવ્યો છે. અગાઉ ઈન્ડિયન મેડિકલ રીસર્ચે બે કેસ કર્ણાટકમાં નોંધ્યા હતા. એક કેસ ત્રણ મહિનાની બાળકીનો છે. તેને બેંગલુરુની બાપ્ટિસ્ટ હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. તે બાળકી બ્રોન્કોન્યોમેનિયાનો ઈતિહાસ ધરાવે છે. બાળકીને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. બીજો કેસ આઠ મહિનાના બાળકનો છે જે પણ બ્રોન્કોન્યોમેનિયાનો ઈતિહાસ ધરાવે છે. તેને ત્રીજી જાન્યુઆરીએ બાપ્ટિસ્ટ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. બાળક સાજો થઈ રહ્યો છે.

કર્ણાટક, ગુજરાત અને મહારાષ્ટ્રની સરકારોએ ભારપૂર્વક જણાવ્યું છે કે આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી. દિલ્હી સરકારે રાજધાનીની બધી હૉસ્પિટલોને શ્વાસની બીમારીના દર્દીઓની સંખ્યામાં વધારો થાય તો એને પહોંચી વળવાની તૈયારી કરવાનો આદેશ આપ્યો છે.

આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે નોંધવાની વાત એ છે કે આ ત્રણેય દર્દીમાંથી કોઈ પણ દર્દીએ દેશ બહારની મુસાફરી કરી નથી.

આરોગ્ય મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે એચએમપીવી વાઈરસ આ અગાઉ જ ભારત સહિત વિશ્વમાં ફેલાઈ ગયો છે અને તેની સાથે સંકળાયેલી શ્વાસની બીમારી વિવિધ દેશોમાં જોવા મળી છે. આઈસીએમઆરના હાલના ડેટા અને ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ નેટવર્ક પ્રમાણે દેશમાં ઈન્ફલુએઝા જેવી બીમારી કે શ્વાસની ગંભીર બીમારીના દર્દીમાં ઉછાળો આવ્યો નથી. અમે બધી ચેનલથી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. આઈસીએમઆર આખા વર્ષ એચએમપીવીના ફેલાવા પર નજર રાખશે.

મંત્રાલયે વધુમાં કહ્યું હતું કે તાજેતરમાં કરાયેલી કવાયતમાં સાબિત થયું હતું કે ભારત શ્વાસની બીમારીમાં ઉછાળો આવે તો એનો પહોંચી વળવા સુસજ્જ છે અને જાહેર આરોગ્ય જરૂર પડે તો

(જુઓ પાનું ૨) ▸▸

### હેલ્પલાઈન નંબર જાહેર કરાયા

એચએમપીવી વાઇરસ પર કેન્દ્રીય સ્વાસ્થ્ય પ્રધાન જેપી નડ્ડાએ કહ્યું છે કે આ કોઈ નવો વાઇરસ નથી અને તેનાથી ગભરાવાની જરૂર નથી. આ સાથે તેમણે કહ્યું કે સરકાર સ્થિતિ પર નજર રાખી રહી છે. નડ્ડાએ કહ્યું કે સ્વાસ્થ્ય નિષ્ણાતોએ સ્પષ્ટતા કરી છે કે એચએમપીવી નવો વાઇરસ નથી. તે પ્રથમ વખત ૨૦૦૧માં ઓળખવામાં આવ્યો હતો અને ઘણાં વર્ષોથી સમગ્ર વિશ્વમાં ફેલાય છે.એચએમપીવી શ્વાસ દ્વારા હવામાં ફેલાય છે. તે તમામ વય જૂથના લોકોને અસર કરી શકે છે. આ વાઇરસ શિયાળામાં અને વસંતઋતુના પ્રારંભમાં વધુ ફેલાય છે.

દેશ અને દુનિયામાં બગડતી પરિસ્થિતિને જોઈને ભારત સરકાર હવે સંપૂર્ણ રીતે સતર્ક થઈ ગઈ છે. અધિકારીઓને માર્ગદર્શિકા

જારી કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા એચએમપીવી અંગે લોકો માટે એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. આ એડવાઈઝરી જણાવે છે કે લોકોએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ. ભારતમાં આ વાઇરસના આગમન બાદ સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું છે કે તેનાથી ગભરાવાની જરૂર નથી. આ વાઇરસ ભારતમાં પહેલાથી જ હાજર છે. હાલમાં, આરોગ્ય મંત્રાલય સમગ્ર મામલામાં નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેતી રાખવાની પણ સલાહ આપવામાં આવી છે.

એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે રોગને લઈને યોગ્ય સ્વચ્છતાનું સંપૂર્ણ ધ્યાન રાખવું જોઈએ. આ ઉપરાંત, અગાઉથી ખાતરી કરો કે ગંભીર દર્દીઓ માટે વેન્ટિલેટરની કોઈ અછત નથી. ડોક્ટરો અને પેરામેડિકલ સ્ટાફને દરેક રીતે તૈયાર રાખો. સરકારે આ માટે હેલ્પલાઈન નંબર પણ બનાવ્યો છે. હેલ્પલાઈન નંબર છે. મુખ્ય મથક ૦૧૧-૨૨૩૦૭૧૪૫ અથવા ૦૧૧-૨૨૩૦૦૦૧૨.

**સફેદ ચાદર :** શ્રીનગરમાં રવિવારની રાતે થયેલી ભારે હિમવર્ષાને કારણે ટેક્સી સ્ટેન્ડ પર રહેલી ટેક્સીઓ અને રસ્તા પર જાણે સફેદ ચાદર છવાઈ ગઈ હતી. (પીટીઆઈ)



# શ્રીનગરમાં શ્વાસ રૂંધાવાથી પાંચનાં મોત

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : એક જ અઠવાડિયામાં ૧૦ જણના શ્વાસ રૂંધાવાથી મરણ થતાં કાશ્મીર હચમચી ગયું છે. ગયા અઠવાડિયે કુલગામમાં એક મા અને બેટાનું શ્વાસ રૂંધાવાથી મરણ થયું હતું અને રવિવારે રાત્રે શ્રીનગરમાં એક જ કુટુંબના પાંચ સભ્યોના શ્વાસ રૂંધાવાથી મરણ થયાં હતાં.

કહેવાય છે કે પીડિત પરિવાર રૂમમાં હીટિંગ ગેઝેટ (બ્લોઅર) ચલાવીને સૂઈ ગયો હતો. આ બધા ભાડાનાં મકાનમાં રહેતા હતા. પોલીસ તપાસ કરી રહી છે.

મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ એક જ પરિવારના પાંચ સભ્યોના મૃત્યુ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે શોકમગ્ન પરિવારજનો પ્રત્યે પોતાની ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે પરિવારજનો આ વણપુરાયેલી ખોટમાંથી બહાર આવવાની શક્તિ અને ધૈર્ય પ્રદાન કરવાની પ્રાર્થના કરી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર મૃતકોમાં માતાપિતા અને તેમના બે સગીર બાળકો અને ૨૮ દિવસ પહેલાં જન્મેલા શિશુનો સમાવેશ થાય છે. પરિવારના મુખ્ય સભ્ય એજાજ અહમદ ભટ હતો. તે ખાનગી હોટેલ ગ્રાન્ડ પેલેસમાં શેફ હતો. આમ તો તે બારામુલ્લા જિલ્લાના ઉડીનો રહેવાસી હતો, પરંતુ છેલ્લાં બે મહિનાથી અહીં ભાડાનાં મકાનમાં રહેતો હતો.

મકાનમાલિક મુખ્તાર અહમદે ખુલાસો કર્યો હતો કે મને પીડિત ભટની માતાએ ફોન કર્યો હતો કે તે તેમના પુત્રનો સંપર્ક કરવામાં અસમર્થ છે. તેમણે મને કહ્યું કે એજાજ સાંજે ચાર વાગ્યાથી મારો ફોન ઉપાડતો નથી. આથી મેં બીજા ભાડુતને તેના ઘરે મોકલ્યો હતો

મુખ્તારે કહ્યું કે જ્યારે ભાડુતે દરવાજો ખટખટાવ્યો ત્યારે કોઈ જવાબ મળ્યો નહોતો. આથી અમે બળજબરીપૂર્વક દરવાજો તોડ્યો હતો. અમે એજાજ, તેની પત્ની અને ત્રણ બાળકોને મરેલાં જોયાં હતાં. અધિકારીઓએ કહ્યું હતું કે શ્વાસ રૂંધાવાનું કારણ હીટિંગ ગેઝેટ હતું. મૃતદેહોને શ્રીનગરની સરકારી મેડિકલ કૉલેજમાં મોકલવામાં આવ્યા હતા. તપાસની કાર્યવાહી શરૂ છે.

આ ઘટનાઓએ કાશ્મીરની ઠંડી રાતોમાં હીટિંગ ઉપકરણોના ઉપયોગને કારણે સુરક્ષા સંબંધી ચિંતા વધારી દીધી છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે હીટિંગ ગેઝેટ્સના અનિયંત્રિત ઉપયોગથી કાર્બન મોનોક્સાઈડનું સ્તર વધી જાય છે. આને લીધે રૂમમાં ઓક્સિજન ઘટી જાય છે અને શ્વાસ રૂંધાય છે.

# છત્તીસગઢમાં નક્સલી હુમલામાં આઠ જવાનનાં મોત



**હિચકારો હુમલો :** છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સોમવારે નકસલવાદીઓએ આઈઈડી દ્વારા ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગાર્ડસ (ડીઆરજી)ના જવાનોના વાહનને ઉડાવી દીધું હતું, તે સ્થળે સુરક્ષા દળના જવાનો પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા છે અને બીજી તસવીરમાં ડીઆરજીના જવાનોના વાહનની હાલત દેખાય છે. (એજન્સી)

બિજાપુર : સોમવારે છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં નક્સલવાદીઓએ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ (આઈઈડી) વડે એક વાહન ઉડાવી દેતા ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી)ના આઠ સુરક્ષા ચોકિયાતો અને વાહનનો ડ્રાઈવર મરણ પામ્યાં હતાં, એવી માહિતી પોલીસે આપી હતી.

પોલીસે નક્સલવિરોધી ઓપરેશન કરી તેમના સ્કોર્પિયો વાહનમાં પાછા ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો, એમ ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ (બસ્તર રેન્જ) સુંદરરાજ પીએ કહ્યું હતું. ડીઆરજી એ રાજ્ય પોલીસનું એકમ છે.

છેલ્લાં બે વર્ષમાં નક્સલવાદીઓનો સુરક્ષા ચોકિયાતો પરનો આ સૌથી મોટો હુમલો છે, એવી માહિતી અધિકારીએ આપી હતી. અગાઉ ૨૬ એપ્રિલ, ૨૦૨૩એ નક્સલવાદીઓ વાહન ફૂંકી મારતાં દસ પોલીસ અને એક મુલકી ડ્રાઈવર મરણ પામ્યાં હતાં. આ વાહન પડોશના દંતેવાડા જિલ્લામાં સુરક્ષા ચોકિયાતોને લઈ જતા કાફલાનો ભાગ હતો.

આઠેય પોલીસ એસયુવીમાં મુસાફરી કરી રહ્યા હતા. આ પોલીસોની મોટે ભાગે સ્થાનિક આદિવાસી વસતિમાંથી અથવા તો શરણે થનારા

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતમાં ચીનના એચએમપીવી વાઈરસની એન્ટ્રીના ભયથી

# શેરબજાર ક્રેશ, ₹ ૧૦.૯૮ લાખ કરોડનું ધોવાણ

મુંબઈઃ ભારતમાં એચએમપીવી વાઈરસની એન્ટ્રીની અસર શૅરબજાર પર પડી છે, જેમાં આજે સેન્સેકસ ૧૨૫૮ પોઇન્ટ અને નિફ્ટી ૩૮૮ પોઇન્ટના વિક્રમી ઘટાડા સાથે બંધ થયું. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચે બેંગલુરુમાં મળેલા બે એચએમપીવી વાઈરસના કેસની પુષ્ટિ કરી છે. જ્યારે ગુજરાતના અમદાવાદમાં એચએમપીવી વાઈરસનો એક શંકાસ્પદ કેસ નોંધાયો છે. આ સમાચારથી બજાર પર દબાણ વધી ગયું છે. જોકે, આ દરમિયાન હેલ્થકેર સેક્ટરમાં મજબૂતી જોવા મળી રહી છે. શૅરબજારમાં ભારે ઘટાડાના પગલે લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં એક સમયે રૂપિયા ૧૦.૫૮ લાખ કરોડથી વધુનો ઘટાડો થયો હતો. જેમાં આજે નિફ્ટી ૨૪,૦૪૫.૮૦ પોઈન્ટ પર ખુલ્યો હતો. જ્યારે બપોર સુધી નિફ્ટીનું ઇન્ટ્રા-ડે લો લેવલ ૪૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા બાદ ૨૩,૬૦૧.૫૦ પોઈન્ટ હતું.

(જુઓ પાનું ૨) ▸▸



**ગમખ્વાર અકસ્માત :** કેરળના ઈડુકડી જિલ્લામાં સોમવારે સવારે કેરળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (કેએસઆરટીસી)ની બસ ખીણમાં પડી જતાં ત્રણ જણ માર્યા ગયા હતા. અકસ્માતના સ્થળે રાહત કામગીરી ચાલી રહી હતી. (એજન્સી)

# કેનેડાના વડા પ્રધાન જસ્ટીન ટ્રુડોનું રાજીનામું



ટોરન્ટોઃ કેનેડાના વડા પ્રધાન જસ્ટીન ટ્રુડોએ તેનાં પદ પરથી રાજીનામું આપી દીધું છે. થોડા સમય પહેલાં તેમના પ્રધાનમંડળના નાણા પ્રધાને રાજીનામું આપ્યા બાદ પક્ષમાં તેમની સામેનો અસંતોષ વધી રહ્યો હોવાની જાણ થઈ હતી. જસ્ટીન ટ્રુડોના લિબરલ પક્ષનો નવો નેતા ચૂંટી કાઢવામાં નહીં આવે ત્યાં સુધી ટ્રુડો વડા પ્રધાન તરીકે ચાલુ રહેશે. જો કે, આ લખાય છે ત્યાં સુધી એ પણ સ્પષ્ટ નથી કે નવેસરથી ચૂંટણી યોજીને નવી સરકારની રચના કરાશે કે કેમ?

૧૦ વર્ષના કન્ઝર્વેટીવ પક્ષના શાસન બાદ જસ્ટીન ટ્રુડોએ કેનેડાના વડા પ્રધાન તરીકે ૨૦૧૫માં સત્તા સંભાળી

(જુઓ પાનું ૨) ▸▸

# એ સમય દૂર નથી જ્યારે દેશમાં પ્રથમ બુલેટ ટ્રેન દોડશેઃ મોદી






**રેલવે પ્રોજેક્ટસનું ઉદ્‌ઘાટન :** વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ રેલવે પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. (એજન્સી)

નવી દિલ્હીઃ એ સમય દૂર નથી જ્યારે ભારતમાં પ્રથમ બુલેટ ટ્રેન દોડશે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે જણાવ્યું હતું. તેમ જ તેમણે દેશભરમાં હાઈ-સ્પીડ ટ્રેનોની વધતી જતી માગ અને તેમની સરકાર હેઠળ આ ક્ષેત્રમાં થયેલા ઐતિહાસિક પરિવર્તનને રેખાંકિત કર્યું હતું.

જમ્મુ ડિવિઝનના ઉદ્‌ઘાટન સહિત અનેક રેલવે પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કરતાં મોદીએ જણાવ્યું કે છેલ્લા એક દાયકામાં રેલવેમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. તેમણે એક વીડિયો સંબોધનમાં કહ્યું કે આનાથી ભારતની છબી બદલાઈ છે અને લોકોનું મનોબળ વધ્યું છે. આ કાર્યક્રમમાં તેલંગાણા, ઓડિશા અને જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન તથા અન્ય મહાનુભાવોએ ભાગ લીધો હતો.

વડા પ્રધાને જણાવ્યું કે લોકો લાંબું અંતર કાપવામાં ઓછો સમય પસાર કરવા માગે છે, જેના કારણે હાઈ-સ્પીડ

(જુઓ પાનું ૨) ▸▸

# રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને ગુરુ ગોવિંદ સિંહને જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ગુરુ ગોવિંદ સિંહને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. નોંધનીય છે કે શીખોના ૧૦માં ગુરુની જન્મજયંતિને 'પ્રકાશ ઉત્સવ' તરીકે ઉજવવામાં આવે છે.

ખાલસા સંપ્રદાયની સ્થાપના કરનારા ગુરુ ગોવિંદ સિંહનો જન્મ ૧૬૬૬માં પટના સાહિબમાં થયો હતો. રાષ્ટ્રપતિ મુર્મૂએ આશા વ્યક્ત કરી કે ગુરુ ગોવિંદ સિંહના શાશ્વત ઉપદેશો દરેકને ધાર્મિકતા, શાંતિ અને સદ્‌ભાવના માર્ગે લઇ જશે. ગુરુ ગોવિંદ સિંહજીના પ્રકાશ પર્વના શુભ અવસર પર દરેકને શુભેચ્છાઓ! માનવતાના ભલા માટે તેમની નિઃસ્વાર્થ ભક્તિ આપણને પ્રેરણા આપતી રહે છે. ગુરુ ગોવિંદ સિંહજીએ હંમેશાં સમાનતા અને ન્યાયની હિમાયત કરી હતી. તેમના શાશ્વત ઉપદેશો આપણને ધાર્મિકતા, શાંતિ અને સદ્‌ભાવના માર્ગ તરફ દોરી જાય, એમ મુર્મૂએ એક્સ પર જણાવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિ ધનખરે એક્સ પર જણાવ્યું કે આ

(જુઓ પાનું ૨) ▸▸

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# એચએમપીવીનો ખતરોઃ સરકાર ને સોશિયલ મીડિયામાંથી કોનો ભરોસો કરવો?

**દુનિયાભરનાં** લોકોના મગજમાંથી કોરોના વાઇરસનો ડર માંડ માંડ ગયો છે ત્યાં હવે ચીનમાં હ્યુમન મેટાપ્યુમો વાઇરસ એચએમપીવીનો હાહાકાર હોવાના સમાચારથી લોકો ફફડી રહ્યાં છે. દુનિયામાં અત્યારે સોશિયલ મીડિયાનો પ્રભાવ છે અને સોશિયલ મીડિયા પર એવી વાતો જોરશોરથી ચાલી રહી છે કે, હ્યુમન મેટાપ્યુમો વાઇરસ એચએમપીવીના રૂપમાં કોરોના જેવા જ ભયંકર રોગચાળો દુનિયાના દરવાજે ટકોરા મારી રહ્યો છે તેથી સાવચેત થઈ જજો. બાકી કોરોનાના રોગચાળા વખતે થયેલું એમ લાશોના ઢગ ખડકાઈ જશે ને સારવાર માટે હૉસ્પિટલો પણ ખૂટી પડશે.

બીજી તરફ સરકારી તંત્ર જુદું જ વાજું વગાડી રહ્યું છે. ચીન અને ભારત બંનેની સરકારોએ લોકોને સધિયારો આપ્યો છે કે, ચિંતા કરવાની જરૂર નથી ને જેવો હાઉ ઉભો કરાઈ રહ્યો છે એવો કોઈ ભયંકર વાઇરસ કાળો કેર વર્તાવી રહ્યો નથી. ભારત સરકારના આરોગ્ય મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે, હ્યુમન મેટાપ્યુમો વાઇરસના ચેપના દરમાં કોઈ વધારો જોવા મળ્યો નથી અને સરકાર ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી રહી છે.

ભારત સરકારના ડાયરેક્ટોરેટ જનરલ ઑફ હેલ્થ સર્વિસિસ ડીજીએચએસના અધિકારી ડો. અતુલ ગોયલે લોકોને ચીનમાં હ્યુમન મેટાપ્યુમો વાઇરસ એમના કારણે કોઇ રોગચાળો નથી વકર્યો એવો સધિયારો આપીને લોકોને નહીં ગભરાવાની અપીલ કરી છે. તેમના કહેવા પ્રમાણે તો મેટાપ્યુમો વાઇરસ બીજા વાઇરસની જેમ જ સામાન્ય વાઇરસ જ છે, યમદૂત નથી. હ્યુમન મેટાપ્યુમો વાઇરસના કારણે પણ લોકોને સામાન્ય શરદી થાય છે. બહુ બહુ તો વૃદ્ધ અને ખૂબ જ યુવાન લોકોમાં ફ્લૂ જેવા લક્ષણો જોવા મળી શકે પણ તેના કારણે કોઈ મરતું નથી તેથી ચિંતા કરવાની જરૂર નથી. ભારતીય સ્વાસ્થ્ય મંત્રાલય હેઠળ કાર્યરત નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એનસીડીસી નજર રાખીને બેઠું છે તેથી સ્થિતિ ગંભીર થશે એટલે તરત ચેતવણી આપી જ દેશે.

ચીનમાં ફેલાઈ રહેલા હ્યુમન મેટાપ્યુમો વાઇરસ અંગે ચીનની સરકારે પણ સત્તાવાર નિવેદન બહાર પાડીને લોકોને ખોટો ડર કાઢી નાંખવા કહ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગના કહેવા પ્રમાણે, શિયાળામાં ચીનમાં શ્વસનને લગતા રોગો વકરે જ છે તેથી તેનાથી ડરવાની જરૂર નથી. હ્યુમન મેટાપ્યુમો વાઇરસના ડરના કારણે પ્રવાસીઓ ચીન આવતા બંધ થઈ ગયા છે તેથી તેમણે આશ્વાસન આપતાં તેમણે કહ્યું, છે કે, ચીનની સરકાર ચીનમાં આવનારા ચીની નાગરિકો અને વિદેશીઓના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે તેથી કોઈ પણ ચિંતા વિના તમતમારે ચીનમાં આવો ને આરામથી ફરો.

ભારત અને ચીનની સરકારથી અલગ જ માહોલ સોશિયલ મીડિયા પર જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા લોકો સામે એવું ચિત્ર ઊભું કરે છે કે જાણે આભ તૂટી પડ્યું છે અને હ્યુમન મેટાપ્યુમો વાઇરસ એચએમપીવીના મામલે પણ એવું જ થઈ રહ્યું છે. અત્યારે સોશિયલ મીડિયા પર એવો માહોલ પેદા કરી દેવાયો છે કે, હ્યુમન મેટાપ્યુમો વાઇરસ એચએમપીવી કોરોના કરતાં પણ ખતરનાક છે અને ચીનમાં કાળો કેર વર્તાવી રહ્યો છે. બાળકોની હૉસ્પિટલોમાં ન્યુમોનિયા અને વ્હાઇટ લંગ્સના કેસ વધી રહ્યા છે અને બાળકો ટપોટપ મરી રહ્યાં છે.

ચીનમાં સ્વતંત્ર મીડિયા જેવું કશું છે નહીં ને સરકાર જે માહિતી આપે એ જ બહાર આવે છે છતાં કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ચીનની સ્થિતિ પાંચ વર્ષ પહેલા કોરોના વાઇરસના સંક્રમણ જેવી જ છે. મતલબ કે, લોકો ટપોટપ મરી રહ્યાં છે પણ ચીનની સરકાર આ વાત છુપાવી રહી છે.

સોશિયલ મીડિયાના કહેવા પ્રમાણે, હ્યુમન મેટાપ્યુમો વાઇરસના કારણે ચીનમાં લોકોમાં ભયનું વાતાવરણ છે, હૉસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે ને સ્મશાનોમાં પણ જગા મળતી નથી. સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને ઓનલાઇન વીડિયોમાં વધુ પડતી ભીડવાળી હૉસ્પિટલોનાં દૃશ્યો જોવા મળે છે અને સ્મશોનાના સીન પણ બતાવાઈ રહ્યા છે. તેના કારણે ભારતમાં પણ લોકોમાં ફફડાટ છે. ભારતમાં પણ લોકોમાં ડર ફેલાવીને સોશિયલ મીડિયા પર પોતાની દુકાન ચલાવતા નમૂના મચી પડ્યા છે અને હ્યુમન મેટાપ્યુમો વાઇરસ એચએમપીવીનો ખતરો ભારત પર ઝળુંબી રહ્યો હોવાના દાવા કરી રહ્યા છે.

આ ડરનો માહોલ પેદા કરવામાં સોશિયલ મીડિયા પર જ રચીપચી રહેતી નવરી બજાર પણ યોગદાન આપી રહી છે. જેમને મેડિકલ સાયન્સમાં સાંધાની સૂઝ પડતી નથી એવા કેટલાક યુઝર્સ વળી એવી વાતો ફેલાવી રહ્યા છે કે, ચીનમાં તો એચએમપીવી, ઈન્ફ્લ્યુએન્ઝા એ, માઇકોપ્લાજમા ન્યુમોનિયા અને કોવિડ -૧૯ સહિતના ઘણા વાયરસ એક સાથે ફેલાઈ રહ્યા છે તેમાં લોકોનો ખો નિકળી ગયો છે. આરોગ્ય સેવાઓ પર ભારે દબાણ છે કેમ કે લોકોની સારવાર કરવા માટે પૂરતી સગવડો જ નથી.

કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ચીનની સરકારે આ વાઇરસના કાળા કેરના કારણે દેશભરમાં ઈમરજન્સી જાહેર કરી દીધી છે. ચીનની સરકાર કે ડબ્લ્યુએચઓ દ્વારા મેડિકલ ઈમરજન્સી લદાઈ હોવાની જાહેરાત કરાઈ નથી અને ચીને તો આંતરરાષ્ટ્રીય મીડિયાના આવતા આ અહેવાલને માત્ર અફવા ગણાવીને ફગાવી દીધો છે, છતાં સોશિયલ મીડિયા પર જોરશોરથી આ વાતો ચાલી રહી છે. સોશિયલ મીડિયા વા વાયો ને નળિયું ખસ્યું જેવું કામ કરે છે ને લોકો પણ આ વાતો પર ભરોસો કરી લે છે તેથી આ વાત જોરશોરથી ચાલી રહી છે.

આ બધી વાતોના કારણે લોકો મૂંઝવણમાં છે કેમ કે સરકારી તંત્ર ને સોશિયલ મીડિયા બંનેની વિશ્વસનિયતા સાવ ઝીરો છે. સોશિયલ મીડિયા ને સરકાર બંને જૂઠાણાં ફેલાવવામાં માહિર છે તેથી કોને સાચા માનવા એ લોકો માટે સવાલ છે. લોકોની મૂંઝવણ સમજી શકાય એવી છે ને તેમાંથી નિકળવાનો એક માત્ર ઉપાય સતર્કતા છે.

હ્યુમન મેટાપ્યુમો વાઇરસ એચએમપીવી કંઇક અંશે કોરોના વાઇરસ જેવો જ છે. સામાન્ય રીતે આ વાઇરસના ચેરના કારણે શરદી જેવા લક્ષણો જોવા મળે છે અને મોટે ભાગે નાના બાળકો અને વૃદ્ધોને અસર કરે છે. આ સંજોગોમાં શરદીનાં લક્ષણો થાય તો તરત ડૉક્ટરનો સંપર્ક કરવો એ શ્રેષ્ઠ ઉપાય છે. એચએમપીવીના કેસ માત્ર ચીનમાં જ નોંધાયા છે, ભારત કે અન્ય દેશોમાં કોઇ કેસ મળ્યા નથી અને ચીનમાં આ વાઇરસની ગંભીરતા હજુ પણ અસ્પષ્ટ છે છતાં ભારતમાં લોકો પહેલેથી સાવચેતી રાખે તો કશું થશે નહીં. ખોટું પેનિક કર્યા વિના શાંતિ રાખીને મેડિકલ સારવાર લઈ લેવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, મંગળવાર, તા. ૭-૧-૨૦૨૫, દુર્ગાષ્ટમી, પંચક સમાપ્તિ

- ભારતીય દિનાંક ૧૭, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૭-૪૯ સુધી, પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૭-૪૯ સુધી, પછી મેષમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૮, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સાંજે ક. ૧૬-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૭ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૧૦-૩૮, રાત્રે ક. ૨૨-૨૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, પંચક સમાપ્તિ સાંજે ક. ૧૭-૪૯, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિયોગ સાંજે ક. ૧૭-૫૧થી સૂર્યોદય (પ્રવેશે વર્જ્ય).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,મંગળ-બુધ ગ્રહ દેવતાનું પૂજન,શ્રી દુર્ગામાતા પૂજન, સપ્તષતી પાઠ વાંચન, શીવ પાર્વતી પૂજા, પૂષા દેવતનું પૂજન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, લાલ વસ્ત્રો, આભૂષણ, હજામત, તિથિ પર્વ પૂજા નીમિત્તે નવાં વસ્ત્રો આભૂષણ, નિત્ય થતાં નોકરી-દુકાન વેપાર, પશુ લે-વેચનાં કામકાજ,માલ લેવો. બી વાવવું . પ્રયાણ શુભ, સીમંત સંસ્કાર, ચંદ્ર મંગળનાં અશુભ યોગો હોય તેમણે આજ રોજ મંગળનાં જાપ, શ્રી સુક્તનાં પાઠ,શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક બ્રાહ્મણ પાસેથી કરાવવાં.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુધ્ધી, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૮), ચંદ્ર-મંગળ ચતુષ્કોણ (તા. ૮)
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# અમેરિકામાં પાંચ ભારતીય મૂળના લોકો પર ભારતીય વ્યક્તિની હત્યાનો આરોપ

લાસ વેગાસઃ અમેરિકામાં ૩૫ વર્ષીય ભારતીય વ્યક્તિની હત્યા મામલે પાંચ ભારતીય મૂળના લોકો પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ન્યૂ યોર્કના સાઉથ ઓઝોન પાર્ક નિવાસી ૩૪ વર્ષીય સંદીપ કુમાર પર માન્ચેસ્ટર ટાઉનશીપમાં ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ની આસપાસ કુલદીપ કુમારની હત્યા મામલે હત્યા અને હત્યાના કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ માહિતી શનિવારે ઓશન કાઉન્ટીના પ્રોસિક્યુટર બ્રેડલી બિલહિમર અને ન્યૂ જર્સીના સ્ટેટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ કર્નલ પેટ્રિક કાલાહાને આપી હતી. કુલદીપના મૃત્યુની તપાસમાં બહાર આવ્યું છે કે સંદીપે કુલદીપ કુમારની હત્યાને અંજામ આપવા અન્ય આરોપીઓને મદદ કરી હતી. આ કેસમાં અન્ય આરોપીઓ સૌરવ કુમાર(૨૩), ગૌરવ સિંહ(૨૭), નિર્મલ સિંહ(૩૦) અને ગુરદીપ સિંહ(૨૨) સામેલ છે. આ તમામ ગ્રીનવૂડ, ઇન્ડિયાના રહેવાસી છે. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ માન્ચેસ્ટર ટાઉનશીપમાં ગ્રીનવૂડ વાઇલ્ડલાઇફ મેનેજમેન્ટ વિસ્તારમાં એક મૃત વ્યક્તિના અહેવાલ માટે ઓશન કાઉન્ટી પ્રોસિક્યુટર ઓફિસ મેજર ક્રાઇમ્સ યુનિટનો સંપર્ક કરવામાં આવ્યો હતો. નિવેદનમાં જણાવાયું છે કે કાયદા અમલીકરણ અધિકારીઓ અને જાસૂસોને એક મૃત વ્યક્તિ અત્યંત કોહવાયેલી હાલતમાં મળી આવ્યો હતો. ઓશન કાઉન્ટી મેડિકલ એક્ઝામિનર ઓફિસ દ્વારા હાથ ધરવામાં આવેલા શબપરીક્ષણ મુજબ વ્યક્તિના મૃત્યુનું કારણ છાતીમાં ગોળીબારના અનેક ઘા હતા અને મૃત્યુની રીત હત્યા હતી. આ વ્યક્તિની ઓળખ ભારતના કુલદીપ કુમાર તરીકે થઇ હતી.

# પાક સરકારે કુર્રમમાં બે મહિના માટે કલમ ૧૪૪ લાગુ કરી

પેશાવરઃ ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પુખ્તૂનખ્વાની પ્રાંતીય સરકારે હિંસાગ્રસ્ત કુર્રમ જિલ્લામાં સરકારી કાફલા પરના હુમલા બાદ શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે બે મહિના માટે કલમ ૧૪૪ લાગુ કરી છે. રવિવારે ખૈબર પખ્તુનખ્વાના મુખ્ય પ્રધાન અલી અમીન ગાંડાપુરની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં પાંચ કે તેથી વધુ લોકોના શસ્ત્રો દર્શાવવા અને ભેગા થવા પર પ્રતિબંધ મૂકતા કલમ ૧૪૪ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મીટિંગમાં તારી અને છાપરી વિસ્તારો વચ્ચેના મુખ્ય પારાચિનાર હાઇવે પર તમામ જાહેર સભાઓ અને રેલીઓ પર પ્રતિબંધ મૂકવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બાગાનમાં સરકારી કાફલા પર થયેલા હુમલામાં ડેપ્યુટી કમિશનર જાવેદુલ્લા મહેસુદ અને અન્ય સાત લોકો ઘાયલ થયા હતાં.

૨૧ નવેમ્બર અને ૨ ડિસેમ્બરની વચ્ચે જિલ્લામાં ૧૩૩ લોકો માર્યા ગયા હતા. સાંપ્રદાયિક અથડામણોને પગલે લડતા અલીઝાઈ અને બાગાન જાતિઓ વચ્ચે શાંતિ કરાર થયાના દિવસો પછી શનિવારે ફરી આ હુમલો થયો હતો.

# સીએમ આતિશીનો વિધાનસભા ચૂંટણી પહેલા નવી દિલ્હી મતવિસ્તારમાં 'મતદાર કૌભાંડ'નો આક્ષેપ

નવી દિલ્હીઃ દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશીએ સોમવારે નવી દિલ્હી મતવિસ્તારમાં 'મતદાર કૌભાંડ'નો આક્ષેપ કર્યો હતો, જ્યાંથી આપ સુપ્રીમો અરવિંદ કેજરીવાલ આગામી વિધાનસભા ચૂંટણી લડી રહ્યા છે.

એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આતિશીએ દાવો કર્યો કે નવી દિલ્હી મતવિસ્તારની મતદાર યાદીમાં છેલ્લા કેટલાક દિવસોમાં ૧૦ ટકા નવા મતદારો ઉમેરવામાં આવ્યા છે અને ૫.૫ ટકા મતદારોનાં નામ કાઢી નાખવામાં આવ્યા છે. મુખ્ય પ્રધાને આ મામલે ચૂંટણી પંચની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે આમાં પંચની ભૂમિકા શંકાસ્પદ છે કારણ કે તેઓએ આ મામલે તપાસ કરી નથી. તેમણે કહ્યું કે મેં નવી દિલ્હી વિધાનસભામાં આ કૌભાંડ અંગે મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખ્યો છે અને અમારી ચિંતાઓને દૂર કરવા માટે સમય માગ્યો છે.

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને રાજ્યસભાના સાંસદો રાઘવ ચઢ્ઢા અને સંજય સિંહ, જેઓ પ્રેસ કોન્ફરન્સમાં હાજર હતા તેમણે પણ આવા જ દાવા કર્યા હતા. સંજય સિંહે દાવો કર્યો હતો કે તેમની પત્ની અનિતા સિંહનું નામ મતદાર યાદીમાંથી હટાવવા માટે અરજી કરવામાં આવી હતી. અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળ આપ પ્રતિનિધિમંડળ ૧૧ ડિસેમ્બરે દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા મતદારોનાં નામ મોટા પાયે કાઢી નાખવાના આરોપોને લઇને ચૂંટણી પંચને મળ્યા હતા.

ફેબ્રુઆરીમાં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ કથિત મતદાર યાદીમાંથી નામો હટાવવાનો મુદ્દો વિવાદાસ્પદ બન્યો છે. છેલ્લી ચૂંટણીમાં ૭૦ થી ૬૨ બેઠકો જીત્યા બાદ આપ સતત ત્રીજી વખત સત્તામાં આવવાનું લક્ષ્ય ધરાવે છે.

# કાશ્મીર ખીણમાં હિમવર્ષા બાદ પુનઃસ્થાપનનું કામ પૂરજોશમાંઃ મુખ્ય પ્રધાન

શ્રીનગરઃ કાશ્મીર ખીણમાં હિમવર્ષા બાદ પુનઃસ્થાપન કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. તેમ જ તેના પર ઝીણવટપૂર્વક દેખરેખ રાખવામાં આવી રહી હોવાનું જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ સોમવારે જણાવ્યું હતું.

કાશ્મીર ખીણ અને જમ્મુ વિભાગના કેટલાક વિસ્તારોમાં રવિવારે મધ્યમથી ભારે હિમવર્ષા થઇ હતી. જેના કારણે ઘણા વિસ્તારોમાં રસ્તાઓ બંધ થઇ ગયા હતા અને વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. અબ્દુલ્લાએ એક્સ પર જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં રવિવારે થયેલી હિમવર્ષા બાદ ખાસ કરીને ખીણમાં પુનઃનિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેના પર ઝીણવટપૂર્વક નજર રાખવામાં આવી રહી છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે હાલમાં ખીણમાં ૧૨૦૦ મેગાવોટ વીજળીનો વપરાશ થઇ રહ્યો છે, જેમ જેમ દિવસ આગળ વધશે તેમ તેમ તેમાં વધારો થશે. બરફ હટાવવાનું કામ ચાલી રહ્યું છે અને પ્રાથમિકતાવાળા રસ્તાઓ પર તાત્કાલિક ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે પ્રધાનો સકીના ઇટૂ અને જાવેદ ડાર તથા મુખ્ય પ્રધાનના સલાહકાર નાસિક અસલમ જમીની સ્થિતિની સમીક્ષા કરવા જિલ્લાઓની મુલાકાત લેશે.

# બીપીએસસી પરીક્ષા વિવાદ : પ્રશાંત કિશોરની પટણામાં ધરપકડ

પટણા : બિહાર પબ્લિક સર્વિસ કમિશન (બીપીએસસી) પરીક્ષાને રદ કરવાની માગણીના સમર્થનમાં ગાંધી મેદાનમાં આમરણાંત ઉપવાસ કરી રહેલા જન સુરાજના સંસ્થાપક પ્રશાંત કિશોરની સોમવારે સવારે ધરપકડ કરવામાં આવી હતી, એવી માહિતી ટોચના અધિકારીએ આપી હતી. પોલીસે પ્રશાંત અને તેમના ટેકેદારોને ધરણાંના સ્થળેથી હટાવ્યા હતા. પ્રશાંતના ટેકેદારોના કહેવા મુજબ પોલીસ પ્રશાંતને તબીબી પરીક્ષણ માટે પટણા એઈમ્સમાં લઈ ગઈ હતી.

પટણા જિલ્લા મેજિસ્ટ્રેટ ચંદ્રશેખર સિંહના જણાવ્યા પ્રમાણે પ્રશાંત અને તેમના ટેકેદારો ગાંધી મેદાનમાં ધરણાં કરી રહ્યા હતા. પોલીસે સોમવારે સવારે તેમની ધરપકડ કરી હતી. તેમને અદાલત સમક્ષ હાજર કરવામાં આવશે. (એજન્સી)

# આસામમાં કોલસાની ખાણમાં પાણી ઘૂસ્યું, અનેક સપડાયા

ગુવાહાટી : આસામના દીમા હસાઓ જિલ્લામાં કોલસાની ખાણમાં પાણી ઘૂસી જતાં અનેક ખાણીયાઓ ફસાયા હોવાનું અધિકારીઓએ કહ્યું છે. બનાવ જિલ્લાના ઉમરાન્ગશુના ત્રણ કિલોમીટર એરીયામાં આવેલી આસામ કોલ ક્વેરીમાં બન્યો હતો.

ક્વેરીના કર્મચારીના કહેવા મુજબ ખાણમાં ૧૫ જેટલા ખાણીયા હતા. જોકે સત્તાવાળાઓએ આ સંખ્યાને સમર્થન કર્યું નથી.

મુખ્ય પ્રધાન હિમંતા બિસવા શર્માએ નએક્સથ પર મુકેલી પોસ્ટમાં કહ્યું હતું કે ઉમરાન્ગશુથી દુખદ સમાચાર. ત્યાં ખાણિયા ખાણમાં સપડાઈ ગયા છે. ડીસી, એસપી અને મારા સહયોગી કૌશીક રાઈ ઘટનાસ્થળે પેહોંચી ગયા છે. હું દરેકની સુરક્ષા માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું. બચાવ કાર્યમાં લશ્કરની મદદ માગવામાં આવી છે. સ્ટેટ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ અને નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સના લોકો પણ ત્યાં પહોંચી રહ્યા છે.

પોલીસ સુપરિન્ટન્ડન્ટ મયંક ઝાએ કહ્યું હતું કે અનેક ખાણિયા ફસાયા હોવાની આશંકા છે.

સાક્ષીઓના કથન અને શરૂઆતની સમીક્ષા સૂચવે છે કે ખાણમાં પાણી ઓચિંતુ આવી ગયું હતું અને ખાણિયાઓને છટકવાનો મોકો મળ્યો નહોતો. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ચીનની બીમારીનું

દરમિયાનગીરી કરશે. દરમિયાન કર્ણાટકના આરોગ્ય પ્રધાન દિનશ ગુંડુ રાવે કહ્યું હતું કે આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી. હાલમાં જે કેસ આવ્યા છે એ દેશમાં પહેલેથી હયાત રહેલા જૂના વાઈરસના સ્ટેન્ટના છે. આ વાઈરસ જીવનને ભયમાં મૂકનારો નથી.

કર્ણાટકમાં જે બે બાળકો આ વાઈરસથી ચેપગ્રસ્ત હોવાનું નિદાન કરાયા હતા તેઓ નોર્મલ છે. તેમણે લોકોને સામાન્ય અગમચેતીના પગલાં લેવાનું કહ્યું હતું. આ વાઈરસ મુખ્યત્વે બાળકોને પ્રભાવિત કરે છે અને એ કોવિડ-૧૯ના વાઈરસ જેટલો ઝડપથી પ્રસરતો નથી. (એજન્સી)

### શૅરબજાર કેશ

સેન્સેક્સ આજે ૭૯,૨૮૧.૬૫ પર ખુલ્યો હતો. જ્યારે ૧૨૬૦ પોઈન્ટથી વધુના ઘટાડા બાદ તે ૭૭,૯૫૯.૯૫ પોઈન્ટ પર આવી ગયો હતો.

બપોર સુધીના આંકડા મુજબ આજે બીએસઈમાં ૨૩૫ કંપનીઓના શૅરમાં અપર સર્કિટ લાગી હતી. જ્યારે ૩૯૬ કંપનીઓના શૅરમાં નીચલી સર્કિટ છે.

નિફ્ટીમાં ૭૭ કંપનીઓના શૅર અપર સર્કિટમાં હતા. જ્યારે ૧૪૪ કંપનીઓના શૅરમાં લોઅર સર્કિટ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો ચીનમાંથી નીકળેલા એચએમપીવી વાયરસ દેશમાં કોરોનાની જેમ ફેલાઈ જાય છે તો સરકાર તેની તપાસનો વ્યાપ વધારી શકે છે. જેનો ફાયદો ડાયગ્નોસ્ટિક કંપનીઓને થઈ શકે છે.

### કેનેડાના વડા પ્રધાન

હતી. પણ ૫૩ વર્ષના ટ્રુડો છેલ્લાં કેટલાક સમયથી અનેક વિવાદોમાં સપડાયા હોવાથી અંતે તેમણે રાજીનામું આપવું પડ્યું હતું. અન્ન અને હાઉસિંગની વધતી કિંમત અને ઈમિગ્રેશનનો મુદ્દો ચગ્યો એ જસ્ટીન ટ્રુડોના પતનનું કારણ બન્યા હતા. કેનેડાના વડા પ્રધાન જસ્ટીન ટ્રુડો અને તેમની ભારત વિરોધી નીતિને કારણે કેનેડા અને ભારત વચ્ચેના સંબંધોમાં પણ ઘણા સમયથી તણાવ જોવા મળ્યો હતો. ખાલિસ્તાની સમર્થકની હત્યા અંગે તેમણે ભારત વિરુદ્ધ કરેલા નિવેદનથી ભારત સાથેના સંબંધમાં કડવાશ જોવા મળી હતી.

### રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન

શુભ અવસર પર અમે મહાન ગુરુની અજોડ હિંમત, જ્ઞાન અને બલિદાનનું સન્માન કરીએ છીએ. તેમના ઉપદેશો આપણને ન્યાય, સમાનતા અને નિઃસ્વાર્થ સેવાને જાળવી રાખવા માટે પ્રેરણા આપે છે. પીએમ મોદીએ કહ્યું કે ગુરુ ગોવિંદ સિંહના વિચારો લોકોને પ્રગતિશીલ, સમૃદ્ધ અને દયાળુ સમાજ બનાવવાની પ્રેરણા આપે છે.

### એ સમય દૂર નથી

ટ્રેનોની માગ વધી રહી છે. તેમણે કહ્યું કે ૫૦થી વધુ રૂટો પર ૧૩૬થી વધુ વંદે ભારત ટ્રેનો દોડી રહી છે. તેણે તાજેતરના ટ્રાયલ રનનો ઉલ્લેખ કર્યો, જેમાં ટ્રેન ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી હતી. એ સમય દૂર નથી જ્યારે ભારતમાં પહેલી બુલેટ ટ્રેન દોડશે.

છેલ્લા કેટલાક દિવસોમાં મોદીએ અનેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લોન્ચ કર્યા છે. તેમણે કહ્યું કે ભારતે નવા વર્ષમાં કનેક્ટિવિટીમાં ઝડપી ગતિ જાળવી રાખી છે. સોમવારે શરૂ કરાયેલા પ્રોજેક્ટ્સ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે દેશના ઘણા ભાગો માટે 'નવા યુગની કનેક્ટિવિટી'નો આ એક મોટો દિવસ છે. તેમણે કહ્યું કે સમગ્ર દેશ સાથે મળીને આગળ વધી રહ્યો છે અને આ જ 'સબકા સાથ, સબકા વિકાસ' છે.

### છત્તીસગઢમાં

નક્સલવાદીમાંથી ભરતી કરવામાં આવે છે. આઈપીએસ ઑફિસરે માહિતી આપી હતી કે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. સુરક્ષા ચોકિયાતોની સંયુક્ત ટીમે ત્રણ દિવસ નારાયણપુર, દંતેવાડા અને બિજાપુરના જિલ્લાની સરહદે કરેલા નક્સલવાદીવિરોધી ઓપરેશનમાં ભાગ લીધો હતો. આ ઓપરેશનમાં પાંચ નક્સલવાદી માર્યા ગયાં હતાં અને ડીઆરજીનો એક હેડ કોન્સ્ટેબલ શહીદ થયો હતો.

સુંદરરાજે ઉમેર્યું હતું કે ઓપરેશન પછી ડીઆરજીના પોલીસો દંતેવાડાથી પાછા ફરી રહ્યા હતા ત્યારે કતરુ વિસ્તારમાં હુમલો કરવામાં આવ્યો હતો. આ સ્થળ રાજ્યની રાજધાની રાયપુરથી ૪૦૦ કિલોમીટર દૂર છે. સ્પોટના વિઝ્યુઅલ બતાડે છે કે ઘટનાસ્થળે રોડમાં તિરાડ પડી હતી અને ૧૦ ફૂટથી પણ વધારે ઊંડો ખાડો પડ્યો હતો. ધડાકામાં વાહનના ફૂરચા ઊડી ગયા હતા. શરીરનાં છૂટાછવાયાં અંગો પ્લાસ્ટિક શીટમાં રાખવામાં આવ્યાં હતાં. વાહનનો એક ભાગ નજીકના ઝાડ પર લટકેલો જોવા મળ્યો હતો. ડીઆરજીના પોલીસ અને ડ્રાઈવરના મરણ અંગે શોક વ્યક્ત કરતાં મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઈએ કહ્યું હતું કે નક્સલવાદીઓ બસ્તરમાં ચાલતા નક્સલવાદવિરોધી ઓપરેશનથી નાસીપાસ થયા છે. આથી તેઓ આવા કાયર હુમલા કરે છે. જવાનોનું બલિદાન એળે નહીં જાય.

કુતરુ જિલ્લામાં આઈડી બ્લાસ્ટમાં આઠ જવાન અને ડ્રાઈવરની શહાદતના સમાચાર ખેદજનક છે. શહીદોના કુટુંબ પ્રત્યે મારી સહાનુભૂતિ છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેમના આત્માને શાંતિ મળે. મૃતકોના કુટુંબને આ ખોટને સહન કરવા ભગવાન શક્તિ આપે. (એજન્સી)

# પોપ ફ્રાન્સિસે વેટિકનના પ્રમુખ કાર્યાલયના નેતૃત્વ માટે પ્રથમવાર મહિલાને કરી નોમિનેટ

રોમઃ પોપ ફ્રાન્સિસે સોમવારે એક પ્રમુખ વેટિકનની કાર્યાલયનું નેતૃત્વ કરનારી પ્રથમ મહિલાના નામની જાહેરાત કરી હતી. જેમાં ઇટાલિયન નન, સિસ્ટર સિમોના બ્રૈમ્બિલાને કેથોલિક ચર્ચના તમામ ધાર્મિક આદેશો માટે જવાબદાર વિભાગના 'પ્રીફેક્ટ' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ નિમણૂક ફ્રાન્સિસના ચર્ચના સંચાલનમાં મહિલાઓને વધુ નેતૃત્વની ભૂમિકા આપવાના ઉદ્દેશ્યમાં આ એક મોટું પગલું છે. જ્યારે વેટિકનની કેટલીક ઓફિસોમાં મહિલાઓને બીજા સ્થાન પર રાખવામાં આવ્યા છે. આ અગાઉ ક્યારેય પણ કોઇ મહિલાને કેથોલિક ચર્ચના કેન્દ્રીય સંચાલક અંગ, હોલી સી ક્યૂરિયાના કોઇ પણ ડિકાસ્ટરી અથવા મંડળના પ્રીફેક્ટ બનાવવામાં આવ્યા નથી. બ્રૈમ્બિલાની નિમણૂકના ઐતિહાસિક પ્રકૃતિની પુષ્ટી વેટિકન મીડિયાએ કરી હતી જેણે પોતાના રિપોર્ટનું ટાઇટલ ''સિસ્ટર સિમોના બ્રૈમ્બિલા વેટિકનમાં પ્રથમ મહિલા પ્રીફેક્ટ છે.''

વેટિકનના દૈનિક બુલેટિનમાં જાહેર કરાયેલી નિમણૂકમાં બ્રૈમ્બિલાને પ્રથમ 'પ્રીફેક્ટ' અને ફર્નાન્ડિઝને બીજા સ્થાન પર તેમના 'પ્રો-પ્રીફેક્ટ'ના રૂપમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે જે ધાર્મિક રીતે આવશ્યક છે કારણ કે પ્રીફેક્ટ માસની ઉજવણી કરવા અને અન્ય ધાર્મિક કાર્યો કરવામાં સક્ષમ હોવા જોઇએ જે વર્તમાનમાં ફક્ત પુરુષો દ્વારા કરવામાં આવી શકે છે.

આ કાર્યાલયને સત્તાવાર રીતે ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોન્સેક્રેટેડ લાઇફ એન્ડ સોસાયટીઝ ઑફ એપોસ્ટોલિક લાઇફ માટે 'ડિકાસ્ટરી'ના રૂપમાં ઓળખવામાં આવે છે. તે વેટિકનમાં સૌથી મહત્ત્વપૂર્ણ કાર્યાલય છે. તે જેસુઈટ્સ અને ફ્રાન્સિસ્કન્સથી લઇને નાના નવા આંદોલનો સુધી તમામ ધાર્મિક આદેશ માટે જવાબદાર છે. ૫૯ વર્ષીય બ્રૈમ્બિલા કંન્સોલાટા મિશનરીઝ ધાર્મિક આદેશના સભ્ય છે અને ગયા વર્ષથી ધાર્મિક આદેશ વિભાગમાં બીજા નંબરના અધિકારીના રૂપમાં કાર્ય કરી રહ્યા હતા.

# અમદાવાદમાં સારવાર લઈ રહેલા એચએમપીવી સંક્રમિત બાળક અંગે મ્યુનિ. તંત્ર અજાણ

### હૉસ્પિટલને નોટિસ ફટકારશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચીનના ખતરનાક એચએમપીવી વાયરસની ગુજરાતમાં પણ એન્ટ્રી થતાં તંત્ર એલર્ટ બન્યું છે. અમદાવાદમાં એચએમપીવીનો શંકાસ્પદ કેસ નોંધાયો હતો. બે મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને બાળકને અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ હૉસ્પિટલમાં દાખલ કરાયો છે. ખાનગી લેબમાં બાળકનો એચએમપીવી રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ બાળક મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના સાવલા તાલુકાના રિચા ગામનું છે. જેને અગાઉ મોડાસા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. બે મહિનાના બાળકની તબિયત હાલ સ્થિર છે.

જોકે આ બાળકને અમદાવાદની ઓરેન્જ હૉસ્પિટલમાં ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના દાખલ કરાયો હતો. આ બાળકનો રિપોર્ટ ૨૬ ડિસેમ્બરે આવ્યો હતો, પરંતુ હૉસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા અમદાવાદ મનપા આરોગ્ય અધિકારી સુધી કે અન્ય રાજ્યના આરોગ્ય વિભાગ સુધી જાણ કરાઈ નહોતી. એએમસીના આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, હૉસ્પિટલ મૅનેજમેન્ટ દ્વારા આવા મહામારીમાં બેદરકારી દાખવવા બદલ નોટિસ પાઠવવામાં આવશે. આવા મહત્ત્વના કેસમાં હૉસ્પિટલ દ્વારા કૉર્પોરેશનને મોડી જાણ કરવા બદલ નોટિસ આપી ખુલાસો માગવામાં આવશે. ■

# અમદાવાદ ફ્લાવર શોમાં ત્રણ દિવસમાં ૧.૫૮ લાખ લોકો ઊમટ્યાઃ મનપાને ફ્લાવર શોથી ₹ ૪.૯૨ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા આયોજિત ફ્લાવર શોને જબરદસ્ત લોકપ્રતિસાદ મળી રહ્યો છે. સાબરમતિ રિવરફ્રન્ટ પર ૩ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. મળતી વિગતો મુજબ છેલ્લા ત્રણ દિવસમાં ફ્લાવર શોની ૧.૫૮ લાખ લોકોએ મુલાકાત લીધી હતી. રવિવારના દિવસે ૯૫૦ લોકોએ રૂા. ૫૦૦ની વીઆઈપી ટિકિટ ખરીદી હતી, જ્યારે રવિવારના દિવસે ૯૦,૬૯૩ લોકોએ મુલાકાત લીધી હતી. ૩ દિવસમાં ૧.૫૮ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી છે. આમ છેલ્લા ત્રણ દિવસમાં જ મ્યુનિ.ને કુલ ૪.૯૨ કરોડ રૂપિયાની આવક થઈ ગઈ છે. રવિવારે સૌથી વધુ ૯૦,૬૯૩ લોકો શો જોવા આવ્યા હતા. જેના દ્વારા મ્યુનિ.ને ૮૨.૫૫ લાખની આવક થઈ હતી.

જે લોકોને ભીડ પસંદ ન હોય, તે લોકો માટે અલગથી સમય આપવામાં આવ્યો છે. આ માટેની ૫૦૦ રૂપિયા ટિકિટ નક્કી કરવામાં આવી છે. જ્યારે ફ્લાવર શો શરૂ થયો એટલે કે ૩જી તારીખે કુલ ૨૧,૦૧૪ લોકોએ મુલાકાત લીધી હતી. જ્યારે પ્રીમિયમ સમયમાં ૪૦૩ લોકોએ મુલાકાત લીધી હતી અને તેનાથી ૨.૧૦ લાખની આવક થઈ હતી.

બીજા દિવસે ૩૬,૩૫૬એ મુલાકાત લીધી હતી. જ્યારે ૯૫૦ લોકોએ પ્રીમિયમ સમયમાં મુલાકાત લીધી હતી. તેનાથી ૪.૭૫ લાખની આવક થઈ હતી.

આમ અત્યાર સુધી એટલે કે ૩ તારીખથી ૬ તારીખ એટલે કે, ૩ દિવસમાં અમદાવાદ મહાનગરપાલિકાને ૪.૯૨ કરોડની આવક થઈ છે. આ ત્રણ દિવસમાં ૧.૫૮ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મનપા દ્વારા ફ્લાવર શો પાછળ ૧૫.૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ■

# ગુજરાતમાં એક વર્ષમાં સ્વાઇન ફ્લૂથી પંચાવન વ્યક્તિએ જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્વાઇન ફ્લૂ જીવલેણ બની રહ્યો છે, રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં સ્વાઇન ફ્લૂથી ૫૫ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. એક વર્ષમાં સ્વાઇન ફ્લૂથી સૌથી વધુ મૃત્યુ થયાં હોય તેવાં રાજ્યોમાં મહારાષ્ટ્ર, કેરળ બાદ ગુજરાત ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં નવેમ્બર ૨૦૨૪ સુધી સ્વાઇન ફ્લૂના ૧૯૯૯ કેસ નોંધાયા હતા. સ્વાઇન ફ્લૂના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવાં રાજ્યોમાં કર્ણાટક ૩૪૮૯ સાથે મોખરે, કેરળ ૩૩૦૭ સાથે બીજા, દિલ્હી ૩૧૧૨ સાથે ત્રીજા, મહારાષ્ટ્ર ૨૦૫૭ સાથે ચોથા જ્યારે ગુજરાત પાંચમા સ્થાને છે.

ગુજરાતમાં ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪માં સ્વાઇન ફ્લૂના કેસમાં ૮ ગણો વધારો નોંધાયો હતો. ૨૦૨૩માં ગુજરાતમાં ૨૧૨ લોકો સ્વાઇન ફ્લૂથી સંક્રમિત થયા હતા અને ૩ વ્યક્તિનાં મૃત્યુ થયાં હતાં. વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૪ સુધી ગુજરાતમાં સ્વાઇન ફ્લૂના ૧૧૧૭૮ કેસ નોંધાયા હતા જ્યારે ૩૮૧ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. ડૉક્ટરોએ પણ સ્વીકાર્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષની સરખામણીએ ૨૦૨૪માં સ્વાઇન ફ્લૂના કેસમાં વધારો થયો હતો. ઘણા કેસમાં લાંબા સમયની કફની સમસ્યા બાદ દર્દીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે ત્યારે તેમાં એચ૧એન૧નું નિદાન થયું હતું. ■

# વલસાડમાં વહેલી સવારે ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો

### લોકોમાં ફફડાટ વ્યાપી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કચ્છ જિલ્લામાં અવાર-નવાર ભૂકંપના આંચકા અનુભવાય છે, જોકે વલસાડમાં વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, જેની તીવ્રતા ૩.૭ નોંધવામાં આવી હતી. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરહદે આવેલા મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના તલાસરીનાં કેટલાંક ગામો સહિત આજુબાજુમાં વહેલી સવારે બે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. વલસાડમાં વહેલી સવારમાં એક પછી એક બે હળવા આંચકાથી લોકો ઘર બહાર આવી ગયા હતા. પાલઘર જિલ્લાના બોરડી દાંપચેરી તલાસરીમાં ભૂકંપના આંચકા લાગ્યા હતા. લગભગ સાડા ચાર વાગ્યા આસપાસ ૩.૭ રિક્ટર સ્કેલ પર બે આંચકા આવ્યાનું જાણવા મળ્યું હતું. ભૂકંપના આંચકા અનુભવાતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા અને આસપાસના વિસ્તારના લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

મળતી વિગતો અનુસાર વહેલી સવારે વલસાડમાં ૪:૩૫ વાગે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેની તીવ્રતા ૩.૭ નોંધવામાં આવી હતી. જેનું એ.પી. સેન્ટર વલસાડથી ૩૯ કિમી દૂર નોંધાયું હતું. ઊંચી બિલ્ડિંગોમાં રહેતા લોકોએ ભૂકંપ અનુભવ્યો હતો. મહારાષ્ટ્ર બૉર્ડર નજીક આવેલાં ગામોમાં ભૂકંપ અનુભવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના કચ્છમાં આ એક અઠવાડિયામાં ત્રણ વાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શનિવારે (૪ જાન્યુઆરી) સાંજે ૪:૩૭ વાગ્યે ૩.૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. કચ્છના દૂધઈથી ૨૮ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિન્દુ નોંધાયું હતું. એક જ અઠવાડિયામાં ત્રીજી વાર ભૂકંપનો ઝટકો આવતાં સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો હતો. આ પહેલાં શુક્રવારે (૩ જાન્યુઆરી) અને બુધવારે (૧ જાન્યુઆરી) પણ ભૂકંપનો ઝટકો નોંધાયો હતો. ■

# પાટીદાર દીકરી મુદ્દે ઈટાલિયા આક્રમકઃ ગુજરાતનો આત્મા જાગવો જોઈએ કહી પોતાને જ પટ્ટા માર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીની પાટીદાર દીકરી પાયલ ગોટી મુદ્દે ગોપાલ ઈટાલિયા આક્રમક જોવા મળ્યા હતા. પોલીસે દીકરીને પટ્ટા માર્યા હોવાથી ગોપાલ ઈટાલિયાએ પણ એક કાર્યક્રમમાં પોતાની જાતે જ શરીર પર પટ્ટા માર્યા હતા. ઈટાલિયાએ કહ્યું, પોલીસે દીકરીને પટ્ટા માર્યા તો હું પોતાને પટ્ટા મારીશ. ગોપાલ ઈટાલિયાએ કહ્યું હતું કે, ગુજરાતનો આત્મા જાગવો જોઈએ... દીકરીને પોલીસ કેવી રીતે પટ્ટા મારી શકે તેમ કહી પોતાને જ પટ્ટા માર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં દીકરીઓ પર અત્યાચાર સાંખી નહીં લેવાય. અમરેલીની નિર્દોષ દીકરીને અમરેલી પોલીસે બેરહમીથી પટ્ટા માર્યા હતા ત્યારે ગોપાલ ઈટાલિયાએ ન્યાય ન અપાવી શક્યા બદલ પોતાને જાહેર મંચ પર પટ્ટા મારીને સજા કરી હતી. આ રીતે ઈટાલિયાએ ગુજરાતનો આત્મા જગાડવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન અમરેલી લેટરકાંડની પીડિતા પાયલ ગોટી સાથે કૉંગ્રેસ નેતાઓ પરેશ ધાનાણી અને પ્રતાપ દૂધાતે ઘરે જઇને મુલાકાત કરી હતી. પીડિતાએ ૩ દિવસ દરમિયાન પોલીસે તેની સાથે કેવું અમાનુષી વર્તન કર્યું તેની આપવીતી જણાવી હતી. આ દરમિયાન પીડિત દીકરીએ કહ્યું કે, પોલીસે તેને ડરાવી હતી અને પગમાં પટ્ટા માર્યા હતા. આ નિવેદન બાદ આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલિયાએ એક કાર્યક્રમમાં જાહેર મંચ પરથી પોતાની જાતને જ પટ્ટા મારીને કહ્યું હતું, કે ગુજરાતનો આત્મા જાગવો જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર પ્રકરણની શરૂઆત એક નકલી લેટરપેડથી થઈ હતી, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

આ લેટરપેડમાં ધારાસભ્ય કૌશિક વેકરિયા પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા, જેના કારણે તેમના સમર્થકો ગાંધીનગર સુધી રજૂઆત કરવા પહોંચ્યા હતા. આ મામલો જિલ્લા પોલીસ વડા સુધી પહોંચતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમ સહિતની ટીમોએ તપાસ શરૂ કરી હતી અને ધારાસભ્યને બદનામ કરવાનું કાવતરું ઘડનારા ભાજપના પૂર્વ હોદ્દેદાર સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી. પોલીસ પાયલ ગોટીને લઈ ગઈ હતી અને તેને માર મારવામાં આવ્યો હોવાનો પાયલે પોલીસ પર આરોપ લગાવ્યો હતો. ■

# ઉદ્યોગપતિ કરસન પટેલને હાર્દિક પટેલનો જવાબ

### પાટીદાર આંદોલન ગરીબ પરિવારો માટે હતું, કરસન પટેલને આ ખબર ન પડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પાટીદાર આંદોલન ફરી ચર્ચાનો મુદ્દો બન્યું છે. રાજ્યના જાણીતા ઉદ્યોગપતિ અને નિરમા કંપનીના માલિક કરસન પટેલે પાટણ ખાતે લેઉવા પાટીદાર સમાજના ઈનામ વિતરણ કાર્યક્રમમાં કરસન પટેલે હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે પાટીદાર આંદોલન અંગે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ આંદોલનથી પાટીદાર સમાજને કશું જ મળ્યું નથી. આ આંદોલનથી સમાજના યુવાનો શહીદ થયા છે. આ આંદોલનથી પાટીદારની દીકરી મુખ્ય પ્રધાનપદે હતી તેને પણ પદ છોડવું પડ્યું હતું. આ આંદોલન અનામતનું હતું કે કોઈને કાઢવાનું હતું. પટેલો પટેલોને જ કાઢે એ શક્ય નથી. આ એક સંશોધનનો વિષય છે.

કરસન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, અમારો પાટીદાર સમાજ એટલે ખેડૂત અને ખેડૂતોએ કોઈ દિવસ કોઈની સામે હાથ લંબાવ્યો નથી. આ સાથે જ પાટીદાર આંદોલનના રાજકીય લાભ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું છે કે, 'પાટીદાર અનામત આંદોલનમાં આપણા યુવાનો શહીદ થયા અને જેમણે આંદોલન કર્યું હતું તેમણે પોતાનો રાજકીય રોટલો શેકી ખાધો. તેનાથી સમાજને કોઈ ફાયદો થયો નથી. તેમના આ નિવેદન બાદ ભરશિયાળે રાજકીય માહોલ ગરમાયો છે. જોકે, તેમના આ નિવેદન બાદ અનેક પાટીદાર નેતાઓએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

કરસન પટેલના આ નિવેદન અંગે પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો રહેલા તેમ જ હાલ વિરમગામના ધારાસભ્ય, હાર્દિક પટેલે પણ પ્રતિક્રિયા આપી હતી. હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલનથી સમાજને શું મળ્યું એ કરશનભાઈને ન ખબર હોય. કારણ કે, તેઓ કરોડપતિ છે અને આ આંદોલન ગરીબ પાટીદાર પરિવારો માટે હતું. આંદોલનના કારણે માત્ર પાટીદાર સમાજ જ નહીં, પરંતુ દરબાર, બ્રાહ્મણ, લુહાણા અને જેમને અનામતનો લાભ નહોતો મળતો એવી ૫૦થી વધુ જ્ઞાતિને ૧૦૦૦ કરોડની યુવા સ્વાવલંબન યોજના મળી છે. બિન અનામત આયોગ અને નિગમ મળ્યું તેમ જ આર્થિક નબળા પાટીદારોને ૧૦ ટકા અનામત મળી શકી. છેલ્લાં ત્રણથી ચાર વર્ષમાં હજારો યુવાનો આ યોજનાના કારણે મફતમાં ભણી રહ્યા છે અને નોકરીએ લાગી રહ્યા છે. કરશનભાઈ જેવા અનેક એવા આગેવાનો છે જે પાટીદાર સમાજને કડવા-લેઉવામાં વેચી રહ્યા છે. આવા આગેવાનોને ઓળખવાની જરૂર છે. આ આગેવાનો સમાજની એકતા નથી જોઈ શકતા, સમાજ એક થાય તો આવા આગેવાનોનો મોભો દબાઈ જાય છે.

આ અંગે સરદાર પટેલ ગ્રુપ (એસપીજી)ના અધ્યક્ષ લાલજી પટેલે પણ નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કરશનભાઈએ કહ્યું હતું કે પાટીદાર આંદોલનથી કેટલાક લોકોએ રાજકીય રોટલા શેક્યા એ એક નગ્ન સત્ય છે જ, પણ આંદોલનથી ફાયદો નથી એવું કહ્યું એ વાતનું દુઃખ છે. આંદોલનમાં ૧૪ દીકરા શહીદ થઈ ગયા અને હજુ પણ કેટલાક ભાઈઓ પર કેસ ચાલે છે. ■

# રાજકોટ ટીઆરપી અગ્નિકાંડ કેસમાં ઈડીની એન્ટ્રીઃ પૂર્વ ટીપીઓ સાગઠિયાની કરશે પૂછપરછ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેનાર ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસના આરોપી પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયા બાદ તેની મિલકત ટાંચમાં લેવા હુકમ કર્યો હતો, જોકે હવે આ મામલે ઇડી પણ તપાસમાં ઝંપલાવશે. કોર્ટ દ્વારા મનસુખ સાગઠિયાની પૂછપરછ માટે કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને મંજૂરી આપવામાં આવી હતી. જેથી પૂર્વ ટીપીઓ સાગઠિયા પર સકંજો કસવા ઈડીની ટીમે રાજકોટમાં ધામા નાખ્યા છે. જેલમાં બંધ સાગઠિયાની મુશ્કેલીમાં વધારો થયો છે. ઈડી જેલમાં જઈ સાગઠિયાની પૂછપરછ કરશે. તે ઉપરાંત ઈડીની ટીમ સાગઠિયાની સરકારી એટલે કે મનપા કચેરી સ્થિત ઑફિસ અને ખાનગી ઑફિસ, ઘર, ફ્લૅટ, પેટ્રોલ પંપ જેવાં તેનાં મહત્ત્વનાં ઠેકાણાઓ પર સર્ચ કરે તેવી શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મનસુખ સાગઠિયા સામે સરકારે લાલ આંખ કરી સાગઠિયા અને તેના પરિવારજનોના નામે વસાવેલી ૨૩.૧૫ કરોડની મિલકત ટાંચમાં લેવા સરકારે આદેશ કર્યો હતો. સાગઠિયાએ ફરજ દરમિયાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરી ગેરકાયદેસર રીતે આવક કરતાં વધુ નાણાં મેળવી આશ્રિતોના નામે સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ કર્યું હોવાનું એસીબીની તપાસમાં સામે આવ્યું હતું. એસીબીની તપાસ દરમિયાન સાગઠિયાની કાયદેસરની કુલ આવક રૂપિયા ૩,૮૬,૮૫,૬૪૭ની સામે પોતાના તથા પોતાના પરિવારજનોના નામે કુલ રૂપિયા ૨૮,૧૭,૯૩,૯૮૧નું સ્થાવર/જંગમ મિલકતમાં રોકાણ ખર્ચ કરી હોવાનું બહાર આવ્યું હતું.

સાગઠિયાએ પોતાની આવક કરતાં ૬૨૮.૪૨ ટકા વધુ એટલે કે કુલ રૂપિયા ૨૪,૩૧,૦૮,૩૩૪નું અપ્રમાણસર સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ/ખર્ચ પોતાની ફરજ દરમિયાન રોકાણ કરી હોવાનું સામે આવ્યું હતું. રાજકોટ એસીબી દ્વારા સાગઠિયાએ પોતાનાં તથા પોતાનાં પરિવારજનોનાં નામે વસાવેલી મિલકતો રૂપિયા ૨૩,૧૫,૪૮,૨૫૬ની મિલકત ટાંચમાં લેવા માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવી હતી, જે દરખાસ્ત અંગે રાજય સરકારના ગૃહ વિભાગ તરફથી મંજૂરી આપવામાં આવ્યા બાદ મિલકતો તાત્કાલિક ટાંચમાં લેવા ટૂંક સમયમાં જ કાર્યવાહી કરવામાં આવનાર હોય ત્યારે આ મામલે ઇડીએ પણ તપાસ માટે કોર્ટની મંજૂરી માગી હતી જે બાબતે કોર્ટે મંજૂરી આપી છે. સાગઠિયાની બેનામી મિલકત બાબતે એસીબી દ્વારા ઇડીને જાણ કરી હતી. જે જોતાં ઇડીએ સાગઠિયાની પૂછપરછ માટે કોર્ટની મંજૂરી માગી હતી. હવે ઇડીની ટીમ રાજકોટ આવી જેલમાં બંધ સાગઠિયાની પૂછપરછ કરશે. ■

# સ્ટેટ મોનિટરિંગ સેલને પોલીસ સ્ટેશનનો દરજ્જો મળ્યોઃ

### ડબ્બા ટ્રેડિંગ, કબૂતરબાજી જેવા ગુનાઓની તપાસ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઑર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવા માટે એક નવો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલને ઝીરો બજેટથી અલાયદાં પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે.

રાજ્યમાં અને રાજ્યની બહાર બનતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબૂતરબાજી જેવા રાજ્યને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ.એમ.સી. પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને તેની તપાસ પણ આ ટીમ દ્વારા કરવામાં આવશે. આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા એટીએસને પણ વર્ષ ૨૦૦૨માં પોલીસ સ્ટેશન જાહેર કરવામાં આવ્યું હતું. હવે એસએમસી દ્વારા એટીએસની જેમ ગુજરાત તેમ જ દેશમાં ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ વિરુદ્ધ સક્રિય રીતે પગલાં લેવામાં સક્ષમ બનશે અને અસરકારક કામગીરી કરશે.

સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા-રેન્જ વડાઓની મંજૂરીમાંથી મુક્તિ મળતાં તપાસની પ્રક્રિયા ઝડપી બનશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થઈ શકશે. આ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા ગુજરાતને સ્પર્શતા રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબૂતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત તપાસ થઈ શકશે.

સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયનું સીધું માર્ગદર્શન મળશે તેમ જ તપાસમાં પણ ગુપ્તતા જળવાઈ રહેશે. આ નિર્ણયથી ગુજરાતમાં ઑર્ગેનાઇઝ્ડ ક્રાઇમ પર અંકુશ આવશે અને રાજ્યને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે. આ પોલીસ સ્ટેશનની સ્થાપના માટે કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. હાલ જ્યાં આ સેલ કાર્યરત છે ત્યાં જ પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું છે. ■

# આણંદ મહાનગરપાલિકામાં સમાવેશ કરાતાં કરમસદમાં લોકોનો વિરોધઃ સજ્જડ બંધ પળાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ નવી નવ મહાનગરપાલિકાઓને મંજૂરી આપવામાં આવી હતી. આણંદ મહાનગરપાલિકામાં કરમસદનો સમાવેશ કરાયો હતો. જેના વિરોધમાં સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિ દ્વારા કરમસદ ગામમાં સજ્જડ બંધ પાળવા આહ્વાન કરાયું હતું. ગામમાં શાળાઓ, દુકાનો અને મંદિરો પણ બંધ રહ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આણંદ મહાનગરપાલિકામાં કરમસદ ગામનો સમાવેશ કરવામાં આવતાં ગામના લોકોએ બંધ પાળીને વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ અંતર્ગત સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિ દ્વારા કરમસદ ગામમાં બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું. કોઈ અણબનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. ગામમાં શાળાઓ, દુકાનો અને મંદિરો પણ બંધ રાખવામાં આવ્યાં હતાં. કરમસદ ગામમાં આવેલી બૅન્કો અને મેડિકલ સ્ટોર સિવાય તમામ દુકાનો-ઑફિસો બંધ રાખવામાં આવી હતી.

આ મુદ્દે સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિના અધ્યક્ષ મિથિલેશ અમીને જણાવ્યું હતું કે, સરકારના મંત્રીઓ અવારનવાર સરદારના ગામમાં આવી તેમની પ્રતિમા પર ફૂલોનો હાર ચઢાવી જય સરદારના નારા લગાવતા હતા. અગાઉ અખંડ ભારતના શિલ્પી એવા લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના વતનને સ્પેશિયલ દરજ્જો મળવો જોઈએ તેવી માગ પણ કરવામાં આવી હતી. આ મુદ્દે આંદોલનો થયાં અને જિલ્લાના કલેક્ટરને આવેદનપત્રો પણ અપાયાં હતાં. ત્યારે આશ્વાસન અને બાંયધરી અપાઈ હતી. જેના વિરોધમાં સંપૂર્ણ કરમસદ બંધ છે. સરદાર પટેલના વતન કરમસદને સ્પેશિયલ દરજ્જો મળે તેવી અમારી લાગણી અને માગણી છે. ■

# આઈઆઈએમ બેંગ્લુરુમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરતા સુરતના વિદ્યાર્થીનું રહસ્યમય મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેંગલુરુ આઈઆઈએમમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરતો સુરતનો વિદ્યાર્થી હોસ્ટેલના કેમ્પસમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. ત્યાર બાદ તેને હૉસ્પિટલ ખસેડવામાં આવતાં તબીબો દ્વારા મૃત જાહેર કરાયો હતો. યુવક દારૂના નશામાં બીજા માળેથી નીચે પડ્યો હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે. બેંગલુરુ પોલીસ દ્વારા વિદ્યાર્થીના પરિવારને જાણ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આઈઆઈએમ બેંગ્લુરુમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરતા સુરતના વિદ્યાર્થીએ પોતાની બર્થડે ઊજવી હતી. ત્યાર બાદ હોસ્ટેલના કેમ્પસમાં તે બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતાં ડૉક્ટરોએ મૃત જાહેર કર્યો હતો. પોલીસે સુરતમાં રહેતા વિદ્યાર્થીના પરિવારને જાણ કરતાં પરિવાર બેંગ્લુરુ જવા રવાના થયો હતો.

આ ઘટના અંગે બેંગ્લુરુની પોલીસે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીનું બીજા માળેથી પડી જવાથી અકસ્માતે મોતનો કેસ નોંધીને મોતની ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. હોસ્ટેલમાં સિક્યોરિટી ગાર્ડ્સને નિલય પટેલ હોસ્ટેલના લોનમાં બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. ત્યાર બાદ એક તબીબી ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન આપ્યું હતું. જોકે, કોઈ રિસ્પોન્સ ન આપતાં બેનરઘટ્ટા રોડ પરની હૉસ્પિટલમાં લઈ ગયા જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સાચી હકીકત સામે આવશે. ■

# અમદાવાદમાં દર 30 સેકન્ડે એક વ્યક્તિ હેલ્મેટ વિના વાહન ચલાવતાં પકડાય છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા ટ્રાફિક નિયમ ભંગના ૨૦૨૪ના ડેટામાં જાણવા મળ્યું હતું કે, દર ૩૦ સેકન્ડે એક અમદાવાદી હેલ્મેટ વિના વાહન ચલાવતાં પકડાય છે. એક વર્ષમાં ૧૦ લાખ જેટલાં લોકોને હેલ્મેટ નહીં પહેરવાનો ૪.૮૬ કરોડ દંડ ફટકારવામાં આવ્યો હતો. જે ટ્રાફિક ભંગની ૪૯ કેટેગરીમાંથી સૌથી વધુ ફટકારવામાં આવેલા દંડની રકમ હતી.

ટ્રાફિક પોલીસે જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે ૧૦ લાખથી વધુ ટ્રાફિક ભંગના કેસોમાં અડધા કેસ માત્ર હેલ્મેટ નહીં પહેરવા અંગેના નોંધાયા છે. શહેરમાં કુલ ૧૯.૯૬ લાખ ટ્રાફિક વાયોલેશનના કેસ નોંધાયા હતા. જેમાં લોકોએ કુલ ૨૧.૬૯ કરોડ રૂપિયા દંડ ભર્યો હતો. ૨૦૨૩થી હેલ્મેટ નહીં પહેરવા અંગેના ટ્રાફિક નિયમ ભંગમાં ૧૦ ગણો વધારો થયો હતો. જેમાં ૧૧૨૭૯ લોકોને ૫૬.૬૧ લાખ રૂપિયા દંડ ફટકારાયો હતો.

૨૦૨૪માં ટ્રાફિક પોલીસે ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા ૨૦ લાખ લોકો પાસેથી ૨૧.૬૯ કરોડ રૂપિયા દંડ વસૂલ્યો હતો. ૨૦૨૩માં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા લોકોની સંખ્યા ૧.૮૭ લાખ હતી અને ૧૧.૧૫ કરોડ રૂપિયા દંડ ફટકારાયો હતો. અમદાવાદ શહેરમાં ૨૦૨૪માં વાહનચાલકો દ્વારા હેલ્મેટ નહીં પહેરવા અંગેના કેસોની સંખ્યા લાલબત્તી સમાન હતી. જેમાં ૨.૬૬ લાખ કેસ નોંધવામાં આવ્યા હતા અને કુલ ૧.૮૨ કરોડ દંડ વસૂલવામાં આવ્યો હતો.

એક સિનિયર ટ્રાફિક કર્મચારીએ કહ્યું હતું કે, હેલ્મેટથી જીવ બચી શકે છે, પરંતુ મોટા ભાગના ટુ વ્હીલર ચાલકો હેલ્મેટ પહેરતા નથી. અમારો હેતુ લોકોને રોડ સેફ્ટી મુદ્દે જાગૃત કરવાનો છે. ગુજરાત હાઈ કોર્ટના આદેશ બાદ ટ્રાફિક પોલીસ હેલ્મેટ વિના વાહન ચલાવતા લોકો સામે કડક પગલાં લઈ રહી છે. ■

# અમદાવાદમાં સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમનો અમલ કરવા માટે મહાનગરપાલિકાએ પાંચ સ્થળો પસંદ કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમનો અમલ કરવા માટે પાંચ જગ્યાઓની પસંદગી કરી લેવામાં આવી છે. એપ્રિલમાં આ પ્રોજેક્ટ ફાઈનલ થયો હતો. જેથી હવે આ પાંચ જગ્યાઓ પર તેનો અમલ શરૂ કરવામાં આવશે. આ સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમમાં એક ફિચર એવું છે જેમાં કોઈ પણ વાહન પાર્કિંગનો ચાર્જ ચૂકવ્યા વિના બહાર નહીં નીકળી શકે.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા હાલમાં સિંધુભવન રોડ પર સ્થિત ગોટીલા ગાર્ડન ખાતે આ સ્માર્ટ પાર્કિંગ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. જ્યાં લોકોના સારા પ્રતિભાવો પણ મળ્યા હતા. આ સિસ્ટમને મોબાઈલ એપ્લિકેશન થકી પણ એક્સેસ કરી શકાય છે. યુઝર્સ તેમની નજીકમાં પાર્કિંગ સ્પેસ કઈ જગ્યાએ છે તેની માહિતી મેળવી શકશે.

શરૂઆતના તબક્કામાં આ પ્રોજેક્ટ શહેરના પાંચ કોમર્શિયલ રોડ પર સંપૂર્ણ રીતે અમલી બનશે. જેમાં સી.જી. રોડ, સોબો સર્કલથી મારીગોલ્ડ સર્કલ, ઝાયડસ હૉસ્પિટલથી હેબતપુર રોડ, મીઠાખળી સર્કલથી લો ગાર્ડનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ મેગ્નેટિક સેન્સર અને લૂપ ડિટેક્શન ટેકનોલૉજીથી સજ્જ ફ્લેપ લોક યુનિટથી સંચાલિત થશે. આ પાર્કિંગ પ્રથમ પાંચ મિનિટ માટે ફ્રી હશે. ત્યાર બાદ ફ્લેપ સિસ્ટમ વાહનને લોક કરવા માટે આપોઆપ સક્રિય થઈ જશે. વાહનના માલિકો એક ક્યૂઆર કોડને સ્કેન કરીને પાર્કિંગ ફી ઑનલાઈન ભરી પોતાનાં વાહનો બહાર કાઢી શકશે.

આ પાર્કિંગ સિસ્ટમ સંપૂર્ણ રીતે ઑટોમેટિક, ડિજિટલ સિસ્ટમ, સ્માર્ટ કૅમેરા સાથે એક સેન્ટ્રલ કમાન્ડ સેન્ટર પાર્કિંગ એરિયાનું મોનિટરિંગ કરશે. ત્યાં લગાવવામાં આવેલા કૅમેરા વાહનની સુરક્ષા સુનિશ્ચિત કરશે અને અનધિકૃત પાર્ક થયેલાં વાહનોના પાર્કિંગની પણ જાણકારી આપશે. આ ઉપરાંત નાગરિક સહાયતા અને હેલ્પડેસ્ક ટીમ પણ ઉપલબ્ધ હશે. શહેરમાં વધી રહેલા વિસ્તાર અને વાહનોની સંખ્યાને કારણે પાર્કિંગની સમસ્યા હલ કરવી ભારે પડકાર બની ગયો છે. ■

# તાપમાનમાં મોટી વધઘટને લીધે મુંબઈમાં શ્વસન સંબંધી બીમારીઓ વધી

મુંબઈઃ મુંબઈમાં તાપમાનમાં વારંવાર થઇ રહેલા ફેરફારને કારણે શરદી-ઉધરસ, ફ્લૂ અને અસ્થમા જેવી શ્વસન સંબંધિત બીમારીઓના કેસમાં વધારો થયો છે.

પવનો ફૂંકાવાની દિશા-પદ્ધતિમાં વારંવાર ફેરફાર થઇ રહ્યો છે તેથી ડિસેમ્બર, ૨૦૨૪થી શહેરમાં ઘણી વખત ગરમી તો ક્યારેક ઠંડી તો ક્યારેક દિવસે ગરમી અને રાત્રે ઠંડી જેવો મિશ્ર વાતાવરણનો અનુભવ થઇ રહ્યો છે.

'ઠંડા વાતાવરણમાં હંમેશા શ્વસન સંબંધિત સમસ્યાઓ થતી હોય છે. પાર્ટિક્યુરેટ મેટર (પીએમ) સાથે વાયુનું પ્રદૂષણ અને જોખમી કેમિકલ્સની સીધી અસર શ્વસન પ્રક્રિયા પર પડે છે. તાપમાનમાં અચાનક થતા ફેરફારથી અસ્થમા, બ્રોન્કાઇટિસ, શ્વસન માર્ગમાં સમસ્યા ઊભી થાય છે', એમ લીલાવતી હૉસ્પિટલ ઇન્ટરનલ મેડિસિનના નિષ્ણાત ડૉ. સી. સી. નાયરે જણાવ્યું હતું.

'ઠંડું હવામાન અને તાપમાનમાં થઇ રહેલા અચનાક ફેરફારને કારણે શ્વસન સંબંધિત સમસ્યામાં પચાસ ટકાનો વધારો થયો છે. શિયાળામાં કાળજી લેવી જરૂરી છે અને શ્વાસ લેવામાં સમસ્યા નડવી, શરદી-ખાંસીને નજરઅંદાજ કરવાનું ટાળવું જોઇએ. ઓપીડીમાં ૩૫થી ૬૫ સુધીની વયના ૧૦માંથી સાત દર્દી એલર્જી સાથેના તાવ-ઉધરસ-શરદી સાથે આવી રહ્યા છે જેઓને લાંબાગાળાની સારવારની જરૂર છે', એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. હાલમાં પ્રદૂષણમાં થયેલો વધારો તથા તાપમાનમાં થઇ રહેલા ફેરફારને કારમે ન્યૂમોનિયા અને ફ્લૂ જેવી સમસ્યાઓ થઇ રહી છે ત્યારે ઝાયનોવા શેલ્બી હૉસ્પિટલના પ્યુલ્મોનોલોજિસ્ટ ડૉ. તન્વી ભટ્ટે ફ્લૂ-નિમોનિયાની રસી લેવાની સલાહ આપી હતી.

મુંબઈમાં હવામાં થઇ રહેલા ફેરફારને કારણે શરદી-ઉધરસ-તાવ, ફ્લૂ, અસ્થમા, બ્રાન્કાઇટિસ અને ક્રોનિક ઓબ્સ્ટ્રકટિવ પ્યુલમોનોરી ડિસીઝ (સીઓપીડી), ન્યૂમોનિયા જેવી માંદગીમાં વધારો થયો હોવાનું તન્વી ભટ્ટે જણાવ્યું હતું.

## મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘની પિકનિક

મુંબઈઃ મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘના સભ્યો અને તેમના પરિવાર માટે ૨૬ જાન્યુઆરીના રોજ વસઈ સ્થિત વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર આવેલા એક રિસોર્ટમાં એક દિવસની પિકનિકનું આયોજન કરવામાં આવ્યું છે. પિકનિકમાં જોડાવા માગતા સભ્યોએ ૧૫મી જાન્યુઆરી સુધીમાં તેમના નામ કારોબારી સભ્યોને લખાવી દેવા એવી માહિતી આપવામાં આવે છે.

## પાલઘરમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકોઃ સબ સલામત

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં સોમવારે વહેલી સવારે ૩.૭ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હોવાની માહિતી આપી સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયાના કોઈ અહેવાલ નથી. જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના વડા વિવેકાનંદ કદમે એક સત્તાવાર અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે જિલ્લાના દહાણુ તાલુકામાં સવારે ૪.૩૫ વાગ્યે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. તાલુકાના બોરડી, દાપચારી અને તલાસરી વિસ્તારમાં લોકોએ વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવ્યો હતો. જિલ્લામાં ભૂતકાળમાં પ્રસંગોપાત આંચકા અનુભવાયા છે. (પીટીઆઈ)

## શિવાજી પાર્કની ધૂળની સમસ્યા ૧૫ દિવસમાં ઉકેલવાનું અલ્ટિમેટમ

મુંબઈઃ દાદરના શિવાજી પાર્ક મેદાનમાંથી ઊડતી ધૂળ સામે સ્થાનિક રહેવાસીઓ અનેક વખત મુંબઈ મહાનગરપાલિકા સમક્ષ ફરિયાદ કરી ચૂક્યા છે, પરંતુ હજી સુધી તેના પર કોઈ નિર્ણય લેવાયો નથી ત્યારે મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બૉર્ડે શિવાજી પાર્ક મેદાનની ધૂળની સમસ્યાનો આગામી ૧૫ દિવસમાં તાત્કાલિક ધોરણે નિર્ણય લઈને પગલા લેવાનો નિર્દેશ મુંબઈ મહાનગરપાલિકાને આપ્યો છે.મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ સિદ્ધેશ કદમે સોમવારે શિવાજી પાર્ક મેદાનની મુલાકાત લીધી હતી અને મેદાનમાંથી ઉડનારી ધૂળને કારણે આજુબાજુના રહેવાસીઓને થતા ત્રાસ બાબતે માહિતી મેળવી હતી અને પાલિકાને આગામી ૧૫ દિવસની અંદર ધૂળને લગતી સમસ્યાનો ઉકેલ લાવવાનો નિર્દેશ આપ્યો હતા.

## શિરડીમાં મફત ભોજન સેવા ચાલુ રહેશેઃ મહારાષ્ટ્રના પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટે સોમવારે જણાવ્યું હતું કે શિરડીમાં સાંઈ બાબા મંદિર દ્વારા આપવામાં આવતી મફત ભોજન સેવા ચાલુ રાખવામાં આવશે. આના બંધ થવાની અફવાઓને તેમણે રદિયો આપ્યો હતો. શિરસાટની જાહેરાત ભૂતપૂર્વ સાંસદ સુજય વિખે પાટીલ દ્વારા કરવામાં આવેલા સૂચનોનો વિરોધ કરે છે, જેમણે શૈક્ષણિક હેતુઓ માટે ભંડોળનો સદુપયોગ કરવા માટે મફત ભોજન સેવા બંધ કરવાની અપીલ કરી હતી.

મંદિર પરિસરની આસપાસ ભિખારીઓ અને કથિત ડ્રગ્સનો ઉપયોગ કરનારાઓના ધસારાને રોકવા માટે મફત ભોજન બંધ કરવાનું સૂચન કરનારી સુજય પાટીલની ટિપ્પણીએ ભારે વિવાદ ઉભો કર્યો હતો. તેમણે પોતાના પ્રસ્તાવમાં બાળકોના શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ અને શિરડી શહેરમાં લાયક શિક્ષકોની ભરતી માટે આ ભંડોળનો ઉપયોગ કરવાનો સમાવેશ થતો હતો.મહારાષ્ટ્રના પ્રધાન અને સુજયના પિતા રાધાકૃષ્ણ વિખે-પાટીલે તેમના પુત્રની ટિપ્પણી બદલ માફી માગી લીધી હતી, તેમણે કહ્યું હતું કે સુજયનો હેતુ ભક્તોને નારાજ કરવાનો નહોતો. શિરસાટ સોમવારે શિરડીમાં હતા અને તેમણે સુજય સાથે મુલાકાત કરી હતી. તેમણે કહ્યું હતું કે સુજય ભાવિકોની વાત કરતા નહોતા, પરંતુ મંદિર પરિસરમાં ડ્રગ્સનું સેવન કરનારા લોકોની વાત કરતા હતા. તેમની સ્પષ્ટતાથી આ મુદ્દાનો ઉકેલ આવી ગયો છે, મંદિર દ્વારા ૪૦,૦૦૦ દૈનિક મુલાકાતીઓને મફત ભોજન પીરસવાની પરંપરાને જાળવી રાખવામાં આવશે.


## ક્લાસિફાઈડ

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી (વેસ્ટ)**

**ગર્વમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં, ગ્રાઉન્ડ ફ્લોરમાં, 2500' થી 3500' જગ્યા જોઈએ છે. 8879181869. (૧૫૪૫૬/એ)**

■ **કાલબાદેવી રોડ પર શોરૂમ ટચીંગ મેઈન રોડ, મેટ્રો સિનેમાથી ૩જું બીલ્ડીંગ ગ્રાઉન્ડ ૫૦૦ + મેઝનીંગ ઊંચાઈ ૭ ફૂટ ૬૫૦ ચો. ફુટ બે બાથરૂમ્સ, કારપેટ ૧૧૫૦, ૨૪ કલાક પાણી, વેચાણ માટે ૯૮૨૦૦ ૮૧૬૬૮. (એસડીબી-૨૩૩૬)**

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

કમ્પ્લીટ 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (બી-૧૫૩૪૯)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## સંસ્થા સમાચાર

### શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ની નવમી વાર્ષિક પુણ્યતિથિનું આયોજન

માલવભૂષણ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ના પુણ્ય સામ્રાજ્યએ શુભ આશિષ સાથે ગુરુ નવરત્ન કૃપા પાત્ર યુવા હૃદય સમ્રાટ, ૩૩ ઉપધાન તપના માર્ગદર્શક, પ.પૂ. આચાર્ય શ્રી વિશ્વરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ મધ્યપ્રદેશના જીલ્લા ધાર, સરદારપૂર, શ્રી શાંતિનાથ જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ પેઢી ભોપાવર મહાતીર્થ અને માલવભૂષણ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ની નવમી વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે ૧૯મી જાન્યુઆરીએ ગુરુ સમર્પણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. સૌને આ મહોત્સવમાં સામેલ થવાનું ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યુ છે.

### શ્રી પાર્શ્વ ભૈરવ મહાભક્તિનું હર્ષોલ્લાસથી સમાપન

શ્રી નાકોડા ભૈરવદેવની દિવ્ય પ્રેરણા, રાષ્ટ્રસંત, મહામાંગલિક સમ્રાટ પરમપૂજ્ય આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભ આશિષ સાથે નાકોડા દરબાર (મંડળ) લાલબાગના સ્થાપક પ્રમુખ મનોજ શોભાવતએ મુંબઈ ભાયખલાના લવલેનની શ્રી શેઠ મોતીશા આદેશ્વર જૈન મંદિરમાં ૨૩મી શ્રી પાર્શ્વ ભૈરવ મહાભક્તિ ૨૪નું આયોજન કર્યું હતું. એ દરમ્યાન ભક્તિમય વાતાવરણ નિર્માણ થયું હતું.

### શ્રી ગોદંબાજી વિવાહ ઉત્સવનો લાભ લેવાનું ભાવભીનું આમંત્રણ

મુંબઈના ફણસવાડી ખાતે આવેલા શ્રી વેંકટેશ દેવસ્થાનમાં શ્રી ગોદંબાજીનો ધનુમસાવ્રત્સનોત્સવ અને લગ્નોત્સવનું આયોજન ૧૩મી જાન્યુઆરીએ યોજવામાં આવ્યો છે. ધનુર્માસના અંતિમ દિવસે સવારે સાડા સાત કલાકે શ્રી વેંકટેશ દેવસ્થાન ખાતે નારાયણ રંગનાથ અને શ્રી ગોદંબાજીનો લગ્નોત્સવ યોજાવાનો છે. ત્યારબાદ ૧૫મી જાન્યુઆરીએ રાત્રે સાડા નવ કલાકે દેવસ્થાનના પ્રાંગણમાં ગોડંબાજીનો વિદાય સમારંભ યોજાશે. એથી તમામ ભક્તોને પ્રસાદનો લાભ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

### મલાડમાં નિઃશુલ્ક એક્યુપ્રેશરના વર્ગો થશે શરૂ

મલાડમાં આવેલી સુકૃત્ય ટ્રસ્ટે લોકોને મદદરૂપ થવાની એક પહેલ કરી છે. તેઓ ૧૬મી જાન્યુઆરી ૨૦૨૫થી ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી એક્યુપ્રેશરના વર્ગો શરૂ કરવાના છે. આ વર્ગ દરરોજ સાંજે સાડા છ કલાકથી સાડા આઠ કલાક સુધી રહેશે. એના માટે સુકૃત્ય ટ્રસ્ટ, એક્ઝિમ એસ્ટેટ, રામ બાગ, એસ. વી. રોડ, સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાની નજીક મલાડ (પશ્ચિમ) આવવાનું રહેશે.

### માટુંગામાં યોગના નિઃશુલ્ક વર્ગો

શ્રી અંબિકા યોગ કુટિર (થાણા) હઠયોગી પ.પૂ. નિકમ ગુરુજીની કૃપાથી માટુંગા (કિંગ્સ સર્કલ) શાખા દ્વારા પ્રેરિત યોગ અભ્યાસના વર્ગો નિઃશૂલ્ક શરૂ કરવામાં આવ્યા છે. અહીં શિક્ષકો દ્વારા નિઃશૂલ્ક માર્ગદર્શન પણ આપવામાં આવશે. આ વર્ગો ફક્ત રવિવારે સવારે સાડા સાત કલાકથી સાડા નવ કલાક સુધી રાખવામાં આવ્યા છે.

### શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા શિક્ષણ સમિતિના ઉપક્રમે વર્ષ ૨૦૨૩-૨૪ માર્ચની બોર્ડ, યુનિવર્સિટીની પરિક્ષાઓમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરનાર કચ્છી લોહાણા જ્ઞાતિના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આર્ટસ, કોમર્સ, સાયન્સમાં ડિગ્રી ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ ૨૫ જાન્યુઆરીએ સાંજે ચાર કલાકે ઉટોપિયા બેન્ક્વેટ્સ, જે.કે. કરમાલકર માર્ગ, ચેમ્બુર (વેસ્ટ)માં યોજવામાં આવ્યો છે. પહેલી વખત આ સમાજ દ્વારા સરસ્વતી સન્માનનું આયોજન કરવામાં આવ્યું છે. એના માટેના ફોર્મ શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ, ૩૩, દરિયાસ્થાન સ્ટ્રીટ, વળગાદી, મુંબઈ-૪૦૦૦૦૩ પાસેથી મેળવી લેવા. ફોર્મ આપવાની અંતિમ તારીખ ૧૫મી જાન્યુઆરી છે. ફોર્મ સાથે રિઝલ્ટની ઝેરોક્સ અને બે ફોટા અટૅચ કરવાના રહેશે.

## એક વાર છોકરીની પાછળ જવું, એ પીછો કરવો ના ગણાયઃ હાઈ કોર્ટ

મુંબઈઃ તાજેતરમાં બોમ્બે હાઈ કોર્ટે છેડતી અને જાતીય સતામણીના કેસની સુનાવણી દરમિયાન એક ચોંકાવનારી ટિપ્પણી કરી હતી. હાઈકોર્ટે કહ્યું કે માત્ર એક જ વાર છોકરીની પાછળ જવું એ ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૩૫૪(ડી) અને પોક્સો એક્ટ હેઠળની જોગવાઈઓ હેઠળ છેડતીનો ગુનો ના ગણાય.

અહેવાલ મુજબ જસ્ટિસ ગોવિંદ સાનપની સિંગલ-જજ બેન્ચે પાંચમી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ચુકાદો આપ્યો હતો. ૧૪ વર્ષની છોકરીના કેસમાં જાતીય સતામણી અને પીછો કરવાના આરોપનો સામનો કરી રહેલા ૧૯ વર્ષના બે છોકરાઓને સંડોવતી અરજીઓની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરવામાં આવી હતી. ન્યાયાધીશે છોકરાઓને નિર્દોષ જાહેર કરતા કહ્યું કે છોકરાઓ માત્ર એક વાર પીડિતાની પાછળ ગયા એ પીછો કરવાના ગુના હેઠળ ના આવે.

ચુકાદોમાં કહેવામાં આવ્યું કે, એ નોંધનીય છે કે પીછો કરવાના ગુના લગાવવા માટે, ફરિયાદ પક્ષે સાબિત કરવું આવશ્યક છે કે આરોપીએ વારંવાર અથવા સતત પીડિતાની પાછળ ચાલે છે, જોયા કરે છે અથવા સીધા અથવા ઇલેક્ટ્રોનિક, ડિજિટલ મીડિયા દ્વારા સંપર્ક કરે છે. એક વાર પીડિતાને અનુસરવું પીછો કરવાનો ગુનો લાગવા માટે પૂરતું નથી. જાન્યુઆરી, ૨૦૨૦માં આરોપી સગીર યુવતીની પાછળ ગયો હતો અને તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. યુવતીના અસ્વીકાર છતાં તેણે તેને હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું. આરોપ મુજબ તેણે યુવતીના ઘરમાં ઘૂસીને તેનું મોં દબાવીને અને અયોગ્ય રીતે સ્પર્શ કરીને તેના પર બળજબરી કરી હતી. આરોપ મુજબ ઘટના દરમિયાન બીજો આરોપી કથિત રીતે ઘરની બહાર ઊભો હતો. ટ્રાયલ કોર્ટે બંને છોકરાઓને આઈપીસી અને પોક્સો હેઠળ આરોપોમાં દોષિત ઠેરવ્યા હતા. હાઈ કોર્ટે પ્રથમ આરોપીને પીડિતાના ઘરમાં ઘૂસીને જાતીય શોષણ માટે દોષિત ઠેરવ્યો હતો. જો કે પીછો કરવા બદલ તેને દોષિત ઠેરવવામાં આવ્યો ન હતો, કારણ કે કોર્ટે અભિપ્રાય આપ્યો હતો કે આરોપીએ માત્ર એક જ વાર પીડિતાનો પીછો કર્યો હતો. બીજા છોકરાને બંને ગુનામાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.

## સ્ટ્રક્ચરલ સર્વે વિના જ જોખમી ઈમારતોની યાદી તૈયારઃ રિડેવલપમેન્ટની લાલચે?

મુંબઈઃ દર વર્ષે ચોમાસા પહેલાં જોખમી ઈમારતોની યાદી તૈયાર કરવામાં આવે છે. જોકે, યાદી તૈયાર થયા પહેલા ઇમારતોનો સ્ટ્રક્ચરલ સર્વે હાથ ધરાયો ન હોવાનું જાણવા મળ્યું છે. હવે તબક્કાવાર તમામ જૂની ઇમારતોનો સર્વે કરવામાં આવશે. આ યાદી મુજબ હવેથી જોખમી ઈમારતોની યાદી જાહેર કરવામાં આવશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના આદેશ મુજબ ગૃહ નિર્માણ વિભાગે ૧૦૦ દિવસનો કાર્યક્રમ રજૂ કર્યો છે. એમાં આ બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શરૂઆતમાં અંદાજે ૫૦૦ ઈમારતોનો સ્ટ્રક્ચરલ સર્વે કરવામાં આવશે. આ યાદીના આધારે તરત જ તોડી શકાય અથવા સમારકામ કરી શકાય એવી ઈમારતો નક્કી કરવાનું સરળ બનશે. આનાથી દર ચોમાસામાં થતા બિલ્ડિંગ અકસ્માતોને પણ ટળશે એમ હાઉસિંગ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઉપરાંત જોખમી ઇમારતોના પુનર્વિકાસ માટે મ્હાડા પાસેથી માગવામાં આવેલા ભંડોળને સમર્થન કરવાનું પણ સરળ બનશે. હાઉસિંગ વિભાગ નાણાં વિભાગને ભંડોળ માટે વિનંતી કરે છે, ત્યારે શહેરી વિકાસ વિભાગ મકાન વાર માહિતી ઉપરાંત માળખાકીય સર્વેક્ષણની પણ માંગ કરે છે. આથી હવે આ જૂની ઇમારતોનો માળખાકીય સર્વે કરવાનો નિર્ણય લેવાયો છે અને તે મુજબ ઇમારતોનું વર્ગીકરણ તૈયાર કરવામાં આવશે. ઇમારત કેટલી જોખમી છે તેનું મૂલ્યાંકન કરવું સરળ રહેશે એમ ઓન અધિકારીએ જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક વર્ષોમાં રિડેવલપમેન્ટના નામે સારી ઈમારતો પણ જોખમી જાહેર કરવાનું પ્રમાણ વધી રહ્યું છે.

## એચએમપી વાઈરસ નવો નથી, ગભરાવાની જરૂર નથીઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે, કેટલાક અન્ય રાજ્યોમાં હ્યુમન મેટાન્યુમોવાઇરસ (એચએમપીવી)ના કેસ મળી આવ્યા છે, ત્યારે નાગરિકોએ ગભરાવાની જરૂર નથી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકાર ટૂંક સમયમાં પરિસ્થિતિ અંગે વ્યાપક એવાઈઝરી જારી કરશે.

અમદાવાદ, ગુજરાતની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ બે મહિનાના બાળકને એચએમપીવીનો ચેપ લાગ્યો છે, જ્યારે કર્ણાટકમાં બે કેસ મળી આવ્યા છે.

બંને રાજ્યોની સરહદ મહારાષ્ટ્ર સાથે લાગીને આવેલી છે.

કોલ્હાપુરમાં પત્રકારો સાથે વાત કરતા મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે, નાગરિકોએ ગભરાવાની જરૂર નથી. રાજ્યના આરોગ્ય વિભાગ ટૂંક સમયમાં પરિસ્થિતિ અંગે વ્યાપક માર્ગદર્શિકા જારી કરવામાં આવશે. તે કોઈ નવો વાઇરસ નથી. ફક્ત તે ફરીથી આવી રહ્યો છે. પરિસ્થિતિ પર ધ્યાન રાખવામાં આવી રહ્યું છે અને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને રાજ્ય આરોગ્ય અધિકારીઓ તેનું મૂલ્યાંકન કરવા માટે સતત એકબીજાના સંપર્કમાં છે, એમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે એચએમપીવી પહેલેથી જ ભારત સહિત વૈશ્વિક સ્તરે ચલણમાં છે અને તેની સાથે સંકળાયેલા શ્વસન રોગોના કેસ વિવિધ દેશોમાં નોંધાયા છે.

## પારસી મરણ

સામ માનેક ગોટલા તે મરહુમ બાનુ માનેક ગોટલાના દીકરા. તે ફરોખ દારાયસ, ફીરોઝ તથા મરહુમ ખોરશેદના કઝીન. તે કેશમીરા ફરહાદ નગરવાલા, ડાયેન હેમીન બાલાપોરીયા, હોશંગ ફરોખ ગોટલા તથા આઝમીન દારાયસ ગોટલાના અંકલ. (ઉં. વ. ૮૯) રે. ઠે. જે ૨૨ ખુશરુ બાગ, કોલાબા. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૧-૨૫ના રોજ બપોર ૩.૪૫ કલાકે કરાની અગિયારી, ખુશરૂ બાગ.

રૂસી ફરામજી દાવેર (ઉં. વ. ૮૩) તે શેરનાઝ રૂસી દાવેરના ખાવીંદ. ફરામજી કે. દાવેર અને સિલ્લા એફ. દાવેરના પુત્ર. ઉર્મેઝ રૂસી દાવેરના પિતા. કાએમોન ઉર્મેઝ દાવેર, માલ્કમ ઉર્મેઝ દાવેરના દાદા. સ્વ. માનેક દાવેરના ભાઇ. સ્વ. ફરામજી પાલિઆ અને સ્વ. કેટી પાલિઆના જમાઇ. તા. ૪-૧-૨૫ના ગુજર પામ્યા છે. રે. ઠે. ૫૦૧, બ્લુ બર્ડ કો.ઓ.હા.સો. લિ, એ-વિંગ, રિઝવી કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂ.), મુંબઇ-૫૦.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી)ના રૂપેશ સોની (ઉં. વ. ૪૪) તા. ૫-૧-૨૫ના અવસાન પામેલ છે. મંજુલા આણંદજીના પુત્ર. મીનાના પતિ. મિતના પિતા. હીમાંશુ, આરતીના ભાઇ. ધોરાજી જયશ્રી ધીરજલાલ પારેખના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રૂપેશ સોની, ૪/૪૦૪, સદ્‌ગુરૂ કૃપા બીલ્ડીંગ, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ).

મોટી રાયણના પ્રેમીલા વિનોદ ગડા (ઉં. વ. ૬૬) તા. ૪-૧-૨૦૨૫ના અવસાન પામેલ છે. નાનબાઇ નાનજીના પુત્રવધૂ. સ્વ. વિનોદના પત્ની. વિરલ, જતીનના માતુશ્રી. બગડાના હીરબાઇ ખીમજી છેડાના પુત્રી. ચીમનના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ પ્રેમીલા વિનોદ ગડા, ૭૦૨, લા વ્યુ, બી.જે.માર્ગ, સાત રસ્તા, મુંબઇ-૪૦૦૦૧૧.

નવીનાળના નરશી શીવજી વોરા (ઉં. વ. ૭૪) તા.૫-૧-૨૫ ના અવસાન પામેલ છે. સુંદરબેન શીવજીના પુત્ર. ભાનુના પતિ. નિષાદ, તેજસ, બેલાના પિતા. શાંતિલાલ, ચેતન, અમૃત, નિર્મળા, કલ્પનાના ભાઈ. પાનબાઈ વીજપારના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મૂળ ઘોઘા નિવાસી હાલ અંધેરી હંસાબેન ગાંધી (ઉં. વ. ૮૫) તા. ૩-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મહેન્દ્રભાઇ મણીલાલ ગાંધીના ધર્મપત્ની. તે હર્ષદભાઇના ભાભી. ભારતીબેનના જેઠાણી. મિતુલા-મિલનકુમાર, દ્રષ્ટા-નિલેશકુમાર, મિલિંદ-હેતલ, ભિનાશ અનિતા, ભૂમિકા-સુશીલકુમાર તથા ચાર્મિકાના માતુશ્રી. પિયર પક્ષ. સ્વ. શાંતિલાલ વર્ધમાન શાહના દીકરી. સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. અનિલભાઇ, રવિન્દ્રભાઇ, બીપીનભાઇ અને ચારૂલતાની બેન. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. બી-૧૧, સમીર એપાર્ટમેન્ટ, એસ. વી. રોડ, બેન્ક ઓફ બરોડાની સામે, અંધેરી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અગતરાય નિવાસી હાલ દહીંસર સ્વ. પ્રભાબેન દુર્લભજી બદાણીના સુપુત્ર ધીરજલાલ (ઉં. વ. ૮૨) રવિવાર, તા. ૫-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. ધર્મેશ, સેજલના પિતાશ્રી. હીરલભાઇ, હેતલબેનના સસરા. સ્વ. દલપતરાયભાઇ તથા સૂર્યકાંતભાઇના ભાઇ. સ્વ. છગનલાલ ગાંગાણીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બત્રીસી સમાજ જૈન**

મુંબઇના વંદનાબેન (વસુબેન) તા. ૫મીએ રવિવારે અરિહંતશરણ પામેલ છે. જિનેષભાઇ હિરાલાલ શાહના ધર્મપત્ની. નટવરલાલ નેમચંદના પુત્રી. નિમેષભાઇ, આદેશભાઇ, મેહાબેન, નેપાબેનના માતા. ઝંખનાબેન, કુનાલીબેનના પુત્રવધૂ. સંદેશભાઇ, મનીષાભાઇ જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિપીનભાઇ મનુભાઇ શાહ (ઉં. વ. ૮૧) અમદાવાદ નિવાસી હાલ માટુંગા તા. ૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચારૂબેનના પતિ. મમતા-વિપુલના પિતાશ્રી. માયાના દાદાજી. વિમળાબેન મનુભાઇ શાહના સુપુત્ર. ચંપકલાલ પ્રા. ઝવેરી, પ્રતિમાબેન જયંત ભૂતાના ભાઇ. નરોતમદાસ મ. શાહના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**વડનગર નાગર ગૃહસ્થ**

સૌ. દિવ્યાબેન રમાકાંતભાઈ વૈદ્ય (ઉં. વ. ૮૭) તે સ્વ. ઈન્દુભાઈ, મનુભાઈ, સ્વ.ચંદનબેન બૂચ, સ્વ. રંજનબેન છાયાનાં ભાભી. પરાશર, યજ્ઞેશ ઢેબર તેમ જ સ્વ.મીરાબેન અંતાણી અને સ્વ. નયનાબેન અંતાણીનાં બેન શનિવાર તા ૪.૧.૨૫નાં રોજ તેમના મલાડ પૂર્વ એ હાટકેશશરણ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢાસા એકડા વિશા ખડાયતા**

રણાસણ નિવાસી હાલ બોરીવલી નૈનેશકુમાર શાહ (ઉં. વ. ૫૬) તે ગં. સ્વ. વનલીલાબેન નવનીતલાલ શાહના પુત્ર. વૈશાલીબેનના પતિ. હેતા અને પાર્થના પિતા. અ.સૌ. બેલા નરેન્દ્રભાઈ શાહ તથા ભાવેશના ભાઇ. સાસરાપક્ષે ગં. સ્વ. કોકિલાબેન ચંદ્રકાંત શાહના જમાઈ તા.૫/૧/૨૫ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા મંગળવાર તા.૦૭-૦૧-૨૫ના ૪ થી ૬. સર્વોદય હોલ, ડાયમંડ ટૉકીઝ પાસે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**વિશા મેવાડા વૈષ્ણવ વણિક**

દેવગઢ બારિયા નિવાસી હાલ બોરીવલીનાં જયદીપભાઈ કિશોરચંદ્ર મહેતાના ધર્મપત્ની અ.સૌ.વર્ષા મહેતા (ઉં. વ. ૬૫) શુક્રવાર, ૩.૧.૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. તે નિહારનાં માતુશ્રી. પલકના સાસુ. લીના જનક ભટ્ટ તથા તુષારનાં ભાભી. પિયરપક્ષે સ્વ. કૈલાસબેન રશમિકાંત મહેતાનાં પુત્રી. દેવેન્દ્ર તથા અભયના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગયારસે બ્રાહ્મણ**

અ.સૌ.આશાબેન (નલિની) (ઉં. વ. ૮૨) તે પ્રતાપરાય ભાનુશંકર ભટ્ટના ધર્મપત્ની. ભાવિની ધવલભાઈ ત્રિવેદીના માતુશ્રી. નેસડાના સ્વ.રમણીકલાલ ધનજીભાઈ રાવલના દીકરી. જેન્તીભાઇ, સ્વ.યશવંતભાઈ, બિપીનભાઈ, પ્રદીપભાઈ, સ્વ.મુકેશભાઈ, સ્વ.પુષ્પાબેન જીતેન્દ્ર પંડ્યા, સ્વ. નીલાબેન જનાર્દન ભટ્ટ, સ્વ. ભારતીબેન ભાસ્કરભાઈ પંડ્યા, જાગૃતિબેન મનોજકુમાર ભટ્ટના ભાભી. સુભાષભાઈ, ડો. દિનેશભાઇના બહેન તે ૩૦/૧૨/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા ૭/૧/૨૫ના ૬.૩૦ થી ૭.૩૦. બી ૪૦૧, શિવ શિવમ ટાવર, ન્યૂ લિંક રોડ, લોટસ પેટ્રોલ પંપની સામે, અંધેરી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કોટડી મહાદેવપુરી હાલ મુલુન્ડ ચેકનાકાવાળાના સ્વ. શાંતાબેન વસનજી વેલજી પોપટ (ઠક્કર)ના પુત્ર હર્ષદ (ઉં. વ. ૭૦) તા. ૫-૧-૨૫ રવિવારના રામશરણ પામ્યા છે. તે પ્રભાબેન હરીરામ સચદે કચ્છ ગામ રસલીયા હાલે ભુજવાળાના જમાઈ. પ્રતિમાબેનના પતિ. સુશીલાબેન શંકરલાલ ખીયા, દક્ષાબેન દિલીપકુમાર ગણાત્રા, હેમંતભાઈના ભાઈ. માનસી, પ્રશાંત (આશિષ)ના પિતા. ધવલ દિલીપ ઠક્કરના સસરા. પ્રાર્થનાસભા રાખી નથી. લૌ. વ્ય. બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

બાબરા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. શાંતાબેન નાગરદાસ શાહ (માંડવીયા) (ઉં. વ. ૯૪) તે સ્વ. નરેન્દ્રભાઇ હિતેશ, ગં. સ્વ. રમીલાબેન મધુકાન્ત ગગલાણી અને શીલા નીતિનકુમાર જનાણીના માતુશ્રી. સ્વ. મનસુખલાલ, ચંદ્રકાન્ત, સ્વ. સવિતાબેન મોહનલાલ ગગલાણી તથા સ્વ. ભાનુબેન વિનોદરાય સેલારકાના ભાભી. સ્વ. નરસીદાસ ત્રિકમજી વખારીયાના પુત્રી. ગં. સ્વ. દક્ષાબેન અને મનીષાના સાસુ. જીજ્ઞેશ, રોશની, હર્ષ અને હર્ષિતાના દાદી રવિવાર, તા. ૫-૧-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપડવંજ દશા શ્રીમાળી વણિક**

કપડવંજ (હાલ મુંબઇ) નિવાસી રાજીવ શાહ (ઉં. વ. ૭૨) તે સ્વ. કુસુમબેન ચંદ્રકાન્ત શાહના પુત્ર. અલકાબેનના પતિ. તપન-વિરલના પિતાશ્રી. અ. સૌ. નિકીતા તથા અ. સૌ. એકતાના સસરા. આરવ તથા આર્યાના દાદા. સ્વ. જોગેન્દ્ર માધવલાલ વકીલના જમાઇ રવિવાર તા. ૫-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૧-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. સુવિધા એમરાલ્ડ, ચોથે માળ, સાંઇ ભક્તી માર્ગ, ઓફ અપ્પા સાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઇ-૪૦૦૦૨૫.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ થાણા સ્વ. લક્ષ્મીબેન પ્રાગજી રામજી ઠક્કરનાં સુપુત્ર. સ્વ. ડોક્ટર મોહનભાઇ ઠક્કરનાં ધર્મપત્ની ડોકટર ઉષા ઠક્કર (ઉં. વ. ૮૯) શુક્રવાર, તા. ૩-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે પુત્ર સારંગ અને પુત્રી બાગેશ્રીના માતુશ્રી. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા મુંબઇ નિવાસી સ્વ. કેશુરદાસ મુળજી તથા વિમળાબેનનાં પુત્ર ચંદ્રવદન (બાબો) તે પૂર્ણિમાના પતિ. રાજેન, સુજનના પિતાશ્રી. સુરેશ, દિલીપ, અનસુયા ચંદ્રકાન્ત સંઘવીના ભાઇ. સ્વ.પ્રતિમા અને સ્વ. ચંદ્રકાન્ત વી. શાહના જમાઇ. તા. ૩-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ વરાડિયા હાલ ડોમ્બિવલી સ્વ. મંજુલાબેન નવીનચંદ્ર સ્વારના મોટા પુત્ર ભરત સ્વાર (ઉં. વ. ૫૫) તે સ્વ. ભરત જાદવજી પલણ ગામ અંજારવાળાના મોટા જમાઇ. તે રશ્મી સ્વારના પતિ. કુંજ સ્વારના પિતાશ્રી. અંજના મહેશ કારીયા, નિમીષા દિનેશ સદલાની, હર્ષીતા વિજય કોટક, કૌશીક નવીનચંદ્ર સ્વારના ભાઇ. પ્રીતી સ્વારના જેઠ. તા. ૪-૧-૨૫ના શનિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

વલ્લભીપુર નિવાસી સ્વ. પ્રદ્યુમન રવિશંકર ત્રિવેદીના ધર્મપત્ની ગં. સ્વ.ભદ્રાબેન (ઉં.વ. ૮૫) મંગળવાર તા. ૩૧-૧૨-૨૪ને વડોદરા મુકામે કૈલાસવાસી થયેલ છે. તે તુષાર, ક્ષીતીષના માતા. પારૂલ તથા અર્ચનાના સાસુ. સ્વ. શરદભાઇ, સ્વ. કિરીટભાઇ, વિભાકર કપિલરાય જોશી, નિલા પિનાકીન ભટ્ટના બહેન. પ્રિયંકા નિલકંઠ રાવલ, પ્રજેશ, ઉન્નતીના દાદી. પ્રાર્થનાસભા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા




## જીવનસંધ્યાએ જ્યારે જીવનસાથીનો સાથ છૂટી જાય...

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

જીવનનું કડવું સત્ય એ છે કે જીવનસાથીનો સાથ છૂટી ગયા પછી એકલું પણ રહેવું પડતું હોય છે. જીવનનું અભિન્ન અંગ બની ગયેલ સાથી જ્યારે અવસાન પામે ત્યારે એમના વગર રહેવું ઘણું આકરું પડતું હોય છે. જેમને જીવન-મરણના કોલ આપ્યા હોય એ વ્યક્તિને યમરાજનું તેડું આવી જાય ત્યારે વસમું લાગે છે. લોકો કહે છે કે વિધુર કરતાં વિધવા આ સ્થિતિને વધુ સારી રીતે સંભાળી લે છે. આ વાત કેટલા અંશે સાચી છે એની મને ખબર નથી, પણ મારું માનવું છે કે કદાચ મહિલાઓ પરંપરાગત રીતે ઘરની તમામ જવાબદારીઓ સ્વીકારી લેતી હોવાથી તેઓ પોતાના કામમાં વ્યસ્ત રહે છે અને ઘર જ એમનું વિશ્વ હોય છે. પરિવારજનો વચ્ચે રહીને એ પોતાનું દુ:ખ વધુ સારી રીતે સહન કરી લે છે.

બીજી તરફ, પુરુષો મોટા ભાગનો સમય ઘરની બહાર ગાળતા હોય છે. ઘરની બહાર પણ એમનું એક આગવું વિશ્વ હોય છે. નિવૃત્તિ પછી એ વિશ્વ સંકોચાવા માંડે છે. દરેક નિવૃત્ત પુરુષની સાથે આવું બનતું હોય છે. એવામાં જો પત્નીનો સાથ છૂટી જાય તો એ બીજું મોટું પરિવર્તન હોય છે. આ બન્ને ઘટનાનો આઘાત સહન કરવાનું ઘણું મુશ્કેલ બની જાય છે. જોકે, મેં એવા પણ પુરુષો જોયા છે જે આ સ્થિતિને સહેલાઈથી-સહજતાથી સ્વીકારી લે છે.

પુરુષ હોય કે સ્ત્રી, જીવનસાથીથી વિખૂટાં પડી ગયાનો વિચાર સતત મગજમાં ચાલતો રહેવો જોઈએ નહીં, કારણ કે એવું થાય તો મન અંદરથી કોતરાતું રહે છે અને માણસ પોતાની જ દયા ખાવા લાગે છે. જે વ્યક્તિ હંમેશાં દયામણી સ્થિતિમાં રહેતી હોય એની સાથે રહેવાનું કોઈને ગમતું નથી. લોકો મોઢા પર એ વાત કહેશે નહીં, પણ તમારી અવગણના કરવા લાગશે. આવી રીતે વધુ ને વધુ લોકો તમારાથી વિમુખ થઈ જાય ત્યારે પોતાની દયા ખાવાની સ્થિતિ વધુ વકરવા લાગે છે.

આ પ્રકારનો માનસિક આઘાત ઘણો વસમો હોય છે, પરંતુ આપણે ખુદ જાણીએ છીએ તેમ આ દરેકે સામનો કરવો પડતો હોય છે. સદ્નસીબે ભારતમાં પરિવારજનો, મિત્રો અને સમાજ તરફથી ઘણો સધિયારો મળતો હોય છે. વડીલો માટે આ સ્થિતિ આશીર્વાદ સમાન હોય છે. ઘણી વાર આ બાબત વડીલોના લક્ષમાં આવતી નથી. તમે ક્યાંક જતા હો ત્યારે રસ્તામાં પાડોશીનો દીકરો તમારા ખબરઅંતર પૂછવા ઊભો રહે અને તમારા મિત્રની દીકરી તમને સ્માર્ટ ફોનનાં બધાં ફીચર વાપરવાનું શીખવે એવું ભારતમાં બને છે અને એ ઘણું સારું કહેવાય.તમારા બિલ્ડિંગનો યુવાન વૉચમૅન પહેલાં કદાચ તમને પૂરતું માન આપતો ન હોય, પરંતુ જો તમારી નિવૃત્તિ પછીના સમયમાં તમારા માટે ટૅક્સી બોલાવી લાવે, તમારી પાસેથી વજનદાર થેલી પોતે ઊંચકી લે અથવા તો તમારી જૂની ઑફિસનો ચપરાસી તમારાં બિલ ભરી આવે એ બધી વાત પણ તમારા પ્રત્યેનો એમનો સ્નેહભાવ અને આદરભાવ વ્યક્ત કરે છે. ઘણા દેશોમાં આવી સહાય પણ કોઈ કરતું નથી. આવા લોકોની કદર કરવી. ક્યારેક એમનું વર્તન તમને અજૂગતું લાગે, પરંતુ એ સ્થિતિનો પણ તમારે સ્વીકાર કરવો રહ્યો.

જો તમે પરિવાર, મિત્રો કે સામાજિક વર્તુળના લોકો સાથે લાગણીના સંબંધો રાખશો તો તમે સૌની સાથે બંધાયેલા રહેશો. વડીલો કે નિવૃત્ત વ્યક્તિઓ કઈ રીતે સામાજિક યોગદાન આપી શકે છે એ વિશે આપણે આ કોલમમાં અગાઉ વાત કરી છે. જનસેવા એ જ પ્રભુસેવા કહેવાય છે એ વાત આપણે નાનપણથી સાંભળતાં આવ્યા છીએ. તમે જેટલા પ્રભુની વધુ સમીપ જશો એટલી જ વધુ માનસિક શાંતિ પામશો.

અહીં એક નિવૃત્ત શિક્ષિકા કોકિલાબહેનનો દાખલો જોઈએ. એમનો પરિવાર અમેરિકામાં સ્થાયી થયો છે. એ પોતે ત્યાં જવા માગતાં નથી. એમણે અનાથાલયમાં સેવા આપવાનો નિર્ણય લીધો છે. એ બધા સાથે હળીમળી જાય છે. આંખોમાં ચમક સાથે એ કહે છે, 'મારાં હવે ઘણાં બધાં સંતાનો છે.'

આ જ રીતે મિસ્ટર થોમસ ઝેવિયર વાયએમસીએ (યંગ મેન્સ ક્રિશ્ચન્સ ઍસોસિયેશન)માં અડધો દિવસ સેવા આપે છે.

મોટી ઉંમરે બીજા લગ્નનું ચલણ ભારતમાં હજી શરૂ થયું નથી. તમારો પરિવાર તો શું, સમાજ પણ તેના માટે હજીય તૈયાર થયો નથી. માણસ એકલો પડે ત્યારે સમાજ એને સધિયારો આપે છે. આથી એ વિશે સમજી-વિચારીને પગલું ભરવાનું હોય છે.

જીવનની કડવી વાસ્તવિકતા એ છે કે તમને જ્યારે સૌથી વધારે જરૂર હોય એવા વખતે જ, તમારા જીવનભરના સાથી કહો કે મિત્ર કહો, તમને છોડીને જતા રહે છે. આવા સમયે એમનાં સંભારણાં જ તમને આધાર આપી શકે છે. હા, પણ એને પોતાની દયા ખાવાનું નિમિત્ત બનાવવાં નહીં. ■

## નિવૃત્તિ પછીનું પેન્શનઃ એનપીએસ

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા



નિવૃત્તિ પછી પેન્શન આવતું રહે એ માટેની યોજનાને 'નેશનલ પેન્શન સિસ્ટમ (NPS)' કહે છે. આપણે ત્યાં એ અમલમાં મુકાઈ છે. 'પેન્શન ફંડ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી'ના વિશેષ વિભાગ તરીકે 'નેશનલ પેન્શન સિસ્ટમ ટ્રસ્ટ'ની રચના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ અનુસાર એનપીએસ કારકિર્દીનાં વર્ષો દરમિયાન રળેલી આવકમાંથી પદ્ધતિસર અમુક રકમનું રોકાણ કરીને ભવિષ્યમાં વળતર મેળવવા માટેની નિવૃત્તિ અર્થેની બચત યોજના છે. નિવૃત્ત થયા બાદ સબસ્ક્રાઇબર-ગ્રાહક જમા થયેલા ભંડોળમાંથી અમુક હિસ્સો ઉપાડીને બાકીની રકમમાંથી એન્યુઇટી (વાર્ષિકી કે વર્ષાસન) ખરીદી શકે છે, જેથી પછીના જીવનમાં નિયમિત આવક તરીકે એનો ઉપયોગ થઈ શકે. સબસ્ક્રાઇબર્સે એનપીએસમાં રોકેલી રકમ પેન્શન ફંડમાં જમા થાય છે અને એનું રોકાણ 'પીએફઆરડીએ'ના નિયમન હેઠળ આવતા પ્રોફેશનલ ફંડ મૅનેજર્સ કરે છે. રોકાણ માટેની માન્યતાપ્રાપ્ત માર્ગદર્શિકા અનુસાર શેર, સરકારી સિક્યોરિટીઝ, કૉર્પોરેટ ડિબેન્ચર્સ ધરાવતા ડાઇવર્સિફાઇડ પોર્ટફોલિયોમાં એનું રોકાણ કરવામાં આવે છે. સમય જતાં આ રોકાણનું મૂલ્ય દરેક એસેટ ક્લાસમાં મળેલા વળતરના આધારે વધે છે.

એનપીએસ હેઠળ બે પ્રકારનાં એકાઉન્ટ હોય છેઃ

**૧) ટિઅર વન એકાઉન્ટઃ**

સબસ્ક્રાઇબરે રોકેલી રકમ જમા કરવા માટેનું આ પરમાનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ હોય છે. ફંડ માટે નિશ્ચિત થયેલા પ્રમાણમાં અલગ અલગ એસેટ ક્લાસમાં રોકાણ કરવામાં આવે છે. સબસ્ક્રાઇબરે નક્કી કરેલા ફંડ મૅનેજર પાસે આ એકાઉન્ટ ખોલાવવાનું હોય છે.

**૨) ટિઅર ટુ એકાઉન્ટઃ**

સબસ્ક્રાઇબર ટિઅર વન પ્રકારનું એકાઉન્ટ ધરાવતા હોય ત્યારે જ એમને ટિઅર ટુ એકાઉન્ટ ખોલાવવાની પરવાનગી આપવામાં આવે છે. આ સ્વૈચ્છિક એકાઉન્ટ હોય છે, જેમાંથી નાણાંનો ઉપાડ કરી શકાય છે.

એનપીએસના પોર્ટફોલિયોમાં એસેટ એલોકેશન બાબતે મળતા વિકલ્પઃ

એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ અને પબ્લિક પ્રોવિડન્ટ ફંડની તુલનાએ એનપીએસમાં એસેટ ક્લાસની વિવિધતા મળે છે. ધારક અહીં જણાવ્યા પ્રમાણેના ચાર એસેટ ક્લાસમાં પોતાના રોકાણનું વિભાજન કરી શકે છેઃ

ઈક્વિટી (ઈ) - ભારતની લિસ્ટેડ કંપનીઓના શૅર

કૉર્પોરેટ ડેટ (સી) ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓ, જાહેર ક્ષેત્રની કંપનીઓ તથા જાહેર નાણાકીય સંસ્થાઓ સહિતની કંપનીઓએ ઇસ્યૂ કરેલાં મની માર્કેટ સાધનો તથા બોન્ડ.

સરકારી સિક્યોરિટીઝ (જી) રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે ઇસ્યૂ કરેલાં મની માર્કેટ સાધનો તથા બોન્ડ

ઑલ્ટરનેટ ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ (એ) રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ (રિટ્સ), ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ (ઇનવિટ્સ), કમર્શિયલ મોર્ગેજ બેક્ડ સિક્યોરિટીઝ (સીએમબીએસ), મોર્ગેજ બેક્ડ સિક્યોરિટીઝ (એમબીએસ) તથા અન્યો.

એનપીએસ વિશે આ પણ જાણી લો...

**૧) એનપીએસ એકાઉન્ટ કોણ ખોલાવી શકે?**

ભારતીય નાગરિકત્વ ધરાવતી ૧૮થી ૬૦ વર્ષની ઉંમરની કોઈ પણ વ્યક્તિ એનપીએસ એકાઉન્ટ ખોલાવી શકે છે.

**૨) શું કોઈ બિનરહીશ ભારતીય (એનઆરઆઇ) એનપીએસ એકાઉન્ટ ખોલાવી શકે?**

હા, એનઆરઆઇ પણ એનપીએસ એકાઉન્ટ ખોલાવી શકે છે. જો એમના નાગરિકત્વમાં કોઈ પણ ફેરફાર થાય તો એકાઉન્ટ બંધ કરવામાં આવે છે.

**૩) એનપીએસ એકાઉન્ટ કેવી રીતે ખોલાવી શકાય?**

પોઇન્ટ ઑફ પ્રેઝન્સ (પીઓપી) તરીકે ઓળખાવવામાં આવતી એન્ટિટી પાસે એનપીએસ એકાઉન્ટ ખોલાવવાનું હોય છે.

મોટાભાગની સરકારી અને ખાનગી બેન્કો પીઓપી હોય છે. બીજી અનેક નાણાકીય સંસ્થાઓ પણ પીઓપી તરીકે કાર્યરત હોય છે. દરેક પીઓપીની અધિકૃત શાખાઓને પીઓપી સર્વિસ પ્રોવાઇડર કહેવાય છે, જે કલેક્શન સેન્ટર તરીકે કામ કરે છે. એનપીએસ એકાઉન્ટ ઓનલાઇન પણ ખોલાવી શકાય છે.

**૪) એનપીએસ એકાઉન્ટ ખોલાવવા માટે કયા દસ્તાવેજો જરૂરી છે?**

અરજદારે સબસ્ક્રાઇબર રજિસ્ટ્રેશન ફોર્મની સાથે ઓળખનો, સરનામાનો અને જન્મતારીખનો પુરાવો બિડાણમાં રાખવો જરૂરી છે. આ બધા દસ્તાવેજો પોઇન્ટ ઑફ પ્રેઝન્સમાં સુપરત કરવાના હોય છે.

**૫) પરમાનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (પ્રાન) એટલે શું?**

એનપીએસના દરેક સબસ્ક્રાઇબરને ૧૨ અંકનો યુનિક નંબર ધરાવતું કાર્ડ આપવામાં આવે છે. આ યુનિક નંબરને પ્રાન કહેવાય છે.

**૬) શું કોઈ સબસ્ક્રાઇબર એક કરતાં વધારે એનપીએસ એકાઉન્ટ રાખી શકે?**

ના, એક કરતાં વધારે એનપીએસ એકાઉન્ટ રાખી શકાય નહીં. સબસ્ક્રાઇબર નોકરી બદલે તોપણ એ જ એકાઉન્ટ બધે ચાલુ રાખી શકાય. ભારતમાં કોઈ પણ સ્થળે એ એકાઉન્ટ ચાલે છે.

**૭) જો લઘુતમ રકમ જમા કરવામાં આવે નહીં તો શું થાય?**

જો સબસ્ક્રાઇબર લઘુતમ રકમ જમા કરાવે નહીં તો એમનું એકાઉન્ટ નિષ્ક્રિય કરી દેવાય છે. પછી, પીઓપી પાસે જઈને અમુક દંડની આવશ્યક રકમ જમા કરાવવામાં આવે તો એકાઉન્ટ ફરી સક્રિય કરી દેવામાં આવે. ■


## ન્યુમોનિયા એટલે શું?

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

*તાજેતરમાં જ બહુ ડરામણા સમાચાર ચીનથી આવ્યા છે. ડરામણા એટલા માટે કે જગતભરમાં લાખોનાં ક-મોત માટે જે જવાબદાર છે એવી ચેપી બીમારીના 'સર્જક' ગણાતા કોરોનાની મહામારી જેવો રોગ ચીનમાં જ પ્રગ્ટ્યો છે, જે એક નવા પ્રકારનો ન્યુમોનિયા હોવાનો ભય છે.*

*આ ચીની નવા ન્યુમોનિયાની વધુ વિગતો હજુ બહાર આવી નથી, પણ આવા વખતે આપણે વર્તમાન ન્યુમોનિયા વિશે માહિતી મેળવી લેવી જોઈએ.*

*આયુર્વેદમાં આ ન્યુમોનિયાના તાવને 'શ્વસનક જ્વર' કહે છે. વ્યક્તિની અંદર દૂષિત હવાના કારણે ન્યુમોનિયાના બેકટેરિયા, વાઈરસ કે ફંગસ પ્રવેશી જવાથી એક અથવા બંને ફેફસાંમાં પસ ભરાય છે અને સોજો (Inflamation) આવે છે, તેને ન્યુમોનિયા કહેવાય છે.*




### ન્યુમોનિયા થવાનાં કારણઃ

- ફેફસાં દ્વારા દૂષિત હવા આવવાથી.
- ખરાબ, ગંદા, ભેજવાળા સ્થળે રહેવાથી અથવા નાક દ્વારા શરીરમાં ધૂળ-માટી વગેરે જવાથી.
- રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી.
- દારૂ કે તમાકુનું વ્યસન હોવાથી.
- ફેફસાંનું કૅન્સર, અસ્થમા વગેરે ફેફસાંના રોગ હોવાથી.
- ૬૫થી વધુ ઉંમર હોય અને સામાન્ય તાવ કે શરદી થાય.

### સાવધાની

- દર્દીના ગળફાનો યોગ્ય રીતે નિકાલ કરવો. જેથી ચેપનો ફેલાવો ન થાય.
- દર્દીને ગરમ વસ્ત્રો પહેરાવી રાખવાં. તેમ જ દર્દીના રૂમનું વાતાવરણ ગરમ રહે તેવી વ્યવસ્થા કરવી.
- દર્દીને નિયમિત ઝાડો સાફ આવે તેવી કાળજી રાખવી, પરંતુ રેચ આપવામાં ઉતાવળ પણ ન કરવી.

### ન્યુમોનિયાના ઉપચારઃ

- ૨ કપ પાણીમાં ૧ ચમચી મેથી નાખીને ઉકાળવું. ત્યાર પછી તેને ગાળીને તેમાં મધ ઉમેરીને દિવસમાં ૨ થી ૩ વાર તે પાણી પીવું.
- ૧ કપ પાણીમાં ૧-૧ ચમચી ખાંડેલા તલ અને અળશી નાખીને ઉકાળવું. તેને ગાળીને ૧ ચમચી મધ તથા થોડું મીઠું નાખીને પીવું.
- ૧ કપ હૂંફાળાં પાણીમાં ૨ ચમચી હળદર અને ચમચીનો ચોથો ભાગ કાળા મરી નાખીને દિવસમાં ૧ વાર પીવું.
- દર ૬ કલાકે ૧૦ તુલસીના પાનના રસમાં થોડો મરીનો પાઉડર નાખીને પીવો.
- ૩૦૦ મિ.લી. ગાજરનો રસ અને ૧૦૦મિ.લી. બીટ અને કાકડીનો રસ ભેગો કરીને પીવો.
- ૨ થી ૪ ચમચી ફુદીનાનો તાજો રસ ૧ થી ૨ ચમચી મધ સાથે મેળવીને દર ૨ કલાકે પીવાથી ન્યુમોનિયાનો તાવ મટે છે.
- ૧ ચમચી મહાસુદર્શનચૂર્ણ, ૧ કપ પાણીમાં ઉકાળીને દરરોજ ચાર વાર પીવું.
- ૧ ચમચી આદુનો રસ, ૧ ચમચી તુલસીનો રસ, ૫ ચમચી અરડૂસીનો રસ અને બે ચમચી મધ મિશ્ર કરીને રોજ બે વાર લેવું.

### ન્યુમોનિયાનાં લક્ષણઃ

- એકાએક વધતો ઠંડી સાથેનો તાવ આવે ને શરદી-કફ થાય.
- બંને પડખાં, પીઠ અને છાતીમાં દુઃખાવો થાય.
- ગળફાં સાથે ખાંસી આવવી અને ગળફાંનો રંગ લીલો, સફેદ અથવા પીળો આવવો.
- શ્વાસ લેવામાં તકલીફ પડે, કફથી છાતી ભરાઈ જાય અને બેચેની વર્તાય.
- કબજિયાત રહે અને રાત્રે ઊંઘ ન આવે.
- કોઈક વાર જીભ આવી જવી, સફેદ થઈ જવી અને ગળાના કાકડા ફૂલી જવા.
- બે-ચાર દિવસ પછી તાવની પીડા ઓછી થાય, પરંતુ ઉધરસનું જોર વધે અન કફ છૂટે.

### ન્યુમોનિયામાં આહારઃ

- ઉકાળેલું પાણી જ પીવું અને વધુ પ્રમાણમાં પ્રવાહી પદાર્થો લેવા.
- ખાટાં ફળો, લીલાં શાકભાજી, ટમેટાં જેવી વસ્તુઓ ખાસ લેવી. ગાજર તથા કાકડીનો જ્યૂસ રોજ લેવો.
- હળવો અને તાજો ખોરાક જ લેવો.
- આહારમાં હળદર, મેથી, કાળા મરી અને આદુનો ઉપયોગ વધુ કરવો.
- કફવર્ધક આહાર ન લેવો અને ગળ્યા, નશીલા, તીખા વગેરે પદાર્થોનો ત્યાગ કરવો. ■





પ્રકરણઃ ૬

# ચહેરા મોહરા

**મા, તું નાહકની ગભરાય છે. આમ પણ હું મોટો થયો પછી એણે તારા પર હાથ ઉપાડવાનું તો બંધ કરી જ દીધું છે ને? તેમ છતાં પણ જો એ હાથ ઉપાડશે તો હું.....**


**પ્રફુલ્લ કાનાબાર**



એ વાત સાંભળીને સોહમના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. તે મનમાં જ વિચારી રહ્યોઃ આ મારા બાપુ નથી તો મારો અસલી બાપ કોણ?!

માતા- પિતા વચ્ચે થઈ રહેલી વાતચીત સાંભળીને સોહમને ભારે આઘાત લાગ્યો હતો. હાથમાં મીઠાઈના બૉક્સ સાથે ઘરમાં જવાને બદલે ધીમા પગલે ચાલીને એ દૂર જતો રહ્યો. ચાલીની બહાર આવ્યા બાદ સોહમની આંખો છલકાઈ ઊઠી હતી. તેને માથું ભારે લાગી રહ્યું હતું. સોહમ થોડે દૂર આવેલી ચાની લારી પાસે આવ્યો. અડધી ચાનો ઑર્ડર આપીને તે બાંકડા પર બેઠો.

વીસેક વર્ષની ઉંમરમાં સોહમ આટલો બધો અપસેટ ક્યારેય નહોતો થયો. તેને એકાએક યાદ આવ્યું કે બાપુ જ્યારે પણ સોહમ વિષે મા સાથે વાત કરતા ત્યારે કાયમ ‘તારો દીકરો’ એમ જ બોલતા. સોહમની આંખ સમક્ષ બાળપણથી લઈને આજ સુધીના અનેક પ્રસંગો ફિલ્મની પટ્ટીની જેમ પસાર થઈ ગયા. એ સાવ નાનો હતો ત્યારે બાપુ નોકરી કરવા જતા. મા તેમને ટિફિન ભરી આપતી. સાંજે ઘરે આવીને બાપુ મા સાથે જમવા પણ બેસતા. એ દિવસોમાં તો બાપુ દારૂ પણ નહોતા પીતા. એક દિવસ અચાનક ફૅક્ટરી બંધ થતાં બાપુની નોકરી છૂટી ગઈ હતી. તે દારૂની લતે ચડી ગયા હતા. માએ પારકાં ઘરે કામ કરવા જવાનું શરૂ કર્યું હતું. ઘરમાં સતત આર્થિક ખેંચને કારણે તથા બાપુના દારૂના વ્યસનને કારણે મા અને બાપુના સંબંધમાં તણાવ ઊભો થયો હતો, જે ક્રમશઃ રોજબરોજના ટકરાવમાં અને ઝઘડામાં પલટાઈ ગયો હતો. કંકાસની શરૂઆત કાયમ બાપુ જ કરતા. આમ તો મા સહનશીલતાની મૂર્તિ હતી. એ સતત પિતાનાં અપમાનો સહન કર્યે જતી હતી. ક્યારેક નાછૂટકે જ તે બાપુને સામો જવાબ આપતી. સોહમ બાળપણથી જ માતા પિતાના કાચ જેવા સબંધોમાં પડેલી તિરાડનો સાક્ષી હતો. ઘણી વાર માએ પિતાના હાથનો માર પણ ખાધો હતો. સોહમ ચૌદ વર્ષનો થયો ત્યારે તેની સામે જ પિતાએ એક વાર પૈસા માટે મા પર હાથ ઉગામ્યો હતો. સોહમે બાપુનો હાથ પકડીને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે ‘તેની મા હવે એકલી નથી તેનો દીકરો તેની સાથે છે. મા પર હાથ ઉપાડનારનો એ હાથ તોડી નાખશે...!’ બસ, ત્યાર બાદ બાપુએ ક્યારેય મા પર હાથ નહોતો ઉપાડ્યો. જોકે બાપુનું દારૂનું વ્યસન તો ચાલુ જ રહ્યું હતું!



ચાવાળો છોકરો સોહમને ચાનો કપ આપી ગયો. સોહમે હજુ તો ચાની પહેલી ચુસકી જ લીધી હતી ત્યાં અચાનક સોહમનું ધ્યાન પડયું. સામેથી બાઈક પર આવી રહેલ મનોહર બાઈક ઊભું રાખીને કોઈકને ઍડ્રેસ પૂછતો હતો. સોહમે ઊભા થઈને બૂમ પાડી મનોહરભાઈ મનોહરનું ધ્યાન સોહમ પર પડ્યું. તે તરત નજીક આવ્યો. બાઈક પાર્ક કરીને બોલ્યોઃ

‘સારું થયું તું અહીં જ મળી ગયો. તારું જ સરનામું પૂછતો હતો.’ સોહમે ઈશારા વડે બીજી ચાનો ઑર્ડર આપ્યો. મનોહરે બાંકડા પર બેસીને કહ્યુંઃ ‘આજે જ તને પહેલી વર્દી મળી ગઈ છે. શેઠજીએ સૂરત એક પાર્સલ આપવા જવાનું કામ સોંપ્યું છે. હું સ્ટેશને આપણા બંનેની રાતની ટ્રેનની ટિકિટ બુક કરવા જ નીકળ્યો છું.’

‘આપણે બંને?’

‘હા સોહમ, પહેલી વાર છે એટલે મને સાથે જવા શેઠે કહ્યું છે. આજે તો માત્ર પચાસ લાખનો જ દાગીનો છે.’

પચાસ લાખની કિંમત સાંભળીને સોહમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

‘સોહમ, આ પછી તો કરોડનું પાર્સલ હશે તોપણ તારે એકલાએ જ જવાનું રહેશે.’

ચા પી લીધા બાદ સોહમે વિવેક કર્યોઃ ‘મનોહરભાઈ સામેની ગલીમાં જ મારું ઘર છે. ચાલો, ઘર જોવા.’ સોહમ મનમાં તો ઇચ્છતો જ હતો કે અત્યારે મનોહરભાઈ ઘરે આવવાની ના પડે તો સારું.

‘ના સોહમ, અત્યારે નહી. ફરી ક્યારેક આવીશ. આમ પણ ચા તો પી જ લીધી છે.’ મનોહરે હસતાં હસતાં કહ્યું. મનોહરે કિક મારીને બાઈક ચાલુ કરીને કહ્યુંઃ

‘સાંજે છ વાગે તૈયાર રહેજે. આ જ જગ્યાએથી તને લેતો જઈશ. ઘરે કહી દેજે કે કાલે સાંજ સુધીમાં તું અમદાવાદ પરત આવી જઈશ.’

સોહમે હકારમાં માથું હલાવ્યું. મનોહરે ઘરે કહી દેવાની વાત કરી તેથી સોહમને ઘર યાદ આવ્યું. સોહમના ચહેરા પર વિષાદની રેખાઓ ઊભરી આવી. આવું તે ઘર હોય? જ્યાં જવાની ઇચ્છા જ ના થાય.. વળી આજે તો મા અને બાપુનો સંવાદ સાંભળીને સોહમના જીવનમાં રીતસર વિષાદયોગનું આગમન થયું હતું!

આટલાં વર્ષ સુધી સોહમ જેને બાપ માનતો હતો, જેની સાથે એક જ છત નીચે રહેતો હતો એ તેનો બાપ નહોતો...! સોહમને એ વાતનું દુઃખ નહોતું કે એ દારૂડિયો તેનો બાપ નહોતો, પણ દુઃખ એ વાતનું હતું કે આજ સુધી તે અંધારામાં રહ્યો હતો. આટલી મહત્ત્વની વાત તેનાથી માએ પણ છુપાવી હતી... એ મા જેને તે ભગવાન માનતો હતો, એ મા જે તેની દુનિયા હતી. માએ શા માટે આજ સુધી આવડી મોટી વાત તેનાથી છુપાવી રાખી? માની એવી તે શું મજબૂરી હશે? વળી આજે તો એ વાતનો પણ પર્દાફાશ થઈ ગયો હતો કે મા સાથે એક જ છત નીચે રહેતો તેનો કહેવાતો બાપ માનું ઈમોશનલ બ્લેક મેઇલિંગ પણ કરી રહ્યો હતો. આખરે સોહમે ઊંડો શ્વાસ લઈને ઘર તરફ પગ ઉપાડયા.

અચાનક ચાવાળાએ બૂમ પાડીઃ

‘એ ભાઈ...’


સોહમ ચમક્યો, કારણ કે બે અડધી ચા ના પૈસા તો તેણે મનોહરની હાજરીમાં જ આપી દીધા હતા. ચાવાળાએ ઈશારો કરીને બાંકડા પર પડેલું મીઠાઈનું પેકેટ બતાવ્યું જે સોહમ ભૂલીને જઈ રહ્યો હતો. સોહમે આભારની લાગણી સાથે ચાવાળાની સામે જોયું અને પેકેટ લઈ લીધું. ઘરે આવીને સોહમે જોયું કે બાપુ ઘરની બહાર નીકળી ચૂક્યા હતા. કદાચ માએ આપેલા પૈસામાંથી દારૂ પીવા જ ગયા હતા.

સોહમના હાથમાં મીઠાઈનું બૉક્સ જોઈને માએ પૂછયુંઃ

‘સોહમ, શું વાત છે? કાંઈ સારા સમાચાર છે?’

‘હા.. મા, મારો પગાર ડબલ થઈ ગયો છે..!’ સોહમે બૉક્સ ખોલીને એક પેંડો માના મોઢામાં મૂકતાં કહ્યું. માએ અડધો પેંડો ખાઈને બાકીનો અડધો ટુકડો સોહમના મોઢામાં મૂકતાં કહ્યુંઃ

‘બેટા, આ તો ખૂબ સારા સમાચાર છે, પણ આ વાત તારા બાપુને ન કરતો.’



‘કેમ?’ સોહમે જીવનમાં પહેલી વાર માને સવાલ કર્યો હતો.

‘દીકરા, તું તો જાણે જ છે કે એ કાંઈ કામ ધંધો કરતા નથી. રોજ દારૂ પીધાં કરે છે. થોડી વાર પહેલાં જ મારી પાસે છેલ્લી પાંચસોની નોટ હતી એ લઈને બહાર ગયા છે.

‘મા, તું મક્કમ થઈને એને પૈસા આપવાની ના પાડી દેતી હોય તો?’

‘દીકરા, પૈસા ન આપું તો એ મોટો ઝઘડો કરે. ગામને ભેગું કરે.’

‘મા, એક વાર મોટો ઝઘડો થવા જ દે ..જોઈએ તો ખરા એ શું કરે છે?’

‘ના ..ના સોહમ, એવું ન થવા દેવાય. ઝેરનાં પારખાં ના હોય.’

‘મા, તું નાહકની ગભરાય છે. આમ પણ હું મોટો થયો પછી એણે તારા પર હાથ ઉપાડવાનું તો બંધ કરી જ દીધું છે ને? તેમ છતાં પણ જો એ હાથ ઉપાડશે તો હું તેને જાનથી મારી નાખીશ. સોહમની આંખમાં ખુન્નસ ઊતરી આવ્યું હતું.

‘સોહમ, આ શું બોલે છે? ગમે તેમ તોપણ એ તારો બાપ છે.’

‘ખરેખર?’ સોહમે માની આંખમાં જોઈને પૂછયું.

મા ચમકી. તે સોહમની આંખમાં વધારે સમય સુધી જોઈ ન શકી. તે નીચું જોઈ ગઈ.

સોહમે પોતાના એક હાથ વડે માનો ચહેરો ઊંચો કરીને ફરીથી ધારદાર નજરે તેની આંખમાં જોઈને આખરે પૂછી જ લીધુંઃ

‘મા, સાચું બોલ મારો ખરો બાપ કોણ છે?’

(ક્રમશઃ) ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તુરીયા | Pointed Gourd |
| ગલકા | Bitter Gourd |
| પરવળ | Sponge Gourd |
| દૂધી | Ridge Gourd |
| કારેલા | Bottle Gourd |

## ઓળખાણ પડી?

પક્ષીઓના અત્યંત પ્રિય એવા આ ફળની ઓળખાણ પડી? બારે માસ મળી રહેતા ફળમાં પરમ ગુરુદત્તનો વાસ હોવાની માન્યતા છે.



અ) જાંબુડો બ) શેતૂર ક) ઉમરો ડ) કોઠીંબા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | ૨ દ | ૩ રો | ૪ અં | દ | ૫ ર | | ૬ આ | ૭ તં | ક |
| ૮ ત | ર | ક | ટ | | ૯ જા | ૧૦ પ | | ગ | |
| ૧૧ રા | જી | | ૧૨ સ | ૧૩ ન | | રં | | ૧૪ દિ | લ |
| ત્મા | | ૧૫ બા | | ૧૬ વી | ર | પ | ૧૭ સ | લી | |
| | ૧૪-અ ઉ | પ | ૧૫-અ વા | સ | | ૧૬-અ રા | ગ | | ૧૭-અ પુ |
| ૧૮ સૌ | ર | | ૧૯ પ | વી | ત્ર | | ૨૦ વ | હ | ન |
| ર | | ૨૧ પા | ર | | | ૨૨ ઉ | ડ | | રા |
| ૨૩ ભ | જ | વ | વું | | ૨૪ કા | પ | | ૨૫ સા | વ |
| | | ર | | ૨૬ જ | ય | દ્ર | ૨૭ થ | | ર્ત |
| ૨૮ વિ | રો | ધા | ભા | સ | | ૨૯ વ | ર | દા | ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | ૭ |
| | | ૮ | | | ૯ | | | | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | ૧૩ | |
| ૧૪ | | | | | ૧૫ | | | | |
| | | | ૧૬ | ૧૭ | | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | | | | ૨૨ | | | |
| ૨૩ | | | | | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| | | | | ૨૭ | | ૨૮ | | | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | | | | | | |
| ૩૨ | | | | | ૩૩ | | | ૩૪ | |

**આડી ચાવી**

૧. પરોઢિયું, મળસ્કું (૫)
૪. અવગણના, અપમાન (૪)
૮. શ્રીમંત, ભોપાળું (૨)
૯. હનુમાનજી (૫)
૧૦. બગાડ, પરિવર્તન (જો. છૂ.) (૩)
૧૨. સ્ત્રી (૨)
૧૩. મારું, બાળકનું ભોજન (૨)
૧૪. ક્રીડા કરવી (૩)
૧૫. પરાજય (૨)
૧૬. --- કરવી એટલે ઉપર બેસવું (૩)
૧૮. મદદ (૩)
૨૦. સળગતો કોલસો (૩)
૨૨. આશ્ચર્યજનક ઉદ્ગાર (૧)
૨૩. એકદમ તાજા (૪)
૨૫. લાજ, લજ્જા (૩)
૨૭. જોરદાર (૪)
૨૯. ક્રિકેટ હોય કે ફૂટબોલ, આ તો જોઇએ જ (૨)
૩૧. ઘરમાં હવા ઉજાસ માટે જરૂરી (૨,૩)
૩૨. વનસ્પતિનો જ આહાર (૪)
૩૩. ધૂળ (૨)
૩૪. ડર, બીક (૨)

**ઊભી ચાવી**

૧. બહાદુર, યોદ્ધો (૪)
૨. ગાય, ભેંસ અવાજ કરે તે (૪)
૩. ઘાસ (૨)
૪. સજ્જનોને બચાવવા ઇશ્વર --- લે (૪)
૫. જંગલ (૨)
૬. કોમળ, નિર્દોષ, નમણું (૩)
૭. વડીલોને --- પ્રણામ કરવા (૫)
૯. પાણી ભરીને આવતી સ્ત્રી (૪)
૧૧. આકર્ષક (૫)
૧૭. ગંધ, રહેઠાણ (૨)
૧૯. --- મારવી એટલે સંમત થવું (૩)
૨૦. અંતરની દશા (૫)
૨૧. એક જાતનું કંદ (૩)
૨૪. શેરબજારમાં ક્યારેક --- વેચવાં પડે (૪)
૨૫. સપનાં (૩)
૨૬. શ્રીમાન (૪)
૨૭. પૃથ્વી --- પર ફરે (૨)
૨૮. ચામડીનો રોગ (૩)
૩૦. --- બારી એટલે નાની બારી (૨)
૩૧. દારૂ પીવાનું સ્થાન (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘ચલ ઓઘડિયા અપને ગાંવ’ પંક્તિમાં ઓઘડ શબ્દનો અર્થ જણાવો.

અ) બેરોજગાર બ) ચોઘડિયું ક) અણઘડ ડ) ઉત્સાહી

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ETHOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) હવામાં ભેજ બ) પૃથ્વીની સપાટી
ક) પ્રાણીનું વર્તન ડ) ધાતુના ગુણધર્મો

## માતૃભાષાની મહેક

અંગ્રેજીમાં ‘જેક ફ્રૂટ’ તરીકે ઓળખાતું ફણસ મહારાષ્ટ્ર ઉપરાંત તમિલનાડુમાં પણ ખાસ્સું પ્રચલિત છે અને ભોજનમાં એની હાજરી મનગમતી હોય છે. તમિલ ભાષાની ઉખાણાં, કહેવતો અને કવિતામાં એની હાજરી જોવા મળી છે. એક તમિલ ભાષાનું ઉખાણું છે કે ’મુળ્ળુકુળ્ળે મુત્તુકુળયમ્. અદ યેન્ન? પલાપળમ’ (કાંટાની અંદર મોતીનો પાક. તે શું? ફણસ).

## ઈર્શાદ

બધું જાણ્યા પછી પણ તું મને સમજાવવા આવે?
ગજબ છે નહિ કે ઉત્તર ખુદ સવાલો પૂછવા આવે?!

-જિગર ફરાદીવાલા

## માઈન્ડ ગેમ

ટાંકણું, હથોડો જેવાં ઓજારોનો ઉપયોગ કરી પથ્થરોમાં કોતરકામ કરી મૂર્તિ બનાવનાર તેમજ ઈમારત ઊભી કરનાર ઈસમ કયા નામે ઓળખાય છે?

અ) સલાટ બ) ભાવસાર
ક) પિંજારા ડ) બારોટ

## સુડોકુ-૭૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૪ | | ૭ | | ૬ | |
| ૪ | | | ૫ | | ૬ | | | ૧ |
| | ૬ | | | | | | ૭ | |
| | ૯ | ૫ | | ૧ | | ૭ | ૩ | |
| | | | ૩ | | ૯ | | | |
| | ૩ | ૧ | | ૮ | | ૬ | ૯ | |
| | ૧ | | | | | | ૨ | |
| ૨ | | | ૮ | | ૧ | | | ૩ |
| | ૮ | | ૯ | | ૨ | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૩ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૭ | ૬ | ૫ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૭ | ૬ |
| ૪ | ૩ | ૨ | ૮ | ૬ | ૯ | ૫ | ૧ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૩ | ૪ |

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| આરોગ્ય | Health |
| આહાર | Diet |
| આરામ | Rest |
| આસવ | Essence |
| અમ્લ | Sour |

માઈન્ડ ગેમ
પાલક

ઓળખાણ પડી?
લીંબોળી

ગુજરાત મોરી મોરી રે
સ્ટેમ્પ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઘર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ સંઘવી (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) નુતન વિપીન (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) શ્રદ્ધા આશર (૧૪) પ્રવીણ વોરા (૧૫) અશોક સંઘવી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) શીરીન ઔરંગાબાદવાલા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મીનળ કાપડિયા (૨૧) હર્ષા મહેતા (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) મહેશ દોશી (૨૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) અંજુ ટોલિયા (૨૮) નંદકિશોર સંજાણવાળા (૨૯) કિશોર બી. સંઘરાજકા (૩૦) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૧) જગદીશ ઠક્કર (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) નિતિન બજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) લજિતા ખોના (૩૬) અમીશી બંગાળી (૩૭) સુરેખા દેસાઈ (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાની (૪૭) અરવિંદ કામદાર

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# કોઇ વાર વ્યક્તિ સાચા કે ખોટા કારણસર પાપભાવનાથી પીડાતી હોય છે

(ગતાંકથી ચાલુ)

કેટલીક વ્યક્તિઓ પોતે કોઇ પાપ કર્યું છે તેવી ભાવના અર્થાત પાપગ્રંથિથી પીડાય છે. આ પ્રકારની ગ્રંથિને કારણે વ્યક્તિ સતત પીડા અનુભવે છે. પાપગ્રંથિની આ વેદનામાંથી મુક્ત થવા માટે વ્યક્તિ કોઇ સાચીખોટી ક્રિયા કરવાને રવાડે ચડી જાય છે કે તેવા વિચાર કરવાને રવાડે ચડી જાય છે. વસ્તુતઃ વ્યક્તિ આવી કૃતિ કે આવા વિચાર દ્વારા પોતાની જાતને શિક્ષા કરવા ઇચ્છે છે અને તે રીતે પાપની દુઃખદ ભાવનામાંથી મુક્ત થવા ઇચ્છે છે.

એક વ્યક્તિ પોતાના ઘરની નાનીમોટી વસ્તુઓનો નાશ કરવાની આદતથી પીડાય છે. એકબીજી વ્યક્તિ પોતાના શરીરને નાનીમોટી ઇજા કર્યા કરે છે. બીજી એક વ્યક્તિ પોતાની કેન્સર જેવી કોઇ બીમારી થશે તેવા વિચારો કર્યા જ કરે છે. વ્યક્તિના આ પ્રકારના વ્યવહારનું કારણ શું છે? વસ્તુતઃ આવી ક્રિયાઓ કે આવા વિચારોથી તે વ્યક્તિ પોતાની જાતને સજા કરે છે. આ રીતે પોતાની જાતને સજા કરીને તે પાપગ્રંથિમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે.

વ્યક્તિના ચિત્તમાં ચાલતી આ પ્રક્રિયા વિશે અને તેના પ્રકારના વ્યવહાર વિશે તે જાગૃત હોતી નથી. આ કૃતિદબાણ કે મનોદબાણ પાછળ જે કારણપ્રક્રિયા હોય છે તેનાથી તે સભાન હોતી નથી. તે બધું અભાનપણે ચાલતું હોય છે.

૬. આત્મશુદ્ધિનો પ્રયત્નઃ

કોઇ વાર વ્યક્તિ સાચા કે ખોટા કારણસર પાપભાવનાથી પીડાતી હોય છે. પોતે કોઇ પણ કર્યું છે અને પોતે પાપી વ્યક્તિ છે આવી ભાવના તેના મનમાં ઘર કરી જાય છે. આ પ્રકારની ભાવના દુઃખદ હોય છે અને દુઃખ કોઇને ગમતું નથી. વ્યક્તિ જાણ્યે કે અજાણ્યે આવી દુઃખદ મનોદશામાંથી મુક્ત થવા ઇચ્છે છે.

આવા સંજોગોમાં વ્યક્તિ પોતાના પાપને ધોવા માટે કોઇક પ્રકારની ક્રિયા યંત્રવત્ કર્યા જ કરે છે અને તે રીતે તે ક્રિયા દ્વારા પાપને ધોવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારની ક્રિયા અનિવાર્ય સ્વરૂપ ધારણ કરે એટલે વ્યક્તિ અનિવાર્ય ક્રિયાદબાણની મનોવિકૃતિનો ભોગ બની જાય છે.

એક ચૌદ વર્ષનો છોકરો દિવસમાં અનેક વાર હાથ ધોતો. તેના હાથમાં લોહી નીકળે તોપણ તે હાથ વોનું ચાલુ રાખતો. જો તેને આમ કરતાં રોકવામાં આવે તો ગુસ્સે થતો કે રડવા માંડતો, પરંતુ પોતાની હાથ ધોવાની ક્રિયા છોડી દેતો નહીં. વળી તે દિવસમાં અનેક વાર સ્નાન કરતો અને તેનું સ્નાન કોઇ વાર તો બે કે ત્રણ કલાક સુધી ચાલતું. આ છોકરાને પોતાના આવા વર્તન માટે કારણ પૂછવામાં આવે ત્યારે તે જુદાંજુદાં કારણો આપતો, પરંતુ જ્યારે ખૂબ પ્રેમપૂર્વક સમજાવીને તેને પૂછવામાં આવ્યું ત્યારે તેણે પોતાના સર્વ અનુભવો કહ્યા. આ છોકરો નાની વયે બીજાં બાળકો સો લૈંગિક પ્રવૃત્તિઓ કરતો. તે માટે તે પોતાને પાપી ગણતો અને પોતે ગુનેગાર છે, તેવી ભાવનાથી પીડાતો હતો. તે હસ્તમૈથુન પણ કરતો અને તે માટે શરમ તથા પાપભાવ અનુભવતો. આ પ્રકારની ટેવમાંથી મુક્ત થવા માટે તેણે અનેક વાર સંકલ્પો કર્યા હતા અને ખૂબ પ્રયત્નો કર્યા હતા. આમ છતાં તે આવી ટેવમાંથી મુક્ત થઇ શક્યો નહીં. પરિણામે તે પાપગ્રંથિનો ભોગ થઇ ગયો. તે ખૂબ શરમ અને પીડા પણ અનુભવતો.



આ વેદનાયુક્ત પાપગ્રંથિમાંથી મુક્ત થવા માટે તે આત્મશુદ્ધિ કરવા ઇચ્છતો હતો, પરંતુ આત્મશુદ્ધિ કરવી કેવી રીતે? સતત હાથ ધોવાની ક્રિયા કે સતત સ્નાન કર્યા કરવાની ક્રિયા વસ્તુતઃ તેને માટે આત્મશુદ્ધિની ક્રિયા હતી. આ ક્રિયાઓ દ્વારા તે આત્મશુદ્ધિનો પ્રયત્ન કરતો હતો. આ ક્રિયા વખત જતાં અનિવાર્ય સ્વરૂપે અને અવશપણે થવા માંડી અને આ રીતે તે અનિવાર્ય કૃતિદબાણની વિકૃતિનો ભોગ બની ગયો.

આપણે નોંધવું જોઇએ કે આ સમ્રગ પ્રક્રિતા વિશે દર્દી સભાન હોતો નથી. તે યંત્રવત્ ક્રિયા કર્યે જાય છે, પરંતુ તેની પાછળની માનસિક પ્રક્રિયા વિશે તે અભાન હોય છે.

અનિવાર્ય મનોદબાણ (જ્ઞબયતયતતશદય ચિફભશિંજ્ઞક્ષત) અને અનિવાર્ય કૃતિબાણ (ભજ્ઞળાીહતશદય ચિફભશિંજ્ઞક્ષત)ની મનોવિકૃતિઓ પાછળ આપણે જોયાં તેમાંનું કોઇ એક કે અધિક કારણો ભાગ ભજવતાં હોય છે.

અત્યાર સુધી આપણે આ બંને મનોવકૃતિઓ વિશે આધુનિક મનોવિજ્ઞાનની દષ્ટિએ વિચાર કર્યો છે. હવે આપણે યૌગિક દષ્ટિકોણથી આ વિકૃતિઓ વિશે વિચાર કરીએ.

પ્રથમ આપણે યૌગિક દષ્ટિકોણથી મનોદબાણ અને કૃતિદબાણના સ્વરૂપ અને કારણમીમાંસાને સમજવાનો પ્રયત્ન કરીએ.

મનોદબાણ અને કૃતિદબાણની ચાર લાક્ષણિકતાઓ છેઃ

(૧) દરદીનાં વર્તન-વિચારમાં અવશપણું અર્થાત્ અનિવાર્યતા

(૨) દરદીનાં વર્તન-વિચારમાં યાંત્રિક પુનરાવર્તન

(૩) દરદીમાં જાગૃતિનું ધોરણ નીચું

(૪) દરદીના જીવનમાં પ્રસન્નતાનો અભાવ અર્થાત્ દુઃખયુક્ત મનોદશા.

આપણે નોંધવું જોઇએ કે આ વિકૃતિનો ભોગ બનનાર દરદીનાં સમગ્ર વર્તન-વિચારમાં અવશપણું કે યાંત્રિક પુનરાવર્તન હોતું નથી. દરદી કેટલીક નિશ્ચિત ક્રિયાઓ અને વિચારોમાં અવશપણું કે યાંત્રિક પુનરાવર્તન હોતું નથી. દરદી કેટલીક નિશ્ચિત ક્રિયાઓ અને વિચારોમાં અવશ હોય છે અને તેમનું યાંત્રિક પુનરાવર્તન કરે છે, પરંતુ બાકીના વર્તન-વિચારમાં તે સમધારણ હોય છે તેમ જોવા મળે છે.

હા, દરદીમાં જાગૃતિનું ધોરણ નીચું હોય છે, તે તો તેના સમગ્ર જીવન અને વર્તનની તરેહમાં જોવા મળે છે. દરદીની આનતુરક અવસ્થા પ્રસન્ન નહીં, પરંતુ દુઃખપૂર્ણ હોય છે, તે તો સર્વત્ર જોવા મળે છે. આ વેદનામાંથી મુક્ત થવા માટે તો દરદી આવી વિકૃત વર્તન-તરેહનો આશરો લે છે.

પ્રશ્ન એ છે કે આ પ્રકારની વિકૃત વર્તન-તરેહનો આશરો લેવાથી દરદી શું ખરેખર તે વેદનામાંથી મુક્ય થાય છે? ના, દરદી ખરેખર તેમાંથી મુક્ત થતો નથી, પરંતુ તેમાં વધુ ને વધુ ફસાતો જાય છે, તેથી તો આ વર્તન-તરેહને વિકૃતિ ગણવામાં આવે છે. આવું વિકૃત વર્તન દુઃખમુક્તિનો ઉપાય છે, પરંતુ સાચો અને કારગત ઉપાય નથી જ.

અનિવાર્ય કૃતિકબાણ અને મનોદબાણના સ્વરૂપની વિચાર કર્યા પછી હવે આપણે તેમની કારણમીમાંસા સમજવા પ્રયત્ન કરીએ.

યૌગિક દષ્ટિકોણથી વિચારીએ તો આપણે અનિવાર્ય મનોદબાણ અને કૃતિદબાણનાં કારણો આ રીતે મૂકી શકીએ.

(૧) પાપભાવનાઃ

મેં કોઇક પાપ કે અપરાધ કર્યો છે તેવી ગ્રંથિ કે પાપગ્રંથિને પાપભાવના કહે છે. આ ભાવના જાગ્રત કે અર્ધજાગ્રત કે અજાગ્રત પણ હોઇ શકે છે. દરદી આ પાપગ્રંથિજન્ય વિષાદમાંથી રાહત પામવા માટે મનોદબાણ કે કૃતિદબાણનો આશરો લે છે.

(૨) ભયભીત મનોદશાઃ

ઊંડી ભયગંથિને કારણે દરદી ભયમુક્ત થવા માટે ફાંફાં મારે છે. આ ભયગ્રંથિ જ તેને અમુક વિચાર કે કૃતિ વારંવાર કરવા માટે પરવશ બનાવે છે. તીવ્ર ભયને કારણે વ્યક્તિનો પોતાના વર્તન કે વિચાર પરનો કાબૂ ચાલ્યો જાય છે.

(૩) દુઃખી મનોદશાઃ

દુઃખ કે વેદના તો મનોદબાણ અને કૃતિદબાણના પાયામાં છે. વસ્તુતઃ આ બંને વિકૃતિઓ દુઃખાંથી રાહત મેળવવા માટે મન દ્વારા રચિત ઉપાયો છે. ઉપાયો વિકૃત છે તેથી આ ઉપાયો મનોવિકૃતિનું સ્વરૂપ ધારણ કરે છે.

(૪) જાગૃતિનો અભાવઃ

મનોદબાણ અને કૃતિદબાણમાં થતા અનિવાર્ય વ્યવહાર પરવશપણે થાય છે. દરદી સાવ બેભાનાવસ્થામાં જીવતો નથી, પરંતુ આ વિકૃતિમાં થતા વ્યવહારમાં જાગૃતિની ખામી તો કારણભૂત હોય જ છે. પૂર્ણ જાગૃતિ તો એક આદર્શ છે. થોડીઘણી બેભાનાવસ્થા તો સર્વ જનોમાં હોય છે. આ બેભાનાવસ્થાનું પ્રમાણ વધી જાય અર્થાત્ જાગૃતિનું ધોરણ નીચું આવે તો વર્તનમાં વિકૃતિઓ જન્મે છે. જાગૃતિમાં સ્વસ્થતા અને બેભાનાવસ્થામાંથી વિકૃતિઓ જન્મે છે એ તો સર્વવિદિત છે.

અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણનાં દરદીઓમાં જાગૃતિનું ધોરણ સામાન્ય કરતાં નીચું હોય છે. જાગૃતિનો આંશિક અભાવ આ બંને વિકૃતિઓને આધાર આપે છે.

જે માણસ જાગૃત હોય તે આવી અસંગત ક્રિયાઓ અવશપણે કરે જ શા માટે?

(૫) સમજનો અભાવઃ

સમજના અભાવમાંથી અનેક સમસ્યાઓ જન્મે છે અને સમજના સામર્થ્યથી સમસ્યાઓનું વિસર્જન થવા માંડે છે.

વર્તન અને વિચારની સમસ્યાઓ એ તો અંધકારનાં જાળાં છે અને સમજ પ્રકાશનો ધોધ છે. જેમ પ્રકાશના સામર્થ્યથી અંધકાર વિલીન થાય છે તેમ સમજના સામર્થ્યથી વિકૃતિઓ વિલીન થવા માંડે છે.

એવું સ્પષ્ટ રીતે જોવા મળે છે કે જે વ્યક્તિઓ અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણનો ભોગ બનેલી હોય છે. તેમની પોતાની જાત વિશેની સમજ ઘણી કાચી અને અધૂરી હોય છે. આમ સમજનો અભાવ આવી વિકૃતિઓના પ્રાદુર્ભાવ માટે ભૂમિકા પૂરી પાડે છે.

જે સ્થાનમાં અંધકાર હોય તે સ્થાનમાં ચામાચીડિયાં પોતાનાં ઘર બનાવે છે. તે જ રીતે જ વ્યકિતમાં સમજનો અભાવ હોય તે વ્યક્તિના મનમાં અનિવાર્ય કૃતિદબાણ અને અનિવાર્ય મનોદબાણ જેવી વિકૃતિઓ જન્મે છે અને વિકસે છે.

હવે આપણે જોઇએ કે અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણની યૌગિક ચિકિત્સા કઇ રીતે થઇ શકે.

અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણની ચિકિત્સા માટે યૌગિક માનસચિકિત્સામાં છ સાધનો ઉપલબ્ધ છે. આ સાધનો ક્યા સ્વરૂપે અને કેટલા પ્રમાણમાં પ્રયોજવાં તેનો નિર્ણય તો દરદીની વ્યક્તિગત ભિન્નતાને દષ્ટિ સમક્ષ રાખીને કરવો જોઇએ. અહીં આપણે આ સાધનોના સામાન્ય વિચારણા કરીએ છીએ.

૧. પ્રણવ-ઉપાસનાઃ

પ્રણવ-ઉપાસના મૂલતઃ ચિકિત્સાપદ્ધતિ નથી, પરંતુ અધ્તાત્મસાધન છે. ભારતીય અધ્યાત્મપરંપરામાં પ્રણવ-ઉપાસનાને ઘણી ઉચ્ચ કક્ષાની સાધના ગણવમાં આવે છે. આ અધ્યાત્મસાધનનો માનસિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે પણ ઉપયોગ થઇ શકે તેમ છે.

પ્રણવ-ઉપાસનાની પદ્ધતિ નીચે પ્રમાણે છેઃ

(૧) કોઇ એક અનુકૂળ બેસવું.

(૨) પર્યાપ્ત પ્રમાણમાં શ્વાસ અંદર ભરવો, અર્થાત્ દીર્ઘ અને પૂર્ણ પૂરક કરવો. પછી રેચક સાથે યથાશક્ય નીચા સ્વરથી 'ઓ'ની ઉચ્ચાર કરવો. 'ઓ'ની ત્રણ માત્રા છે. માત્રા એટલે લગભગ એક સેકન્ડ જેટલો સમય. ત્રણ માત્રા અર્થાત્ ત્રણ સેકંડ જેટલો સમય 'ઓ'નો ઉચ્ચાર કર્યાપછી મુખ બંધ કરીને 'મ'નો ઉચ્ચાર કરવો. 'મ'નો ઉચ્ચાર યથાશક્ય ગમે તેટલો લંબાવી શકાય છે. 'મ'નો ઉચ્ચાર પૂરો થાય પછી થોડી ક્ષણો બાહ્ય કુંભકની અવસ્થામાં રહેવું. તે વખતે ઓમકારના અનુરણનનું સ્મરણ કરવું, પછી પૂરકનો પ્રારંભ કરવો. ધીમી ગતિએ યથાશક્ય દીર્ઘ પૂરક દ્વારા શ્વાસ પૂરેપૂરો અંદર ભરી લેવો. પછી ફરીથી રેચક સાથે ઓમકારનો ઉચ્ચાર કરવો.(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# તાપણું હોય કે આપણું, પણ થોડું અંતર રાખવું સારું



ગઇકાલે હું બાથરૂમમાં નહાવા માટે અંદર જઉં એ પહેલાં ટી.વી પર સમાચાર જોયાઃ 'રાજકોટમાં કાતિલ ઠંડીના કારણે ૩નાં મોત' તુર્ત જ મારો ચહેરો પાંજરાપોળની ગાય જેવો થઈ ગયો ને ફટાફટ પાછાં કપડાં પહેરી લીધાં, નહાવાનું માંડી વાળ્યું. અલ્યા ભૈ, જીવતા હોઈશું તો ઉનાળામાં પણ નવાશે ને યુ નો.

એકવાર આ સ્વાર્થી જગત તમારી આંખમાંથી નીકળતાં આંસુ કોઈ લૂછી જશે, પણ શરદીમાં નીતરતા નાક લૂછવા કોઈ માઈનો લાલ કે લાલી નઇ આવે.

બાળપણમાં પણ જયંતીલાલ માસ્તરે એક સ્નાનસૂત્ર આપેલું એ યાદ આવ્યુંઃ

'નિત્ય નહાય એ નરકે જાય, માસે નહાય તો મહાપદ પાય, વર્ષે નહાય તો વૈકુંઠ જાય ને કદી ન નહાય એને ઘેર જમ પણ ન જાય'

આ મને આજે પણ યાદ છે. એ વખતે હું ધોરણ સાતમાં ભણતો ને સ્કૂલમાં માસ્તરે સવાલ પૂછેલોઃ 'બતાવો બાળકો, શિયાળનું બહુવચન શું થાય?'

'શિયાળો.' એક સાથે બધા વિદ્યાર્થીઓનો સામૂહિક જવાબ

'શાબાશ..ચંબુ, હવે એ બતાવ કે શિયાળો શરૂ થયો એની ખબર કેમ પડે?'

'આમ તો ન જ પડે સર, પણ ભગવાન જાણે અમારી સાથે શું દુશ્મની હશે કે કાલે કોઈ ટોપો સોસાયટીની ટોયલેટની ટાંકીમાં બરફ નાખી ગયો ત્યારે ખબર પડી કે ઑફિસિયલ શિયાળાની શરૂઆત થઈ ચૂકી છે.'

'વાહ, ઠાકર.. હવે તું મને એ બતાવ કે સૌથી વધુ બરફ ક્યાં પડે છે?'

'સર, દારૂના ગ્લાસમાં'

'દારૂના ગ્લાસમાં? એ કઈ રીતે?'

'મારા પિતા પીતા ત્યારે દારૂમાં બરફ નાખતા જોયેલા'

'ચંપક, તું એ બતાવ કે પિતા કોને કહેવાય?'

'સર, પિતા એટલે પોતે પીતા હોય એ ચાલે પણ તમને પીતા જોઈ જાય તો છોતરાં કાઢી નાખે એનું નામ પિતા' ચંપક ઉવાચ

'યુ નો કે આવા એક પિતા મહાત્મા ગાંધી હતા, એમનો જન્મ કઈ સાલમાં થયેલો?'

'સર, એ સાલમાં નઇ ગોદડીમાં જન્મેલા ને એ વખતે એવી કાતિલ ઠંડી કે....'

'એક મિનિટ, હવે ચમન... તું મને એ બતાવ કે ઠંડી લાગે તો તમે શું કરો?'

'કરવાનું શું? હિટર પાસે બેસીએ.'

'એ બતાવ કે બેઠા પછી પણ ઠંડી ન રોકાય તો..'

'તો હીટર ચાલુ કરીએ.'

આ સાંભળી માસ્તરની ખોપરી જ હીટર બની ગઈ પછી તરડાયેલા મોઢે પૂછ્યુંઃ

'ચંબુ, ચંપક, ને ઠાકર

તમે મને વારાફરતી એ બતાવો કે સૌથી વધુ ઠંડી કયા એરિયામાં પડે છે?

'સર, અમારા એરિયામાં' ચંબુ બોલ્યો : 'એટલી ખતરનાક ઠંડી પડેલી કે ટાઈપરાઇટરમાં WATAR ટાઈપ કરો તો અંદર ICE છપાય'

'અરે, સર.. આ તો કંઇ નથી. અમારા એરિયામાં એટલી ભયંકર ઠંડી કે ભેંશને દોહીએ તો સીધી ગુલ્ફી જ બહાર..'

'અબે એય ગુલ્ફીની સગલી, સર... અમારી બાજુ એટલી ખતરનાક ઠંડી કે પેલા રસિક સટોડિયાએ આપઘાત કરવા સોસાયટીના ધાબા પરથી ભમ કરતી છલાંગ મારી પણ એ વચ્ચે જ થીજી ગયો. બોલો, નીચે પડ્યો જ નહીં.'

'એય ફેંકું, ગુરુત્વાકર્ષણનો નિયમ છે કે ઉપરથી કંઈ પણ પડે નીચે જ પડે પછી એ માણસ હોય કે વસ્તુ'

'પણ સર, તમે માનશો નઇ એ દિવસે નિયમ પણ ઠરી ગયેલો'

'અબે, ચૂપ.. મારા માન્યમાં નથી આવતું કે આવું .'

'એ જ તો કીધું કે તમે માનશો નઇ.'

માસ્તર ખુદ ઠંડીની વાતોથી ગરમ થઈ ગયાઃ

'હવે વધુ ફેંકશો તો હું ખુદ કાયમ માટે ઠરી જઈશ. હવે એ બતાવો કે..'

'સૉરી ટુ સે...સર, હવે કશું નઇ બતાવીએ બધું અમે જ બતાવશું તો તમે શું કેરમ રમશો?' મારી ખચકી.

'પ્લીઝ' માસ્તરનો ચહેરો તાજી વિયાએલી ગાય જેવો થઈ ગયોઃ

'આપ શિષ્યો, આપના ચરણ આપો મારે બધાને દંડવત કરવા છે' એટલું બોલી આંખોમાં ઝળઝળિયાં સાથે માસ્તર બહાર નીકળી ગયા.

આજે જિંદગીની સાંજ પડી ગઈ, આ વાતને વર્ષો વિત્યાં, પણ ઠંડીના અનુભવો યાદ છે ને આજની દશા જુઓ આજે અડધી રાતે રૂમમાં કટકટ અવાજ સાંભળી મારી ચંપા બોલીઃ

'સુભુ, જુઓ તો આપણા રૂમમાં ઉંદરડાં કપડાં કાતરતાં નથી ને?'

'અરે, મારી રાતરાણી તે મારા પરથી ધાબળો ખેંચી કાઢ્યો છે તેથી ઠંડીની ધ્રુજારીથી કડકડ થતાં મારા દાંતનો અવાજ છે. ઓઢવાનું ખેંચવાવાળી બીજા દુખમાં શું સાથ આપવાની?'હું રડમસ અવાજે બોલ્યો.

છેવટે હું મચ્છરદાની ઓઢીને સૂતો ત્યાં ઝૂમઝૂમઝૂમઝૂમ કરતો મચ્છર મારા કાનમાં બોલ્યોઃ 'પ્લીઝ, મને અંદર આવવા દો.. હું કરડીશ નઇ - વિશ્વાસ રાખો એક બાજુ બેસી રહીશ. બાર બહુ ઠંડી છે.'

'જો મચ્છર બકા' હું અંદરથી બોલ્યોઃ

'ખાસ હોય, શ્વાસ હોય કે વિશ્વાસ હોય, કોઈનો ભરોસો ન કરાય. યુનો, એકવાર મારા બાપુએ મને કબાટ ઉપર ચડાવીને કીધુંઃ 'માર છલાંગ, હું તેડી લઈશ, હું છું ને' પણ જેવી છલાંગ મારી કે બાપુ તો ખસી ગયા ને હું ધડામ કરતો નીચે, મારા ઘૂંટણ છોલાઈ ગયા. મેં ભેકડો તાણતાં પૂછ્યુંઃ 'મારા સગા બાપુ થઈને આવો દગો? ખસી જવાનું?' એ બોલ્યા, 'બેટા, મારે તને એ શિખવાડવું છે કે આજે સગા બાપ પર પણ જલદી વિશ્વાસ ન મૂકતો. જીવનમાં આપણા જ આપણી પથારી ફેરવતા હોય... યાદ રાખ, તસવીરમાં સાથે હોય એ તકલીફમાં ન પણ હોય. જગતનો નિયમ છે તાપણું હોય કે આપણું, થોડું અંતર રાખવું સારું. નજીક જઈએ તો દાઝી જવાય ને દૂર જઈએ તો ઠંડી લાગે' તો મેરે મચ્છર ભૈયા, સાંભળ એકવાર કદાચ ઠંડીમાં ધાબળા વગર સૂતેલા માણસને ધાબળા ઓઢાડવા તો સૌ તૈયાર થાય પણ ભૂખ્યા અને હૂંફ વગર સૂતેલા માણસનું કોણ? તારે ઠંડીથી બચવું હોય તો અમે જેમ મચ્છરદાની વસાવીએ છીએ એમ તમે માણસદાની વસાવી લો. બાકી સૉરી, હું અંદર નઇ લઈ શકું'

આ સાંભળી નિસાસા નાખતો મચ્છર ઝૂમઝૂમઝૂમ ગણગણતો ઊડી ગયો

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

ફોકસ

રેખા દેશરાજ

# હાથી જેવી તાકાત આપે છે વિદારીકંદ જડીબુટ્ટી



આયુર્વેદની વર્ષો જૂની આ ઔષધિ સાથે ઘણી દંતકથાઓ સંકળાયેલી છે. એવું માનવામાં આવે છે કે મહાભારત કાળમાં ભીમ અને દુર્યોધન પાસે હાથીઓ જેવી તાકાત હતી, તેનું કારણ વિદારીકંદ જડીબુટ્ટી જ હતી. વિદારીકંદ એ બારમાસી ઔષધિ છે, જેને ભારતીયો કુડઝૂ તરીકે પણ ઓળખે છે. તેનું વૈજ્ઞાનિક નામ પ્યુએરિયા ટ્યુબરોજા છે. તે ફેબેસી પરિવારની એક ઔષધિ છે. તેમાં અસંખ્ય પોષક તત્ત્વો મળી આવે છે. તેથી તેને ઔષધી નહીં, એક મહાઔષધી માનવામાં આવે છે. કેટલાક લોકો તેને કાયાકલ્પ કરનાર ઔષધિનું કંદ (મૂળ) પણ કહે છે. તેનો ઉપયોગ રોગપ્રતિકારક શક્તિ બૂસ્ટર અને ઝડપી પુનઃપ્રાપ્તિ ટોનિક તરીકે પણ થાય છે.

વિદારીકંદ એક વેલો હોવા છતાં, તે કોઈપણ ઋતુમાં ઊગે છે અને કોઈપણ જગ્યાએ ફેલાય છે, પરંતુ તેનો સૌથી ઉપયોગી ભાગ તેનો કંદ અથવા મૂળ છે. વિદારીકંદનો ઉપયોગ ઘણી દવાઓ બનાવવામાં થાય છે. જ્યાં સુધી પ્રાચીન સમયમાં તેને શોધવાનો સવાલ છે તો તે ચોક્કસપણે જંગલમાં મળી આવતી. ખાસ કરીને ઉત્તર ભારતના મેદાની અને પહાડી વિસ્તારોમાં તે વેલાના રૂપમાં ફેલાય છે અને જમીનની અંદર તેના કંદ વિકસે છે. આજકાલ તેની ખૂબ ખેતી થાય છે કારણ કે વિદારીકંદ ડઝનેક સારવારમાં અસરકારક છે.

વિદારીકંદમાં સૌથી વધુ જે ગુણધર્મો જોવા મળે છે તે નીચે મુજબ છે - તે એન્ટીઑકિસડન્ટ, એન્ટિબેક્ટેરિયલ, એન્ટિવાયરલ અને એન્ટિફંગલ ગુણોથી ભરપૂર છે. પહેલા કહેવામાં આવ્યું તેમ તે રોગપ્રતિકારક શક્તિ બૂસ્ટર છે, શરીરને તમામ પ્રકારના રોગો સામે લડવામાં મદદ કરે છે. પુરૂષો દ્વારા નિયમિતપણે તેનું સેવન કરવામાં આવે તો તેમની જાતીય શક્તિ વધે છે અને સ્ત્રીઓ દ્વારા તેનું સેવન કરવામાં આવે, તો તેમની પ્રજનન ક્ષમતા મજબૂત બને છે. વિદારીકંદ જેના સેંકડો અદ્ભુત ફાયદા છે, તેના સૌથી સામાન્ય અને દૃશ્યમાન ફાયદાઓમાંનો એક છે ત્વચામાં અદ્ભુત ગ્લો. જો ઔષધિશાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ નાનાં બાળકોને વિદારીકંદ આપવામાં આવે તો બાળક સ્વસ્થ અને ઝડપથી વૃદ્ધિ પામે છે. વિદારીકંદ પાવડરને સૂકી દ્રાક્ષ સાથે લેવામાં આવે તો તે બાળકોના શરીરને મજબૂત બનાવે છે. રિકવરીમાં કોઈ વ્યક્તિ માટે તે રામબાણ ટોનિક તરીકે ફાયદાકારક છે. તેની તાસીર મધુર, સ્નિગ્ધ, શીતળ અને કામોત્તેજક છે. તેના કંદ અને ફૂલોમાં એન્ટિબાયોટિક ગુણધર્મો જોવા મળ્યા છે.

વિદારીકંદનો પાવડર બજારમાં સરળતાથી મળી રહે છે. જેનો ઉપયોગ કોઈપણ સમયે કરી શકાય છે. વિદારીકંદ શક્કરિયા જેવું દેખાય છે, આમાંથી દૂધ પણ નીકળે છે. વિદારીકંદમાં મળતું દૂધ સ્તનપાન કરાવતી મહિલાઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. વિદારીકંદનો ઉપયોગ કરવાથી તેમના સ્તનોમાં દૂધનું પ્રમાણ પણ વધે છે અને તેની ગુણવત્તા સુધરે છે. પરંતુ તેનો ઉપયોગ ડોક્ટરની સલાહ પર જ કરવો જોઈએ. વિદારીકંદમાં શક્તિશાળી ગેલેક્ટાગોગ ક્રિયા થાય છે, જેથી સ્તનપાન કરાવતી માતાઓમાં પ્રોલેક્ટીન અને કોર્ટીકોઇડ્સનું ઉત્પાદન વધે છે.

પુરૂષોની તમામ જાતીય સમસ્યાઓને દૂર કરવામાં ખૂબ અસરકારક છે. તેનાથી પુરુષોમાં માનસિક તણાવ અને ચિંતા ઓછી થાય છે. તેમનામાં ટેસ્ટોસ્ટેરોનની ઉત્પાદકતામાં પણ વધારો કરે છે, જે તેમની કામવાસનામાં વધારો કરે છે અને તેમની પ્રજનન ક્ષમતાને પણ મજબૂત બનાવે છે. એટલું જ નહીં, તે પુરુષોમાં શુક્રાણુઓની ગતિશીલતા અને ગુણવત્તાને પણ અસર કરે છે, તે ત્વચા માટે ફાયદાકારક છે એટલું જ નહીં, પેશાબની સમસ્યાથી પીડાતા લોકો માટે પણ તે ખૂબ જ ઉપયોગી ઔષધિ છે.

વિદારીકંદનો ઉપયોગ પીડાદાયક પેશાબની પ્રક્રિયામાં રાહત આપે છે. પેશાબ કરતી વખતે થતી બળતરા અને ખંજવાળમાં વિદારીકંદ એન્ટિમાઇક્રોબાયલ અને એન્ટીબેક્ટેરિયલ ગુણ ઉત્પન્ન કરે છે. તે ઘાવને મટાડવામાં પણ ખૂબ અસરકારક છે, પરંતુ એક તરફ જ્યાં વિદારીકંદ આટલી ફાયદાકારક ઔષધિ છે ત્યાં બીજી તરફ તેના કેટલાક ગેરફાયદા પણ છે. વિદારીકંદનો વધુ પડતો ઉપયોગ લિવરને નુકસાન કરી શકે છે. ખંજવાળ, શરીરમાં લાલ રક્તકણોની ઊણપ અને ઊલટી થવાની સમસ્યા થઈ શકે છે. તેથી, વિદારીકંદ જેવી શક્તિશાળી ઔષધિનો ઉપયોગ ડોક્ટર અથવા હર્બાલિસ્ટની પરવાનગી વિના ન કરવો જોઈએ. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# શિયાળામાં તાજાં-તાજાં લાલ-લાલ ગાજર પ્રતિદિન ખાવાં જોઈએ

આપણે સર્વે એક સુંદર કહેવતથી માહિતગાર છીએ જ. ‘પૌષ્ટિક આહાર માંદગીથી બચાવે’. ‘પાકશાસ્ત્ર’ અને ‘પાકકલા’ અરસપરસ સંકળાયેલાં છે. પાકશાસ્ત્રની ખાસિયત, યોગ્ય માત્રામાં અનાજ-મસાલા-ગળપણ-ખટાશ-લોટ-તેલ-ઘી-શાકની પસંદગી કરવી. પાકકલા એટલે તેની એકબીજા સાથે મેળવણી કે મેળાપ કરીને તૈયાર કરવામાં આવતી સ્વાદિષ્ટ વાનગીનો ખજાનો તૈયાર કરવો. આહાર વ્યક્તિની સ્વાદેન્દ્રિયને આનંદિત કરી દે. સ્વાદિષ્ટ ભોજન માનવીના શરીરના વિકાસની સાથે તેનામાં ઊર્જા વધારે. કયું અનાજ કે શાક કેવી રીતે પકાવવાથી પૂરતું પોષણ આપે તે કળા છે. ભારતનાં પ્રત્યેક રાજ્યોની ભાતીગળ પાકકલાની વિવિધતા વિશે જાણવું તેમજ તેને અપનાવવાની આવશ્યક્તા છે. આ કલા વ્યક્તિગત બદલાતી હોય છે.

ચાલો... આજે એવાં જ એક શાકની વાત કરીશું જેનો ઉપયોગ પ્રત્યેક રાજ્યમાં એક ખાસ મીઠાઈ બનાવવા માટે કરવામાં આવે છે. સમજી ગયાને.....!! આપણે વાત કરવી છે શિયાળાની સવારને ગુલાબી બનાવતાં ‘લાલ-લાલ’ - ‘તાજા -તાજા’ ‘ગાજર’ તથા ‘ગાજરના હલવા’ વિશે.

શિયાળાની શરૂઆત થાય તેની સાથે બજારમાં લાલ-લાંબા ગાજર જોવા મળે. ગાજર સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે. કિલોથી વધુ ગાજર ખરીદવાની ઈચ્છા ફેરિયા પાસે પ્રકટ કરશો, તેની સાથે સીધો સવાલ આપને કરશે. શું ગાજરનો હલવો બનાવવા માટે ખરીદવા છે? જો હા કહી, તો સ્વયં તે વીણી વીણીને સારા ગાજર આપને ટોકરીમાં કાઢી આપશે. ગાજરનો હલવો મીઠાઈ જ એવી છે જેનું નામ પડતાં જ પ્રત્યેકના મોંમાં પાણી છૂટવા લાગે. ગાજરના ગુણ જોતાં પહેલાં તેમાંથી બનતી વિવિધ વાનગી વિશે જાણી લઈએ. સૂપ, સલાડ, સંભારો, રાયતું, અથાણું, મુરબ્બો, કેક, પરાઠા, પૂરી, ગાજર પુલાવ, કટલેસ, મૂઠિયાં, હલવો, ખીરની સાથે અનેકવિધ વાનગીમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

ગાજરમાં પોટેશિયમ, વિટામિન એ, વિટામિન ઈ, કેરીટોનૉઈડ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં છે. ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો સમાયેલાં છે. જેનો ઉપયોગ આહારમાં કરવાથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. તેથી જ શિયાળાની શરૂઆત થતાં ગાજરનું નિયમિત સેવન કરવું જોઈએ. પ્રતિદિન ૧ ગાજર ખાવાથી ઘરના પ્રત્યેક સભ્યોનું સ્વાસ્થ્ય જળવાઈ રહેશે. ૫૦ ગ્રામ ગાજરનું સેવન નિયમિત કરવાથી આંખોનું તેજ વધવા લાગે છે.

ગાજરને વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં ગર્જર, કન્નડમાં ગજ્જટી, તમિળમાં ગજરકીલંગૂ, બંગાળીમાં ગાજરા, તેલુગુમાં ગજ્જારગેડ્ડા, મરાઠીમાં ગાજરા, મલયાલમમાં કરફ્ફૂ, અરબીમાં બજરૂલ.



## ગાજરના સ્વાસ્થ્યવર્ધક લાભ

**આંખોની તંદુરસ્તી માટે ગુણકારી :** ગાજરમાં વિટામિન એનું પ્રમાણ ભરપૂર સમાયેલું છે. વિટામિન એ આંખોની તંદુરસ્તી માટે ખાસ પોષક તત્ત્વ ગણાય છે. વિટામિન એ આલ્ફા કેરોટીન તથા બીટા કેરોટીન નામક બે કેરોટીનૉઈડ થી મળે છે.

ગાજરમાં કૅરોટીનાઈડ નામક પોષક સત્ત્વની સાથે ઍન્ટિ-ઓક્સિડન્ટ લ્યૂટિન તથા જેક્સૈંથિન સમાયેલાં છે. જે આંખની અંદર રહેલાં પ્રાકૃતિક યોગિક રેટિના તથા લૅન્સની રક્ષા કરે છે.

**ડાયાબિટીસની સમસ્યામાં લાભકારી :** ગાજરમાં ફાઈબરની માત્રા વધુ હોવાથી તેનો ઉપયોગ કરવાથી લોહીમાં બ્લડ શુગર તથા ઈન્સ્યુલિનનું પ્રમાણ જળવાઈ રહે છે. કાચા તેમજ અધકચરાં પકાવેલાં ગાજરનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો થાય છે. તેથી ગાજરનું સેવન કરવાથી લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તેથી જ કહેવાય છે કે શિયાળામાં કાચા ગાજરનું સેવન અચૂક કરવું જોઈએ.

**વજન નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** ગાજરની એક ખાસ વાત છે કે તેમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. વળી ૮૮ ટકા પાણીની માત્રા હોય છે. જેથી ગાજરનું સેવન કરવાથી વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. વળી કૅલરીની માત્રા વિશે વાત કરીએ તો ૧ ગાજરમાં ૮૦ કૅલરીઝ સમાયેલી હોય છે. જેથી તેનું સેવન કરનાર વ્યક્તિને લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી.

**બ્લડ પ્રેશર નિયંત્રિત કરવામાં મદદગાર :** બ્લડ પ્રેશરની સમસ્યા આજકાલ વધતી જોવા મળે છે. તેને નિયંત્રણમાં રાખવા માટે વ્યક્તિએ ખાસ સાવધાની રાખવી આવશ્યક છે. કેમ કે બ્લડ પ્રેશર વધી જવાથી શરીરના વિવિધ અંગો ઉપર તેની ખરાબ અસર પડે છે. ગાજર બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી શાક ગણાય છે. તેનું મુખ્ય કારણ ગાજરમાં નાઈટ્રેટની માત્રા સારા પ્રમાણમાં છે. જે રક્ત કોશિકોને પહોળી કરવામાં મદદ કરે છે. વળી પોટેશિયમની માત્રા ભરપૂર હોવાને કારણે ગાજરનું સેવન શિયાળામાં ખાસ કરવામાં આવે તો બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં કે તેને ઘટાડવામાં મદદ મળી શકે છે.

**કૅન્સર જેવી વ્યાધિને ઘટાડવામાં મદદરૂપ :** ગાજરમાં ઍન્ટિ કૅન્સર ગુણો સમાયેલાં છે. તેથી ગાજરનું સેવન કરવાથી કૅન્સરના જોખમથી બચવામાં મદદ મળે છે. વાસ્તવમાં ગાજરમાં પૉલિ-એસિટિલીન તથા ફાલકૅરિનોલ જેવા ઘટક સમાયેલાં છે. જે કૅન્સરની કોશિકાને વિકસિત થતાં રોકવામાં મદદ કરે છે.

**હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી :** ગાજરનું સેવન હૃદયની તંદુરસ્તી માટે અત્યંત લાભકારી ગણાય છે. ગાજરનું નિયમિત સેવન કરવાથી કોરોનરી હાર્ટ- ડિસીઝ થવાની સંભાવના ઘટી જાય છે. ગાજરમાં સમાયેલાં મિનરલ્સ, પોટેશિયમ શરીરના સોડિયમ લેવલને નિયંત્રણમાં રાખવામાં તથા તેને બહાર કાઢવામાં મદદ કરે છે. લોહીમાં રહેલાં કૉલેસ્ટ્રોલ લેવલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. જેને કારણે હૃદય સંબંધિત બીમારીના ખતરાથી બચી શકાય છે. ગાજરનું સેવન કરવાથી ઍન્ટિ-ઓક્સિડન્ટનો પ્રભાવ વધી શકે છે. ગાજરમાં લાઈકોપીન હોય જેને કારણે હાર્ટ સંબંધિત રોગોથી સુરક્ષા મળે છે.

**હાડકાંની તંદુરસ્તી માટે ગુણકારી :** ગાજરમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, વિટામિન કે ભરપૂર માત્રામાં સમાયેલું હોય છે. જે શરીરને માટે આવશ્યક પોષક તત્ત્વો ગણાય છે. ઉપરોક્ત ૩ ઘટક તત્ત્વો હાડકાંની મજબૂતાઈ માટે તેમજ તેના યોગ્ય વિકાસ- સંભાળ માટે આવશ્યક છે. તેની ઊણપ શરીરમાં વર્તાય તો હાડકાંના ઘનત્વમાં ઘટાડો જોવા મળે છે. તેથી જ શરીરમાં યોગ્ય માત્રામાં કૅલ્શિયમની માત્રા જળવાઈ રહે તો હાડકાંની મજબૂતાઈ વધે છે. તેથી ગાજરનું સેવન લાભકારી છે.

**વાળ તથા ત્વચાને ચમકદાર બનાવવા માટે લાભકારક :** ગાજરમાં વિટામિન સીની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે એક પ્રભાવી ઍન્ટિઓક્સિડન્ટ ગણાય છે. જે ત્વચાને યૂવી કિરણોથી બચાવે છે. ત્વચાને ચમકદાર બનાવે છે. ત્વચાને મુલાયમ બનાવે છે. ગાજરમાં આયર્ન તથા વિટામિન સી પ્રચૂર માત્રામાં સમાયેલું હોય છે. જે વાળની તંદુરસ્તી માટે ઉપયોગી ગણાય છે. ■

### ગાજરનો હલવો



**સામગ્રી:** ૨ કિલો ગાજર, ૬ નંગ કાજુ, ૬ નંગ બદામ, ૬ નંગ પિસ્તા, ૧ મોટી ચમચી એલચી-જાયફળનો ભૂકો, ૧ મોટો ટુકડો જાવંત્રી, ૧૦૦ ગ્રામ ખાંડ અથવા ૧ વાટકી મિલ્કમૅડ, ૧ લિટર દૂધ, ૧ વાટકી બરફી ગોળ, ૨ ચમચી ઘી, ૧ ચમચી ચારોળી, ૧ ચમચી કિસમિસ.

**બનાવવાની રીત:** સૌ પ્રથમ ગાજરને બરાબર સાફ કરી લેવા. ઉપરની છાલ કાઢી લેવી. ગાજરને છીણી લેવા. એક જાડી કડાઈમાં પ્રથમ ઘી ગરમ કરવું. ઘી ગરમ થાય એટલે કાજુ, બદામ સાંતળી લઈને એક વાટકીમાં કાઢી લેવાં. ગરમ ઘીમાં ખમણેલાં ગાજર ભેળવીને ધીમા તાપે ૨ મિનિટ માટે સાંતળી લેવું. ધીમે ધીમે તેમાં ગરમ કરેલું દૂધ ભેળવવું. જાવંત્રી ભેળવીને ધીમા તાપે પકાવવું. ગાજરમાંથી દૂધ બળવા આવે ત્યારે તેમાં એલચી-જાયફળનો ભૂકો મિક્સ કરવો. દ્રાક્ષ ભેળવવી. દૂધ બધું જ બળી જાય ત્યાર બાદ ખાંડ-અથવા મિલ્કમૅડ તેમજ બરફી ગોળ ભેળવીને બરાબર મિક્સ કરી લેવું. સાંતળેલાં કાજુ-બદામને કાપીને ગાજરના હલવામાં ભેળવવા. ચારોળી -પિસ્તાની કતરણ તથા એલચી-જાયફળના ભૂકાથી સજાવવું. સ્વાદિષ્ટ તેમજ પૌષ્ટિક ગરમા-ગરમ ગાજરના હલવાની લહેજત માણવી. **નોંધ :** ગળપણનું પ્રમાણ સ્વાદ મુજબ ફેરફાર કરી શકાય છે.

feedback@bombaysamachar.com
વિશેષ
રશ્મિ શુક્લ

# છોડ રોપતી વખતે ધ્યાનમાં રાખો આ વાત



ઘણા લોકોને બાગકામ પસંદ હોય છે, તેઓ તેમના ઘરે ઘણા છોડ લગાવે છે. પરંતુ બાગકામ કરતી વખતે તમારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ, નહીં તો આ છ રોગોનું જોખમ વધી શકે છે.

ગાર્ડનિંગ ટિપ્સ: શું તમે પણ તમારા બગીચામાં ઘણાં બધાં વૃક્ષો અને છોડ વાવો છો, કિચન ગાર્ડનથી લઈને છોડ બતાવવા માટે અને વિવિધ પ્રકારના વૃક્ષો વાવવામાં આવે છે? વૃક્ષો અને છોડની સંભાળ નાના બાળકોની જેમ લેવી પડે છે, સમયાંતરે તેમને પાણી આપવું, ફળદ્રુપ અને કાપણી કરવી પડે છે. પરંતુ શું તમે જાણો છો કે બાગકામ કરવાથી છ રોગોનો ખતરો વધી શકે છે, તો ચાલો આજે તમને જણાવીએ કે તમે આ બીમારીઓથી કેવી રીતે બચી શકો છો અને બાગકામના સમયને કેવી રીતે આનંદીત અને સુરક્ષિત બનાવી શકો છો.

## ટિટાનસ

ટિટાનસ બેક્ટેરિયા (ક્લોસ્ટ્રિડિયમ ટેટની) માટી અને ગંદકીમાં જોવા મળે છે, જે રોપણી વખતે ત્વચામાં ઈજા થાય તો શરીરમાં પ્રવેશી શકે છે. આને ટાળવા માટે, બાગકામ કરતી વખતે હંમેશા મોજા પહેરો અને તીક્ષ્ણ સાધનોથી સાવચેત રહો. ટિટાનસની રસી સમયસર લો અને જો ઈજા થઈ હોય તો તેને તરત જ સાફ કરીને મલમ લગાવો.

## લેપ્ટોસ્પાયરોસિસ

આ બેક્ટેરિયા ગંદા પાણીમાં જોવા મળે છે, ખાસ કરીને પાળતુ પ્રાણી અથવા ઉંદરોના મળમૂત્રથી ચેપગ્રસ્ત પાણી. બાગકામ કરતી વખતે રબરના ગ્લોવ્ઝ અને ગમ બૂટ પહેરો, સ્વચ્છ પાણીનો ઉપયોગ કરો અને તમારા બગીચામાં પાણી સ્થિર ન થવા દો.

## ફંગલ ચેપ (રિંગવોર્મ)

રિંગવોર્મ ફૂગ ચેપગ્રસ્ત જમીન અથવા છોડમાં જોવા મળે છે અને તેનો ચેપ ત્વચાના સંપર્ક દ્વારા ફેલાય છે. તેનાથી બચવા માટે હંમેશા સારી ગુણવત્તાના મોજા પહેરો. જો ત્વચા પર ખંજવાળ કે ફોલ્લીઓ હોય તો તરત જ એન્ટી ફંગલ ક્રીમ લગાવો.

## એલર્જી અને અસ્થમાનાં લક્ષણો

વૃક્ષો રોપતી વખતે, પરાગ, ફૂગના બીજ અને ધૂળને કારણે એલર્જી થઈ શકે છે. આવી સ્થિતિમાં, બાગકામ કરતી વખતે માસ્ક પહેરો, ખાસ કરીને જો તમે ધૂળવાળી જગ્યામાં અથવા ફૂલોના છોડની વચ્ચે કામ કરતા હોવ. આ પછી તરત જ સ્નાન કરો અને કપડાં બદલો.

## ગિઆર્ડિઆસિસ

આ પરોપજીવી પાણીમાં જોવા મળે છે અને ગંદા હાથ અથવા પાણી દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે. તેનાથી બચવા માટે બાગકામ કર્યા પછી સાબુ અને પાણીથી હાથને સારી રીતે ધોઈ લો.


## બેક્ટેરિયલ ચેપ (સેપ્સિસ)

માટીમાં જોવા મળતા વિવિધ બેક્ટેરિયા, જેમ કે સ્ટેફાયલોકોકસ, ઘા દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે અને ચેપનું કારણ બની શકે છે. આવી સ્થિતિમાં, મોજા પહેરો અને જો કાપ અથવા ખંજવાળ આવે તો તેને તરત જ સાફ કરો અને દવા લગાવો. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# યુરિક ઍસિડની સમસ્યા

શરીરના સારા સ્વાસ્થ્ય માટે શરીરને જોઈતાં તમામ પોષક તત્ત્વો મળવાં જરૂરી છે. તે તત્ત્વો માટે પ્રાકૃતિક ખોરાક-પાણી જરૂરી છે. આ ખોરાકમાંથી મળતાં તત્ત્વોનું ચયાપચન જરૂરી છે. ચયાપચન પછી તેમાંથી બનતો વેસ્ટ પ્રોડક્ટસનો નિકાલ જરૂરી છે. તે પણ સમયસર અને વ્યવસ્થિત થવો જોઈએ. પ્રાકૃતિક ખોરાક કે પાણી હોય તો ચયાપચનમાં કોઈ મુશ્કેલી થતી નથી. અપ્રાકૃતિક ખોરાક અને બિનજરૂરી ખોરાક કે વધુ પડતો ખોરાક લેવાથી ચયાપચનમાં મુશ્કેલી થાય છે. ચયાપચન અને વેસ્ટ પ્રોડક્ટસનું નિયમન ખોરાવાતાં શરીરમાં બીમારીઓનો પ્રવેશ થાય છે.




આજકાલ યુરિક ઍસિડ વધવાની સમસ્યા વધી રહી છે. આ સમસ્યા જેટલી જલદી થાય છે તેટલી જેટલી વગર દવાએ છુટકારો મેળવી શકાય છે. આ સમસ્યા શા માટે વધી રહી છે તે જલદી લોકોને સમજાતું નથી. આની દવાઓ લઈ તેને દબાવી દેવાય છે. પછી થોડા સમયમાં દવા લેવા છતાં આ સમસ્યા વધી જાય છે. જોકે આ સમસ્યાનું સમાધાન વગર દવાએ કરવું એ જ હિતવાહ છે. આ સમસ્યા આગળ વધતા સાંધાઓમાં સોજા, કીડનીની સમસ્યા, હૃદયની સમસ્યાઓ, નસોમાં સોજા, ગાઉટ જેવી સમસ્યાઓ થાય છે. સોજાની સમસ્યા આગળ વધતાં બીજી નવી બીમારીઓ થાય છે.

યુરિક ઍસિડ એક કુદરતી વેસ્ટ પ્રોડક્ટ છે. જે દરેકના શરીરમાં રોજ બને છે. જૂના સેલ તૂટે નવા સેલ બને. જૂના સેલ તૂટે ત્યારે એક કેમિકલ બને તેને પ્યુરિન કહેવાય. આ પ્યુરિનનું આગળ બ્રેકડાઉન થાય અને યુરિક ઍસિડ બને. કીડની દ્વારા આ યુરીક ઍસિડ ફિલ્ટર થાય અને પેશાબ દ્વારા બહાર આવે. યુરિક ઍસિડ એક કાર્બનિક સંયોજન છે જેમાં હાઈડ્રોજન, ઓક્સિજન અને નાઈટ્રોજનથી તેમ જ બીજાં અન્ય તત્ત્વો જે કીડની દ્વારા ફેકાય છે, તેનાથી બનેલું છે.

આ પ્યુરિનનું બ્રેકડાઉન બરાબર ન થાય તે વ્યવસ્થિત રીતે બહાર ન ફેંકાય ત્યારે યુરિક ઍસિડની સમસ્યા વધી જાય છે. થોડા પ્રમાણમાં વધવાથી આ સમસ્યા થતી નથી. જ્યારે તેનું પ્રમાણ અધિક થઈ જાય ત્યારે તેના ક્રિસ્ટલ બની જાય અને સાંધાઓમાં જમા થઈ ત્યારે અનેક સમસ્યાઓ થાય છે. પુરુષમાં ત્રણથી સાત મિલી લીટર પ્રતિ ડેસિલિટર હોવું જોઈએ. મહિલા બે થી છ મિલી લીટર પ્રતિ ડેસિલીટર હોવું જોઈએ.

ખોરાકમાં પ્યુરિનથી ભરપૂર ખોરાકનો સમાવેશ તેમ જ સાકરવાળા પદાર્થો, નોનવેજ, ઈંડાં, બહારનાં પેકેટ ફૂડ જેમાં પ્રાણીઓની ચરબીનો ઉપયોગ, શાકાહારી બહારના પદાર્થમાં પણ પ્રાણીજન્ય પદાર્થોનો ઉપયોગ, આઈસક્રીમ જેમાં વધુ પડતી સાકર હોય અને ઈંડાંના ભાગ ઉપયોગ, વધુ પડતો પ્રોટીનવાળા પદાર્થ. આ બધાથી પ્યુરિનનું પ્રમાણ અધિક થઈ જતાં યુરિક ઍસિડની સમસ્યા થાય છે.

સાકરવાળા પદાર્થોનું સેવનથી જેવા કે અલગ અલગ બજારૂં પીણાં તેમ જ ઘરે બનતા સાકરવાળાં શરબતો, મીઠાઈઓથી યુરિક ઍસિડ વધતાં ગાઉટની સમસ્યા થાય છે. સાંધાઓમાં ભયંકર દુઃખાવો થાય, સોજા વધી જાય. પેશાબની જગ્યાએ બળતરા થાય. આ ખોરાકથી યુરિક ઍસિડ ઝેર જેવું બની જાય, કીડની તેને બહાર કાઢવામાં અસમર્થ બને તેના ક્રિસ્ટલ બની જાય અને હાઈપર યુરિ સેમિયાની સમસ્યા થાય છે. ડાયાબિટીસની દવાઓ, થાઈરોઈડની દવાઓ બ્લડપ્રેશરની દવાઓના કારણે યુરિક ઍસિડ વધવાની સમસ્યાઓ જોવા મળી છે.

ખોરાકની વિવિધતાને કારણે તે સાથે શરીરમાં ઉમેરાતા પ્રવાહી ક્ષાર અને જુદાં જુદાં ઍસિડિક તત્ત્વોની માત્રામાં ફેરફારના કારણે આ સમસ્યા વધતી જાય છે. કીડની શરીરમાં પ્રોટીનના ચયાપચન માટે જવાબદાર છે. તે પ્રોટીનનું પાચન ન કરી શકતા કીડનીની સમસ્યાઓ, પેશાબની સમસ્યાઓ વધી જાય છે. જીમમાં જતાં યુવાનો પ્રોટીનનું સેવન અધિક વધારી દે તેના કારણે યુરિક ઍસિડ સમસ્યાઓ વધી જાય. શરીર પર સોજા આવી જાય છે.

ખોરાકમાં પ્રોટીનના નામે વધુપડતી દાળોનો ઉપયોગ થઈ રહ્યો છે. દાળ જરૂરી છે, પણ આને બનાવતાં પહેલાં તેને પાંચથી છ કલાક પલાળવી જરૂરી છે જેથી વધારાનું પ્રોટીન પાણીમાં નીકળી જાય. દાળ જલદી બની જાય. દાળને જો ન ભીંજાવવામાં આવે અને કુકરમાં પકાવવામાં આવે તો તેનું મીલીક્યુલર વેઈટ તૂટી જાય છે. દાળ ગળી જાય, પણ તેમાં કોઈ પણ પ્રકારની ન્યૂટ્રીશન વેલ્યુ રહેતી નથી. ફક્ત પેટ ભરાય તેટલું જ થાય, તેથી ગૃહિણીઓ ચોક્કસ રહે દાળ બનાવતાં પહેલાં તેના પાંચથી છ કલાક કે આઠ કલાક દાળ કે અન્ય આખું ધાન્ય પલાળવું જરૂરી છે. જેથી યુરિક ઍસિડ શરીરમાં અધિક ના બને. શરીરને એક સ્વસ્થ પ્રોટીન મળી રહે. હોટલોમાં જમતા લોકો ધ્યાન રાખે કે ત્યાં દાળ કે સાંભારનો વપરાશ ટાળે, હોટલવાળા દાળને પલાળીને બનાવતા નથી. શરીરની પ્રોટીનની ગરજ પૂરી કરવા ફણગાવેલા ધાન્યનો ઉપયોગ જરૂરથી કરવો. શક્ય હોય તો ચોખાને ત્રણથી ચાર કલાક પલાળી પછી જ રાંધવા.

યુરિક ઍસિડની સમસ્યા દૂર કરવા માટે જે ખોરાકમાં પ્યુરિનની અધિક માત્રા હોય તે ન લેવો. થોડા સમય સુધી વધુપડતી દાળ ન લેવી. ખાટાં ફળો જેવા કે સંતરાં, મોસંબી, પાઈનેપલ, લીબું (બધી જાતિના)નો ઉપયોગ કરવો. શાકભાજીના સૂપ લેવા. સાકરવાળા પદાર્થ સદંતર બંધ કરવા. ભીંડા, કોળુ, તાંદળજો ભાજી, ચંદનબથુવા, દૂધી, સરગવાની શિંગ, તાડગોલા, લીચી, મખાણા, મશરૂમ, બાંબૂ જેવા ખાદ્ય પદાર્થ લેવા. રાચના, ગૂગળ, અગસ્તા જેવી પ્રાકૃતિક દવાઓનો ઉપયોગ કરવો. (ચિકિત્સકની સલાહ લેવી) સલાડનો ઉપયોગ કરવો. વગર દવાએ આનો ઉકેલ જલદી થઈ શકે છે. ■

feedback@bombaysamachar.com
વિશેષ પ્લસ
નિધિ ભટ્ટ

# શું તમે તો નથી અદૃશ્ય ડિપ્રેશનનો શિકાર?



આજની ઝડપથી દોડતી જિંદગીમાં ડિપ્રેશન પણ તેજીથી ફેલાય છે. આજે આપણે વાત કરીશું હાઇ ફંક્શનિંગ ડિપ્રેશનની. આ એક મેન્ટલ કન્ડિશન છે. આ એક એવા પ્રકારનું ડિપ્રેશન છે જે સરળતાથી દેખાતું નથી. એ એક સામાન્ય ડિપ્રેશન જેવું જ હોય છે, પરંતુ એનાં લક્ષણો જલ્દીથી દેખાતાં નથી. હાઇ ફંક્શનિંગ ડિપ્રેશનનો શિકાર બનેલો માણસ અંદરથી ઉદાસ હોય છે. અન્ય લોકો સાથે તે હસીને વાત કરે છે. એથી વાતચીત દ્વારા કે તેનું નિરીક્ષણ કરીને એ વ્યક્તિની માનસિક અવસ્થા જાણવી શક્ય નથી. જોકે કેટલાંક લક્ષણો દ્વારા આપણે હાઇ ફંક્શનિંગ ડિપ્રેશનનો અંદાજો લગાવી શકીએ છીએ.

## લક્ષણ

ઉદાસ, નિસહાય તથા નિરાશ રહેવું
એ બાબતોમાં રસ ન હોવો જેમાં ક્યારેક તેમને રસ હતો
જમવાની ટેવમાં બદલાવ, જેમ કે ખૂબ કાં તો ખૂબ ઓછું જમવું
નિંદર ન આવવી કાં તો મોડે સુધી ઊંઘતા રહેવું
એકાગ્રતાનો અભાવ
આત્મ-વિશ્વાસનો અભાવ
વગર કારણ ગુસ્સો આવવો
પોતાના અને અન્ય લોકો વિશે નકારાત્મક વિચાર

## ડિપ્રેશનનાં કારણ

કેટલાક લોકો અનુવાંશિક રૂપે ડિપ્રેશનથી પીડાય છે. તો કેટલાક લોકોમાં હોર્મોનનું સંતુલન ગબડી જવાથી ડિપ્રેશન થાય છે. તો અમુક લોકોમાં તણાવપૂર્ણ અથવા તો પીડાદાયક જીવનના અનુભવોથી ડિપ્રેશનની શરૂઆત થાય છે.

સાથે જ ડૉક્ટરની સલાહ પ્રમાણે સારવાર કરવી. ■

# અઠવાડિયામાં ૬ ટકા વ્યાજની લાલચ આપી કરોડોનું કરી નાખ્યું

## ટોરેસ બ્રાન્ડ ચલાવનારી કંપનીના સંચાલક સહિત પાંચ સામે હજારો રોકાણકારો સાથે સાડાતેર કરોડની છેતરપિંડી કરવાનો ગુનો




ફૂલેકું ફર્યું: દાદરમાં આવેલી ટોરેસની ઓફિસ. (અમય ખરાડે)

મુંબઈ: રોકાણ પર સપ્તાહમાં છ ટકા વ્યાજે વળતર આપવાને નામે રોકાણકારો સાથે ૧૩.૪૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના આરોપસર શિવાજી પાર્ક પોલીસે ટોરેસ બ્રાન્ડ ચલાવતી ખાનગી કંપનીના સંચાલક સહિત પાંચ સામે ગુનો દાખલ કર્યો હતો.

ખાર પશ્ચિમમાં રહેતા પ્રદીપકુમાર મામરાજ વૈશ્ય (૩૧)એ નોંધાવેલી ફરિયાદને આધારે શિવાજી પાર્ક પોલીસે પ્લેટિનમ હર્ન પ્રા. લિ.ના સંચાલક સર્વેશ અશોક સુર્વે અને વિક્ટોરિયા કોવલેંકો, સીઇઓ તૌફિક રિયાઝ ઉર્ફે જોન કાર્ટર, જનરલ મેનેજર તાનિયા કેસાતોવા અને સ્ટોર ઇન્ચાર્જ વેલેન્ટિના કુમાર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસના કહેવા અનુસાર ૨૧ જૂન, ૨૦૨૪થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન છેતરપિંડી આચરાઇ હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે મોજોનાઇટ રત્ન ખરીદી કર્યા બાદ તેના પર રોકાણ કરેલા રૂપિયા પર સપ્તાહમાં છ ટકા પ્રમાણે વળતર આપવાનું આશ્વાસન રોકાણકારોને અપાયું હતું. શરૂઆતમાં અમુક સમય સુધી વળતર આપવામાં આવ્યું હતું. જોકે ૩૦ ડિસેમ્બર બાદ તેમને કોઇ પણ વળતર અપાયું નહોતું અને રોકેલા રૂપિયા પણ પાછા અપાયા નહોતા.

દરમિયાન દાદર વિસ્તારમાં ટોરેસ કંપનીના કાર્યાલય બહાર રોકાણકારો સોમવારે ઊમટી પડ્યા હતા. કંપની તરફથી અપાયેલા આશ્વાસન અનુસાર વળતર મળી રહ્યું ન હોવાની રોકાણકારોની ફરિયાદ હતી. કંપનીની યોજનામાં અનેક લોકોએ લાખો રૂપિયા રોક્યા હતા. શરૂઆતમાં કંપની પાસેથી કેટલાક હપ્તા આપવામાં આવ્યા, પણ છેલ્લાં બે અઠવાડિયાથી કંપની પાસેથી કશી જ માહિતી આપવામાં આવી ન હોવાનો આક્ષેપ રોકાણકારોએ કર્યો હતો. ટોરેસ કંપનીના દાદરના કાર્યાલય બહાર લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હોવાની માહિતી મળતાં પોલીસ અધિકારીઓ તાત્કાલિક ત્યાં આવી પહોંચ્યા હતા. કંપનીના પ્રવેશદ્વાર પર પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવાયો હોવાથી કોઇ પણ માહિતી આપવામાં આવી રહી ન હોવાનું રોકાણકારો કહી રહ્યા હતા. દરમિયાન મુંબઈ સહિત નવી મુંબઈ, મીરા-ભાયંદર ખાતે પણ ટોરેસ કંપનીની કચેરી બહાર રોકાણકારોની ગિરદી જોવા મળી હતી. નવી મુંબઈની કચેરી પર તો રોકાણકારોએ પથ્થરમારો કર્યો હોવાનું કહેવાય છે.

રોકાણકારોના જણાવ્યા અનુસાર રોકાણ કરેલી રકમ પર ૧૦ ટકા વળતર દર સપ્તાહે મળશે, એવું આશ્વાસન કંપની દ્વારા આપવામાં આવ્યું હતું. છેલ્લા વર્ષભરથી આ કંપની વિવિધ સ્થળે કાર્યરત છે અને ડિસેમ્બર સુધી રોકાણકારોને વળતર મળ્યું હતું. જોકે છેલ્લાં બે અઠવાડિયાથી વળતર નથી મળી રહ્યું, એવું રોકાણકારોનું કહેવું છે. રોષે ભરાયેલા રોકાણકારો માગણી કરી રહ્યા છે કે રોકાણ કરેલી રકમ તેમને પાછી આપી દો. મોટા ભાગના લોકોએ જણાવ્યું હતું કે અમને વ્યાજ નથી જોઇતું, ફક્ત અમારું મુદ્દલ પાછું આપી દો. અહેવાલ અનુસાર નાગરિકોએ ટોરેસ કંપનીમાં કરોડો રૂપિયાનું રોકાણ કર્યું છે. કંપની તરફથી કોઇ માહિતી આપવામાં આવી રહી ન હોવાથી રોકાણકારોમાં ગૂંચવાડો ઊભો થયો છે. કંપનીના માલિકો હાલ વિદેશમાં રહેતા હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

### બાબા સિદ્દીકી હત્યા કેસ

# ૨૬ આરોપી, ૪૫૯૦ પાનાંનું આરોપનામું અને ૩ કારણ

## અનમોલ બિશ્નોઈ ઉર્ફે એબી ભાઈ સહિત ત્રણ ફરાર

**કયાં ૩ કારણ?**

૧ સલમાન ખાન સાથેની દોસ્તી

૨ રૅકી કરનારની કસ્ટડીમાં આત્મહત્યા

૩ બિશ્નોઈ ગૅન્ગની દહેશત ફેલાવવા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન અને એનસીપીના નેતા બાબા સિદ્દીકી હત્યા કેસમાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓ વિરુદ્ધ ૪,૫૯૦ પાનાંનું આરોપનામું કોર્ટમાં દાખલ કર્યું હતું. ભાગેડુ ગૅન્ગસ્ટર અનમોલ બિશ્નોઈ ઉર્ફે એબી ભાઈએ તેની ગૅન્ગની દહેશત ફેલાવવા અને વર્ચસ્વ જમાવવાના ઉદ્દેશથી બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવી હોવાનો દાવો આરોપનામામાં કરાયો હતો.

આરોપનામામાં એસઆરએ પ્રોજેક્ટ્સના મુદ્દે થયેલા વિવાદને પગલે સિદ્દીકીની હત્યા કરાઈ હોવાની વાતને નકારી કઢાઈ હતી. વર્ચસ જમાવવા સહિત અન્ય બે કારણોસર સિદ્દીકીની હત્યા થઈ હોવાનો ઉલ્લેખ આરોપનામામાં કરાયો હતો. અભિનેતા સલમાન ખાન સાથેની મિત્રતા અને સલમાનના નિવાસસ્થાનની રૅકી કરવા પ્રકરણે ધરપકડ કરાયેલા આરોપી અનુજ થાપને પોલીસ કસ્ટડીમાં કરેલી આત્મહત્યાને પણ સિદ્દીકીની હત્યા માટેનાં કારણો તરીકે દર્શાવાયાં છે.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ ક્રાઈમ બાબા સિદ્દીકી હત્યા કેસમાં બ્રાન્ચે સોમવારે વિશેષ એમસીઓસીએ કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું હતું. આ કેસમાં ત્યાર સુધીમાં મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમ સહિત ૨૬ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ગૅન્ગસ્ટર અનમોલ બિશ્નોઈ ઉર્ફે એબી ભાઈ સહિત ત્રણ જણને આરોપનામામાં ફરાર દર્શાવાયા હતા. ફરાર અન્ય બે આરોપીમાં સિદ્દીકીની હત્યાનું કાવતરું ઘડવામાં સંડોવાયેલા મોહમ્મદ યાસીન અખ્તર ઉર્ફે સિકંદર અને શુભમ રામેશ્વર લોણકર ઉર્ફે શુબ્બુનો સમાવેશ થાય છે.

પોલીસના જણાવ્યા મુજબ આ કેસમાં સંડોવાયેલા ૨૯ આરોપી વિરુદ્ધ સબળ પુરાવા હાથ લાગ્યા છે. શુભમ લોણકરની ફેસબુક પોસ્ટને પણ પુરાવા તરીકે ચાર્જશીટમાં સામેલ કરાઈ છે. અનમોલ બિશ્નોઈએ તેની ગૅન્ગની દહેશત ફેલાવવા અને વર્ચસ જમાવવાને ઈરાદે સિદ્દીકીની હત્યા કરાવી હોવાનું ચાર્જશીટમાં નોંધવામાં આવ્યું છે.

બાન્દ્રા પૂર્વમાં પાર્ટીની ઑફિસથી ઘરે જવા નીકળેલા બાબા સિદ્દીકી પર ૧૨ ઑક્ટોબરની રાતે ગોળીબાર કરવામાં આવ્યો હતો. બાઈકસવાર ત્રણ શૂટરે કરેલા ગોળીબારમાં સિદ્દીકીનું મૃત્યુ થયું હતું.

આ કેસમાં પોલીસે બાદમાં આરોપીઓ વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લગાવ્યો હતો.

આરોપનામા અનુસાર આ કેસમાં ૧૮૦ સાક્ષીની નોંધ કરાઈ હતી અને ૮૮ જણનાં નિવેદન નોંધવામાં આવ્યાં હતાં. આરોપીઓ પાસેથી પાંચ પિસ્તોલ, છ મૅગેઝિન, ૮૪ કારતૂસ અને ૩૫ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે અગાઉ તપાસ એજન્સીએ ગુનામાં અનમોલ બિશ્નોઈની ભૂમિકા અસ્પષ્ટ હોવાનું કોર્ટમાં જણાવ્યું હતું. એ સુનાવણી દરમિયાન પોલીસે જણાવ્યું હતું કે અનમોલ બિશ્નોઈ પોતાની અલગ ટોળકી ચલાવે છે, જે મુખ્યત્વે ઉત્તર પ્રદેશ, કરિયાણા અને મધ્ય પ્રદેશમાં પ્રવૃત્ત છે. ■

# પેસેન્જરને બચાવવા ટ્રેન ઊંધી તો દોડી, પણ...

મનમાડ (મહારાષ્ટ્ર): મનમાડ જંકશન પાસે પડી ગયેલા એક મુસાફરને બચાવવા માટે મુંબઈ - નાંદેડ તપોવન એક્સપ્રેસ શનિવાર, ૪ જાન્યુઆરી, ૨૦૨૫ના દિવસે આશરે ૭૦૦ મીટર સુધી ઊંધી દિશામાં દોડી હતી. પેસેન્જરની ઓળખ ઉત્તર પ્રદેશના ૩૦ વર્ષના સરવર શેખ તરીકે થઈ હતી. પડી જવાથી તે ગંભીર રીતે ઘાયલ થયો હતો અને બાદમાં હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું.

અંગ્રેજી અખબારના અહેવાલ અનુસાર ડિવિઝનલ રેલવે મેનેજર ઇતિ પાંડેએ એ વાતની પુષ્ટિ કરી હતી કે ટ્રેનના લોકો પાયલટ એમ.એસ.આલમે ટ્રેનને રિવર્સ કરવા (ઊંધી દિશામાં ચલાવવા) અને ઇજાગ્રસ્ત મુસાફરને બહાર કાઢવા માટે મંજૂરી માગી હતી. કોઈએ ઈમર્જન્સી ચેન ખેંચતા સવારે ૧૧ વાગ્યાની આસપાસ આ ઘટના જાણવા મળી હતી.પરિણામે ટ્રેન રોકવાની ફરજ પડી હતી. દુર્ઘટના અંગે મુસાફરોએ ગાર્ડ એસ.એસ.કદમને વાકેફ કર્યા બાદ ગાર્ડે ટ્રેનને રિવર્સ કરવા માટે લોકો પાયલટ સાથે વાત કરી હતી.

તપોવન એક્સપ્રેસ મનમાડ સ્ટેશન પર પહોંચ્યા બાદ સરવર શેખને એમ્બ્યુલન્સમાં નજીકની હોસ્પિટલમાં લઈ જવાયો હતો. તાત્કાલિક પ્રયાસો છતાં શેખને બચાવી નહોતો શકાયો.

આવી જ એક ઘટના તાજેતરમાં મુંબઈમાં બની હતી. ચેમ્બુરના રહેવાસી ૨૪ વર્ષનો મોહન ગોલપએ વડાલા રેલવે સ્ટેશન નજીક લોકલ ટ્રેનમાંથી પડી જવાથી પોતાનો જીવ ગુમાવ્યો હતો ૧ જાન્યુઆરીએ રાત્રે ૮:૪૦ વાગ્યાની આસપાસ ટ્રેન વડાલા સ્ટેશનથી રવાના થઈ ત્યારે મોહન દરવાજા પાસે ઊભો હતો. વડાલા બ્રિજ ક્રોસ કરતી વખતે થાંભલા સાથે અથડાઈ ચાલતી ટ્રેનમાંથી પડી ગયો હતો. ટ્રેનને રોકવા માટે ઈમર્જન્સી ચેઇન ખેંચવામાં આવી હતી, પણ મોહન ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. ■

# બોરીવલી (પૂર્વ), ભાયખલા પરની કન્સ્ટ્રકશન બંધી પાલિકાએ હટાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વાયુ પ્રદૂષણ નિયંત્રણમાં આવતા બોરીવલી (પૂર્વ) અને ભાયખલામાં બાંધકામ પર મૂકવામાં આવેલા પ્રતિબંધને મુંબઈ મહાનગરપાલિકાએ હટાવી લીધો છે. જોકે વ્યક્તિગત રીતે આ કેસ પર નજર રાખવાનું ચાલુ જ રહેશે એવી ચેતવણી પાલિકાએ આપી છે. આ દરમિયાન કોલાબા-નેવી નગરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ સુધર્યો છે પરંતુ ગોવંડી શિવાજી નગરમાં હજી સુધી પરિસ્થિતિ ગંભીર છે, તેથી ત્યાં નજર રાખવામાં આવી રહી છે.મુંબઈમાં છેલ્લા અનેક દિવસોથી પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું હતું. તેથી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના પાલિકાએ બોરીવલી પૂર્વ અને ઈ-વોર્ડ ભાયખલામાં તમામ પ્રકારના બાંધકામ પર પ્રતિબંધ મૂકી દીધો હતો, જેમાં ભાયખલા, મઝગાંવ અને મુંબઈ સેન્ટ્રલનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ અનેક દિવસો સુધી ૨૦૦ની આસપાસ જ રહેતો હતો. જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સહિત તમામ કન્સ્ટ્રકશન સાઈટ બંધ રહેવાથી અહીં હવાની ગુણવત્તામાં સુધારો આવ્યો છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે પ્રદૂષણમાં ઘટાડો થયો હોવાથી બાંધકામ પરનો પ્રતિબંધ હટાવી લેવામાં છે. જોકે હજી પણ આ વિસ્તાર પર અમારી નજર રહેશે. ■

## કોસ્ટલ રોડ પરના પ્રદૂષણ બાબતે સુનાવણી

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડએ સોમવારે મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટથી થતા પ્રદૂષણ બાબતે સુનાવણી હાથ ધરી હતી. આ દરમિયાન પોલ્યુશન કંટ્રોલ બોર્ડે પાલિકા પ્રશાસનને ચાલુ બાંધકામથી વાયુ પ્રદૂષણને અટકાવવા માટે અમુક પગલાં અમલમાં મૂકવાનો નિર્દેશ આપ્યો હતો. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પાલિકાને આગામી બે દિવસમાં જરૂરી પગલા લેવા અને આ પગલાંના દસ્તાવેજ ફોટોગ્રાફ્સ સાથે સબમીટ કરવાની સૂચના આપવામાં આવી છે. ૨૮ મુદ્દા સાથેની ગાઈડલાઈન અનુસાર તમામ જરૂરી પગલાંનું પાલન અમે કરશું. ગયા અઠવાડિયા પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા કોસ્ટલ રોડ પ્રોજેક્ટ અને બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સમાં મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ગાઈડલાઈનનું પાલન નહીં કરવા બદલ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીને નોટિસ મોકલી હતી. ■

# પાણીને મુદ્દે પાણીપત: બે જૂથ વચ્ચેની અથડામણમાં ત્રણ જણે જીવ ગુમાવ્યા

મુંબઈ: કૂવામાંથી પાણીના સપ્લાયને મુદ્દે બે જૂથ વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ચાર ઘવાયા હોવાની ઘટના ધારાશિવ જિલ્લાના એક ગામડામાં બની હતી. યેરમળા પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની રાતે વાશી તહેસીલના બાવી ગામમાં બની હતી. આરોપી અને મૃતકો દૂરનાં સગાંસંબંધી છે અને તેમની વચ્ચે પાણીને મુદ્દે વિવાદ ચાલી રહ્યો હતો. કહેવાય છે કે કૂવામાંથી ખેતરમાં પાણી સપ્લાય કરવાને મુદ્દે બે જૂથ વચ્ચે વિવાદ થયો હતો. સામસામે આવી ગયેલા બન્ને જૂથના લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને પછી વાત મારામારી સુધી પહોંચી હતી. બન્ને જૂથના લોકોએ એકબીજા પર બામ્બુ, દાતરડા અને છરાથી હુમલો કર્યો હતો. આ હુમલામાં જખમી સાત જણને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જેમાંથી ત્રણને તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતકોની ઓળખ અપ્પા કાળે (૬૫), પરમેશ્વર કાળે (૨૨) અને સુનીલ કાળે તરીકે થઈ હતી. જખમી ચારમાંથી એક જણની હાલત ગંભીર હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# હોટેલ તાજ પાસે ફફડાટ: એક નંબરની બે કાર મળી







## વારંવારના ઇ-ચલાનથી કંટાળી પોતાના જ નંબરવાળી બીજી કાર શોધી: લોનના હપ્તા ચૂકવ્યા ન હોવાથી રિકવરી એજન્ટોથી બચવા નકલી નંબર પ્લેટ લગાવી

મુંબઈ: દક્ષિણ મુંબઈના કોલાબા વિસ્તારમાં સોમવારે તાજ હોટેલની નજીક સમાન નંબર પ્લેટવાળી બે કાર સામસામે આવી હતી. એક કારચાલકને વારંવાર ટ્રાફિક પોલીસ તરફથી ઇ-ચલાન મોકલાતાં હોવાથી કંટાળીને તેણે પોતાના જ નંબરવાળી બીજી કારને શોધી કાઢી હતી, જેના ડ્રાઇવરે લોન રિકવરી એજન્ટોથી બચવા માટે તેની કારનો નંબર બદલ્યો હતો, એવું તપાસમાં સામે આવ્યા બાદ પોલીસે તેની ધરપકડ કરી હતી.

નરીમન પોઇન્ટ વિસ્તારમાં મહાત્મા ફૂલે નગર ખાતે રહેનારા સાકીરઅલી રોઝઅલી (૪૭)ને ટ્રાફિક પોલીસ દ્વારા વારંવાર ઇ-ચલાન મોકલવામાં આવતાં તે ત્રાસી ગયો હતો. પોતે ટ્રાફિકના નિયમોનો ભંગ કર્યો ન હોવાથી તેણે આ અંગે તપાસ કરી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે તેની સફેદ રંગની મારુતિ સુઝુકી અર્ટિગા કારના રજિસ્ટ્રેશન નંબરની બીજી એક વ્યક્તિએ પણ નંબર પ્લેટ બનાવી છે અને એ પણ અર્ટિગા પર જ લગાવી છે.

દરમિયાન સાકીરઅલીએ સોમવારે બપોરે ગેટવે ઓફ ઇન્ડિયા ખાતે હોટેલ તાજ નજીક એક કારને શોધી કાઢી હતી અને તેના ડ્રાઇવર પ્રસાદ ચંદ્રકાંત કદમ (૩૮)ની પૂછપરછ કરી હતી. તેણે બાદમાં પોલીસનો સંપર્ક સાધ્યો હતો, જેથી બંને કાર અને તેમના માલિકોને કોલાબા પલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવ્યા હતા. પોલીસે બંને કારચાલકોનાં નિવેદન નોંધ્યાં હતાં અને પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું હતું કે પ્રસાદ કદમ બીજી કારના નંબરનો ઉપયોગ કરી રહ્યો છે.

દરમિયાન પોલીસે સાકીરઅલીની ફરિયાદને આધારે કદમ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. ■

# ૨,૦૦૦ રિક્ષાને ૨૪ લાખનો દંડ

મુંબઈ: મુંબઈના પૂર્વ ઉપનગરોમાં પોલીસ અને પરિવહન સત્તાધીશો દ્વારા હાથ ધરવામાં આવેલી ઝુંબેશ દરમિયાન બે હજારથી વધુ ઓટોરિક્ષા નિયમોનો ભંગ કરતી જોવા મળી હતી અને તેમની પાસેથી ૨૪.૫૩ લાખ રૂપિયા દંડ પેટે વસૂલવામાં આવ્યા હોવાનું એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

મુંબઈ પોલીસ અને વડાલા પ્રાદેશિક પરિવહન કાર્યાલય (આરટીઓ) દ્વારા ૩૦ અને ૩૧ ડિસેમ્બરે હાથ ધરવામાં આવેલી સંયુક્ત ઝુંબેશમાં પૂર્વ ઉપનગરોમાં ચાલતી ૪૦ ટકા ઓટોરિક્ષા નિયમોનું ઉલ્લંઘન કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું.આરટીઓના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૫,૪૨૫ ઓટોરિક્ષામાંથી ૨,૧૩૦ ઓટોરિક્ષા અવધિ પૂરો થયો હોવા છતાં ચાલી રહી છે. ■

# તરુણીનો પીછો કરનાર નરાધમની અર્ધનગ્ન કરી પરેડ કાઢી

થાણે: કાશીમીરા વિસ્તારમાં પંદર વર્ષની સગીરાનો પીછો કરીને તેને ત્રાસ આપનારા ૪૦ વર્ષના નરાધમને લોકોએ મેથીપાક ચખાડ્યા બાદ તેને અર્ધનગ્ન કરી પરેડ કાઢી હતી. લોકોએ જાહેરમાં આરોપીને આપેલી સજાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

કાશીમીરા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી નિયમિત સગીરાનો પીછો કરતો હતો અને તેને ત્રાસ આપતો હતો.

દરમિયાન સગીરાએ આની જાણ પોતાનાં માતા-પિતાને કરી હતી. આથી તેમણે આરોપી પર નજર રાખી હતી અને સોમવારે તેને પીછો કરતા પકડી પાડ્યો હતો.

### કિંગ ખાનના 'મન્નત'નું મસ્તક વધુ ઊંચું થશે

# શાહરુખ ખાનના બંગલાની હાઈટ બે માળ વધારવાને મળી મંજૂરી

મુંબઈ: શાહરુખ ખાનના બાંદ્રા સ્થિત મન્નત બંગલામાં વધુ બે માળ ઉમેરવામાં આવશે. રાજ્યના પર્યાવરણ વિભાગે તાજેતરમાં આ અંગેની દરખાસ્તને મંજૂરી આપી છે. આખરે શાહરુખની બંગલાના વિસ્તરણની 'મન્નત' પૂરી થશે. શાહરૂખ ખાનનો વાંદરા સ્થિત બંગલો હંમેશા ચર્ચામાં રહે છે.

માઉન્ટ મેરી તરફ જતા રસ્તા પરનો આ બંગલો શાહરુખના ફેન્સ માટે આકર્ષણનો વિષય છે. અત્યારે આ બંગલો છ માળનો છે, ટૂંક સમયમાં જ વધુ ઊંચો થઈ જશે. મહારાષ્ટ્ર મરીન એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ)એ તાજેતરમાં જ બંગલાની ઉપર વધુ બે માળ ઉમેરવાની મંજૂરી આપી છે. શાહરુખની પત્ની ગૌરી ખાને આ પરવાનગી માટે સંબંધિત વિભાગને અરજી કરી હતી. વાંદરા પશ્ચિમમાં મુંબઈ મહાનગરપાલિકાના એચ-વેસ્ટ ડિવિઝનના કાર્યક્ષેત્રમાં આવતા 'મન્નત' બિલ્ડિંગનું વિસ્તરણ કરી તેમાં કેટલાક ફેરફાર કરવામાં આવશે. છ માળના આ બંગલાને ૨૦૦૨માં આઈઓડી અને ૨૦૦૬માં ઓક્યુપન્સી સર્ટિફિકેટ મળ્યું હતું. ■

# મુંડેના રાજીનામાની માગણી ગેરવાજબી: : છગન ભુજબળ

મુંબઈ: એનસીપીના નેતા છગન ભુજબળે સોમવારે કહ્યું હતું કે, બીડમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યા અંગે પાર્ટીના સાથી અને મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેના રાજીનામાની માગણી વધુ પડતી વહેલી અને ગેરવાજબી છે. પત્રકારો સાથે વાત કરતાં, ભૂતપૂર્વ પ્રધાને કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પહેલાં જ હત્યા કેસની સંપૂર્ણ તપાસની ખાતરી આપી છે. બીડના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખનું નવમી ડિસેમ્બરે અપહરણ કરીને ત્રાસ આપ્યા બાદ હત્યા કરવામાં આવી હતી, દેખીતી રીતે તેમણે પવનચક્કી પ્રોજેક્ટ ચલાવતી ઊર્જા કંપની પાસેથી પૈસા પડાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કર્યો હોવાને કારણે આ હત્યા કરવામાં આવી હતી. ■

### પશ્ચિમ રેલવે ચુનંદા સ્ટેશન પર યુરોપ જેવી સગવડ આપશે

# ટ્રેનની રાહ જોતા પેસેન્જરો ડિજિટલ લાઉન્જમાં બેસીને કામ કરી શકશે

મુંબઈ: યુરોપના રેલવે સ્ટેશનો પર આપવામાં આવતી સગવડો પરથી પ્રેરણા લઈ પશ્ચિમ રેલવે પસંદગીનાં સ્ટેશનો અને ટર્મિનલ્સ પર મુસાફરો કામ કરી શકે એવી વ્યવસ્થા શરૂ કરવાની યોજના બનાવી રહી છે. ટૂંક સમયમાં સ્ટેશનો પર ટ્રેનની રાહ જોઈ રહેલા ઓફિસ જનારાઓ પાસે ડિજિટલ લાઉન્જમાં કામ કરવાનો વિકલ્પ હશે. ભારતીય રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવાની પહેલના ભાગરૂપે પશ્ચિમ રેલવે એક નવો પ્રયોગ હાથ ધરવાની તૈયારીમાં છે. આ પ્રયોગ નોન-ફેર રેવન્યુ (એનએફઆર) યોજના હેઠળ વિકસાવવામાં આવશે.પશ્ચિમ રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જાહેરાત કરી હતી કે મુસાફરોની સુવિધા માટે ૨૦૨૫માં ૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે, જેમાં મુખ્ય ટર્મિનલ સ્ટેશનો પર કામ કરતી વ્યક્તિઓ માટે ડિજિટલ લાઉન્જ બનાવવાની યોજનાનો પણ સમાવેશ થાય છે. આ ડિજિટલ લાઉન્જ માટેનો પ્રસ્તાવ ટૂંક સમયમાં રેલવે બોર્ડને સુપરત કરવામાં આવશે.

ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન (આઇઆરસીટીસી) મુખ્ય ટર્મિનસ સ્ટેશનો પર ડિલક્સ લાઉન્જ શરૂ કરી રહી છે, જે મુસાફરોને આરામ કરવા માટે આરામદાયક જગ્યા પૂરી પાડે છે. આ ડિજિટલ લાઉન્જમાં એરકન્ડિશન્ડ ઓફિસ જેવું વાતાવરણ હશે, જેમાં લેપટોપ અને મોબાઇલ ચાર્જિંગ પોઇન્ટ, તેમજ વાઇફાઇ-સક્ષમ ટેબલ જેવી સુવિધા હશે. આ ઉપરાંત, ચા અને કોફી માટેની જોગવાઈ હશે. દરેક ડિજિટલ લાઉન્જમાં ૪૦ લોકો બેસી શકશે. લાઉન્જની સગવડ શરૂ કરી શકાય એવા સ્ટેશનો નક્કી કરવાનું પશ્ચિમ રેલવેના અધિકારીઓએ શરૂ કરી દીધું છે. પશ્ચિમ રેલવેની ડિજિટલ લાઉન્જ સર્વિસ માટે અલગથી પૈસા ચૂકવવાના રહેશે. ટ્રેનના ભાડામાં એ સામેલ નહીં હોય. ■

# જનતા જ અમારી બોસ: ભાજપ

## અજિત પવાર ભલે જાહેરમાં આવું નથી એમ કહીને વિવાદ છેડે પણ ભાજપ તો પ્રજાને શિરમોર ગણાવી અજિતદાદાથી અલગ ચોકો રાખે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના તાજેતરના નિવેદનને લઈને હોબાળો થયો છે. તાજેતરમાં તેમણે પોતાના મતવિસ્તાર બારામતીમાં એક સભા દરમિયાન નવો વિવાદ ઉભો કર્યો હતો. અજિત પવારે કહ્યું હતું કે તમે મને મત આપ્યો છે તેનો અર્થ એ નથી કે તમે મારા 'બોસ' છો. તેમના નિવેદન બાદ અજિત પવાર અને તેમની પાર્ટીની ટીકા શરૂ થઈ ગઈ અને રાજ્ય સરકારની પણ ટીકા થઈ રહી છે.

અજિત પવારના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં હલચલ મચી ગઈ છે. મહારાષ્ટ્ર સરકાર સામે વધી રહેલી નારાજગીને ધ્યાનમાં રાખીને ડેમેજ કંટ્રોલ કરવાનો પ્રયાસ કરતા ભાજપે આ નિવેદનથી પોતાને દૂર કરી દીધા છે. મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ કહ્યું હતું કે જનતા અમારા માટે સર્વોચ્ચ છે અને જનતાના મત અમારા માટે ઋણ છે. નાગપુરમાં બાવનકુળેએ કહ્યું હતું કે, અજિત પવારે શું કહ્યું તે મેં જોયું નથી, પરંતુ જનતા અમારા માટે સર્વોપરી છે, જનતા અમને ચૂંટે છે અને સરકારમાં મોકલે છે, જનતાએ અમારી સરકાર બનાવી છે, જનતાનો મત અમારા માટે ઋણસમાન છે, કેન્દ્રની મોદીજી અને રાજ્યની દેવેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરીશું અને જનતાને સર્વોચ્ચ માનીને આગળ વધીશું. શું હતું અજિત પવારનું નિવેદન?

અજિત પવાર બારામતીમાં ભાષણ આપી રહ્યા હતા, ત્યારે મંચની નીચે બેઠેલા કાર્યકરો સતત પત્રો આપીને તેમનું કામ કરવા માટે કહી રહ્યા હતા. પહેલા તો પવારે તેમની અવગણના કરી, પરંતુ જ્યારે ભાષણ દરમિયાન પણ આ ચાલુ રહ્યું, ત્યારે તેઓ ગુસ્સે થઈ ગયા અને એક કાર્યકરને કહ્યું હતું કે, 'તમે મને મત આપ્યો છે, તેનો અર્થ એ નથી કે તમે મારા 'બોસ' બની ગયા છો. શું તમે મને ખેત મજૂર બનાવ્યો છે?'

તમને જણાવી દઈએ કે ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનમાં સામેલ ભાજપ, શિવસેના અને એનસીપીએ મળીને ૨૮૮માંથી ૨૩૦ સીટો જીતી હતી. ■

# ભારતની ફ્લોપ બેટિંગ વચ્ચે

# પાંચ વિવાદોએ સિરીઝને રોમાંચક બનાવી

સિડનીઃ ભારતની સુપર-ફ્લોપ બેટિંગ તેમ જ જસપ્રીત બુમરાહની હાઈએસ્ટ ૩૨ વિકેટવાળી સુપર-હિટ બોલિંગ વચ્ચે ઑસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસકર ટ્રોફી ૩-૧થી જીતી લીધી, પરંતુ શરૂઆતથી રવિવાર સુધીના દોઢ મહિના દરમિયાન પાંચ વિવાદ એવા હતા જેને લીધે આ શ્રેણી રોમાંચક બની ગઈ. રવિવારના છેલ્લા દિવસે ભારતીય બેટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરને ટ્રોફી તેમના નામે હોવા છતાં અને ખુદ તેઓ મેદાન પર હાજર હોવા છતાં ટ્રોફી વિતરણ સમારોહમાં ન બોલાવવામાં આવતાં સિરીઝ ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના આ મોટા બ્લન્ડર સાથે પૂરી થઈ હતી. ■

## સિરીઝના પાંચ વિવાદ પર એક નજર...

### કોહલી વિરુદ્ધ કોન્સ્ટેસ




મેલબર્નની ચોથી ટેસ્ટમાં વિરાટ કોહલી અને ઑસ્ટ્રેલિયાના નવા ટીનેજ ઓપનર સેમ કોન્સ્ટેસ વચ્ચે પંગો થઈ ગયો હતો. એક ઓવરની સમાપ્તિ બાદ કોન્સ્ટેસ ગ્લવ્ઝ ઠીક કરતો કરતો કરતો પિચ નજીકથી જઈ રહ્યો હતો ત્યારે સામેથી આવી રહેલા કોહલીએ તેની સાથે ખભો ટકરાવ્યો હતો. બંને વચ્ચે ખૂબ દલીલ પણ થઈ હતી. મેચ રેફરીએ કોહલીની ૨૦ ટકા મેચ ફી કાપી લીધી હતી તેમ જ તેના નામે એક ડીમેરિટ પોઇન્ટ લખી દીધો હતો. ઓસ્ટ્રેલિયાના અખબારોએ કોહલીની ખૂબ ટીકા કરી હતી. ■

### કોન્સ્ટેસ વિરુદ્ધ બુમરાહ




સિડનીની છેલ્લી ટેસ્ટમાં બુમરાહ પીઠના દુખાવાને લીધે મોટા ભાગનો સમય મેદાનની બહાર જ હતો. જોકે પહેલા દિવસની રમતની છેલ્લી પળોમાં બુમરાહ અને ૧૯ વર્ષીય સેમ કોન્સ્ટેસ વચ્ચે થોડી ગરમાગરમી થઇ હતી. બેટર ઉસ્માન ખ્વાજાએ બુમરાહને રન અપ પર જ અટકાવી દીધો હતો. નોન સ્ટ્રાઇક એન્ડ પર કોન્સ્ટેસે પણ બુમરાહને અટકી જા એવો સંકેત આપ્યો હતો. જોકે બુમરાહ તેના પર ગુસ્સે થયો હતો અને ત્યાર પછીના જ બોલમાં બુમરાહે ખ્વાજાને આઉટ કરી દીધો હતો. બન્ને બેટરનો પ્લાન બુમરાહની એકાગ્રતા તોડવાનો હતો, પરંતુ ખુદ બુમરાહે જ એવો બોલ ફેંક્યો કે જેમાં તેણે ખ્વાજાને સીધો પેવિલિયન ભેગો કરી દીધો હતો. બુમરાહ આ વિકેટ બાદ કોન્સ્ટેસની નજીક આવી ગયો હતો અને તેને ખૂન્નસથી જોવા લાગ્યો હતો. બધા ભારતીય ફીલ્ડરો પણ કોન્સ્ટેસની આસપાસ આવીને તેને પ્રેશરમાં લાવી દીધો હતો. ■

### સિરાજ વિરુદ્ધ ટ્રેવિસ હેડ

સિરીઝનો મોટો વિવાદ ઍડિલેઇડ ખાતેની બીજી ટેસ્ટ મેચમાં બન્યો હતો. એ પિન્ક-બોલ ટેસ્ટમાં બોલર મોહમ્મદ સિરાજ અને બેટર ટ્રેવિસ હેડ સામસામે આવી ગયા હતા. હેડને આઉટ કરીને સિરાજે ખુન્નસથી તેની સામે જોઈને તેને પેવિલિયનનો રસ્તો બતાવ્યો હતો. હેડ પણ કંઈક બોલ્યો હતો. આઇસીસી મેચ રેફરીએ સિરાજની ૨૦ ટકા મેચ ફી કાપી લીધી હતી, પણ હેડને કોઈ દંડ નહોતો કર્યો અને તેને નિર્દોષ છોડી દીધો હતો. જોકે બંનેના નામે એક-એક ડીમેરિટ પોઇન્ટ લખવામાં આવ્યા હતા. ■

### યશસ્વીનો કેચઆઉટ, બાંગ્લાદેશી અમ્પાયરનો 'પક્ષપાત'

મેલબર્નની જ ચોથી ટેસ્ટમાં છેલ્લા દિવસે ભારતીય ટીમ ૩૪૦ રનનો લક્ષ્યાંક મેળવવા સંઘર્ષ કરી રહી હતી અને યશસ્વી જયસ્વાલ ૨૦૮ બોલમાં બનાવેલા ૮૪ રને રમી રહ્યો હતો ત્યારે કમિન્સના બોલમાં તેને વિકેટકીપર ઍલેક્સ કેરીના હાથમાં કેચઆઉટ થયેલો જાહેર કરવામાં આવ્યો હતો. ફીલ્ડ અમ્પાયરે તો યશસ્વીને નોટઆઉટ જાહેર કર્યો હતો, પરંતુ (બાંગ્લાદેશના) થર્ડ અમ્પાયર શારફુદ્દૌલા સૈકતે ફેંસલો બદલીને યશસ્વીને આઉટ જાહેર કર્યો હતો. રિપ્લેમાં સ્નિકોમીટર પર કોઈ જ સ્પાઇક નજરે નહોતું પડ્યું, પણ ડિફ્લેક્શનને આધારે (ગ્લવ્ઝને બોલ જરાક અડીને ગયો હતો એવું ઠરાવીને) તેને આઉટ અપાયો હતો. મુદ્દો એ છે કે થર્ડ અમ્પાયર જ્યારે કેચઆઉટ વિશે અસ્પષ્ટ હતા તો પછી તેમણે મેદાન પરના અમ્પાયરના નિર્ણયને જ અનુસરવાનું હતું. સુનીલ ગાવસકરે આ ફેંસલાની ખૂબ ટીકા કરતા કહ્યું હતું કે 'ટેક્નોલોજીનો ઉપયોગ જ જો કરી રહ્યા છો તો આવો અસ્પષ્ટ ફેંસલો શા માટે આપો છો?' આ નિર્ણય પર પણ ખૂબ વિવાદ થયો હતો. ■






### ગાવસકરને જ આમંત્રણ નહીં, ઑસ્ટ્રેલિયન બોર્ડનું બ્લન્ડર

દાયકાઓથી આ સિરીઝ બોર્ડર-ગાવસકર ટ્રોફીના નામે રમાય છે. જોકે રવિવારે ઑસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સને ટ્રોફી એનાયત કરવાના પ્રસંગે ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ તરફથી ફક્ત એલન બોર્ડરને જ સ્ટેજ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. ભારતના મહાન ક્રિકેટર અને કોમેન્ટેટર સુનીલ ગાવસકર ત્યારે સિડનીના મેદાન પર જ હતા એમ છતાં તેમને સ્ટેજ પર આવવાનું આમંત્રણ નહોતું આપવામાં આવ્યું. પછીથી ખુદ ગાવસકરે આ વિશે ઑસ્ટ્રેલિયન બોર્ડની ભરપૂર ટીકા કરી હતી. નવાઈની વાત તો એ છે કે થોડી વારમાં ઑસ્ટ્રેલિયન બોર્ડના અધિકારીએ પોતાના બોર્ડથી ગાવસકરને આમંત્રણ ન આપવાનું બ્લન્ડર થઈ ગયું હોવાનું કબૂલ્યું હતું. ■

# મેદાનમાં ક્રિકેટર પર ₹૫૦૦ની નોટોનો વરસાદ વરસાવાયો





ભિવંડીઃ થાણે જિલ્લાનું ભિવંડી ઉપનગર થોડા દિવસથી ચર્ચામાં રહ્યું છે. ગયા મહિને વિનોદ કાંબળીને આ જ પરાંની એક હોસ્પિટલમાં સફળ સારવાર મળી અને હવે તે ઘરે આરામ કરી રહ્યો છે. બીજી ઘટના તાજેતરમાં એક સ્થાનિક ક્રિકેટ મેચની છે જેમાં એક પ્રેક્ષકે બેટરની બેટિંગથી ખુશ થઈને મેદાન પર દોડી આવ્યા બાદ પિચ નજીક તેના પર ૫૦૦ની ચલણી નોટનો વરસાદ વરસાવ્યો હતો.

છત્રપતિ શિવાજી મહારાજ મેદાન પર એક રાજકીય નેતા દ્વારા સાત-સાત ઓવરની મેચોવાળી ટૂર્નામેન્ટ રાખવામાં આવી હતી.

પવન અને ફરદીન નામના બે બેટરે પોતાની ટીમને માત્ર ૬ ઓવરમાં ૮૪ રનનો જુમલો અપાવ્યો હતો. પવને ફક્ત નવ બોલમાં ૩૫ રન ખડકી દીધા હતા, જ્યારે ફરદીને ૧૭ બોલમાં ૩૧ રન બનાવ્યા હતા. પવને પહેલા જ બોલથી ફટકાબાજી શરૂ કરી હતી જેનાથી આનંદિત થયેલા એક પ્રેક્ષકથી રહેવાયું નહીં અને તે મેદાન પર ઊતરી આવ્યો હતો. એ પ્રેક્ષક પિચ પાસે આવી ગયો હતો અને ૫૦૦ રૂપિયાની નોટનું બંડલ કાઢીને બેટર પર એમાંની નોટો (લગભગ ૫૦,૦૦૦ રૂપિયા) વરસાવી હતી. મજાની વાત એ છે કે એમાંની મોટાભાગની નોટો પ્રેક્ષકના પોતાના પર જ પડી હતી. આ બનાવનો વિડીયો વાયરલ થયો છે.

આ પ્રેક્ષકે ખેલાડી પર ૧૦ કે ૨૦ રૂપિયાની નહીં, પણ ૫૦૦ રૂપિયાની નોટ વરસાવીને સૌને ચોંકાવી દીધા હતા. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો થોડીવારમાં વાયરલ થઈ ગયા બાદ ઘટનાને વખોડવામાં પણ આવી હતી. આ રીતે દેશની ચલણી નોટ ગ્રાઉન્ડ પર ખેલાડી પર વરસાવીને દેશનું અપમાન કરાયું હોવાની ટીકા મીડિયામાં થઈ હતી. ■

# આયરલેન્ડ વિરુદ્ધ વન-ડે સિરીઝ માટે ભારતીય મહિલા ટીમ જાહેર, સ્મૃતિ મંધાનાને સોંપાઇ કેપ્ટનશિપ

નવી દિલ્હીઃ આયરલેન્ડ સામે ઘરઆંગણે રમાનારી વનડે શ્રેણી માટે ભારતીય મહિલા ટીમની જાહેરાત કરવામાં આવી છે. કેપ્ટન હરમનપ્રીત કૌર અને ફાસ્ટ બોલર રેણુકા સિંહ ઠાકુરને ત્રણ મેચની વનડે સિરીઝ માટે આરામ આપવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે સોમવારે રાજકોટમાં ૧૦ જાન્યુઆરીથી શરૂ થનારી શ્રેણી માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. હરમનપ્રીતની ગેરહાજરીમાં ઓપનિંગ બેટ્સમેન સ્મૃતિ મંધાના ટીમની કેપ્ટનશિપ કરશે.

ગયા મહિને વેસ્ટ ઈન્ડિઝ સામે ઘરઆંગણે રમાયેલી શ્રેણી દરમિયાન હરમનપ્રીતને ઘૂંટણમાં ઈજા થઈ હતી. આ ઈજાને કારણે તે પ્રથમ બે ટી-૨૦ મેચ રમી શકી ન હતી. તે ત્રીજી મેચમાં ટીમમાં પાછી ફરી હતી અને ત્યારબાદ ત્રણ મેચની વન-ડે સિરીઝમાં કેપ્ટનશિપ કરી હતી. ૩૫ વર્ષીય ખેલાડીને અગાઉ ગયા વર્ષે ઓક્ટોબરમાં દુબઈમાં મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામેની મેચ દરમિયાન ગરદનમાં ઈજા થઈ હતી.

ટીમની મુખ્ય ઝડપી બોલર રેણુકાને વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચમાં ૧૦ વિકેટ ઝડપીને શ્રેણીની સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે જાહેર કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં વર્કલોડ મેનેજમેન્ટ હેઠળ તેને આયરલેન્ડ સામેની શ્રેણીમાંથી આરામ આપવામાં આવ્યો છે. ભારતીય મહિલા ટીમે ગયા મહિને વેસ્ટ ઈન્ડિઝને ૨-૧થી હરાવીને પાંચ વર્ષમાં ઘરની ધરતી પર પ્રથમ ટી-૨૦ ઈન્ટરનેશનલ સિરીઝ જીતી હતી.

ત્યારબાદ ટીમે વેસ્ટ ઈન્ડિઝને વનડે શ્રેણીમાં ૩-૦થી હરાવ્યું હતું. આ જીત સાથે આયરલેન્ડ સામે ટીમનું મનોબળ ઘણું વધી જશે. ૨૮ વર્ષની મંધાના આ મર્યાદિત ઓવરોની શ્રેણીમાં શાનદાર ફોર્મમાં હતી. ટી-૨૦માં સતત ત્રણ અડધી સદી ફટકાર્યા બાદ તેણે વનડેમાં પણ બે અડધી સદી ફટકારી હતી. આયરલેન્ડ સિરીઝ માટે નવી દેખાતી ટીમની પસંદગી કરવામાં આવી છે. તાજેતરમાં જ સદી ફટકારીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જબરદસ્ત વાપસી કરનાર હરલીન દેઓલ ફરી એકવાર નજરમાં આવશે. ■




### આયરલેન્ડ સામેની વન-ડે સિરીઝ માટે ભારતીય મહિલા ટીમ

સ્મૃતિ મંધાના (કેપ્ટન), દીપ્તિ શર્મા (વાઈસ-કેપ્ટન), પ્રતિકા રાવલ, હરલીન દેઓલ, જેમિમાહ રોડ્રિગ્સ, ઉમા છેત્રી (વિકેટકીપર), ઋચા ઘોષ (વિકેટકીપર), તેજલ હસબનીસ, રાઘવી બિસ્ટ, મિનુ મણિ, પ્રિયા મિશ્રા, તનુજા કંવર, ટિટાસ સાધુ, સાયમા ઠાકોર, સયાલી સતઘરે. ■

# અભિષેક બચ્ચને યુરોપિયન ટી-૨૦ પ્રીમિયર લીગમાં ખરીદી ટીમ



ડબલિનઃ બોલિવૂડ એક્ટર અભિષેક બચ્ચનને અભિનયની દુનિયાની સાથે સાથે સ્પોર્ટ્સમાં પણ રસ છે. હવે તેણે યુરોપિયન ટી-૨૦ પ્રીમિયર લીગ (ઇટીપીએલ)માં નાણાંનું રોકાણ કર્યું છે. અભિષેક આ લીગનો કો-ઓનર બની ગયો છે. આ લીગ આ વર્ષે જુલાઈથી શરૂ થશે. અભિષેક બચ્ચન ખાનગી માલિકીની યુરોપિયન ટી-૨૦ પ્રીમિયર લીગનો સહ માલિક બન્યો છે, જે યુરોપમાં ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી રહી છે.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ તરફથી માન્યતા પ્રાપ્ત આ લીગ સ્કોટલેન્ડ, આયરલેન્ડ અને નેધરલેન્ડની ભાગીદારી સાથે શરૂ થઈ રહી છે અને તેની પ્રથમ સીઝન ૧૫ જુલાઈથી ૩ ઓગસ્ટ, ૨૦૨૫ વચ્ચે રમાશે. જેમાં આ ત્રણેય દેશોના શ્રેષ્ઠ ખેલાડીઓ વિશ્વભરના જાણીતા ખેલાડીઓ સાથે યુરોપિયન સ્ટાઈલમાં રમશે.

આયોજકો દ્વારા અહી જાહેર કરાયેલા એક પ્રેસ રિલીઝમાં અભિષેક બચ્ચને કહ્યું હતું કે ક્રિકેટ માત્ર એક રમત નથી પણ લોકોને જોડવાનું માધ્યમ પણ છે. ઇટીપીએલ વૈશ્વિક સ્તરે તેની લોકપ્રિયતા દર્શાવવા માટેનું આદર્શ પ્લેટફોર્મ છે. ઓલિમ્પિક ૨૦૨૮માં ક્રિકેટના સમાવેશ સાથે તેની લોકપ્રિયતામાં વધુ વધારો થશે. આયરલેન્ડના ક્રિકેટના સીઇઓ અને ઇટીપીએલના ચેરમેન વોરેન ડ્યુટ્રોમે જણાવ્યું હતું કે, અમે અભિષેક બચ્ચનનું સહમાલિક તરીકે સ્વાગત કરતા આનંદ અનુભવીએ છીએ. રમતગમત પ્રત્યેનો તેમનો જુસ્સો અને એક ઉદ્યોગસાહસિક તરીકેની તેમની કુશળતા ખૂબ જ ઉપયોગી સાબિત થશે. લીગના ડિરેક્ટર સૌરવ બેનર્જીએ જણાવ્યું હતું કે, ક્રિકેટ વિશ્વભરમાં બીજી સૌથી વધુ જોવાતી રમત છે અને તે યુરોપમાં પણ લોકપ્રિય બની રહી છે. આઈસીસીના ૧૦૮માંથી ૩૪ દેશો યુરોપિયન છે અને અમે અહીં ક્રિકેટને એક મોટું પ્લેટફોર્મ આપવા માગીએ છીએ. લીગના નિર્દેશક પ્રિયંકા કૌલે જણાવ્યું હતું કે પ્રથમ સીઝનમાં છ ટીમો ડબલિન, બેલફાસ્ટ, એમ્સ્ટર્ડમ, રોટરડેમ, એડિનબર્ગ અને ગ્લાસગોમાં રમશે. તેમણે કહ્યું કે ટૂર્નામેન્ટ દુનિયાભરના દર્શકો સુધી પહોંચશે જેમાં યુરોપ, ભારત, ઑસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડનો સમાવેશ થાય છે. ■

# રોહિત પર્થમાં નહોતો રમ્યો એમ કમિન્સ ગોલમાં પ્રથમ ટેસ્ટ નહીં રમે

### ઑસ્ટ્રેલિયન કેપ્ટનની પત્ની બીજા બાળકને જન્મ આપવાની તૈયારીમાં

સિડનીઃ ઑસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સનો ગોલ્ડન પિરિયડ ચાલી રહ્યો છે જેમાં પહેલાં ગયા વર્ષે તેના સુકાનમાં ઑસ્ટ્રેલિયા ટેસ્ટના વર્લ્ડ કપની ફાઈનલ જીત્યું, ત્યાર પછી ભારતમાં વન-ડેનો વર્લ્ડ કપ પણ ઑસ્ટ્રેલિયા જીત્યું અને હવે તેની જ કેપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયાએ ઘરઆંગણે ભારતને ટેસ્ટ સિરીઝ ૩-૧થી હરાવીને ફરી એક વાર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. તેનો સુવર્ણ કાળ હજી ચાલુ જ છે, કારણકે તેના ઘરે થોડા જ દિવસમાં નવજાત શિશુનું આગમન થવાનું છે.

દોઢ મહિના પહેલાં રોહિત શર્માની પત્ની રિતિકા બીજા બાળકને જન્મ આપવાની હોવાથી રોહિત પર્થ ખાતેની પ્રથમ ટેસ્ટમાં નહોતો રમ્યો. તે ઑસ્ટ્રેલિયા મોડો પહોંચ્યો હતો અને બીજી ટેસ્ટથી તેણે સિરીઝમાં રમવાનું શરૂ કર્યું હતું.



ઑસ્ટ્રેલિયાની ટીમ આ મહિને બે ટેસ્ટની શ્રેણી રમવા માટે શ્રીલંકા જવાની છે. બંને ટેસ્ટ ગોલ શહેરમાં રમાશે. જોકે પેટ કમિન્સની પત્ની બેકી બોસ્ટન બીજા બાળકને જન્મ આપવાની તૈયારીમાં છે એટલે કમિન્સ શ્રીલંકામાં પહેલી ટેસ્ટ તો લગભગ નહીં જ રમે. તે શ્રીલંકા મોડો પહોંચવાનો છે.

કમિન્સ શ્રીલંકા સામેની સિરીઝમાં મોડો આવવાનો હોવાથી સ્ટીવ સ્મિથ તેની ગેરહાજરીમાં ઑસ્ટ્રેલિયાની ટીમનું સુકાન સંભાળશે. કમિન્સે રવિવારે ભારત સામેની સિરીઝ જીતી લીધા પછી ટ્રોફી સ્વીકારતી વખતે આપેલા ઇન્ટરવ્યૂમાં જ સંકેત આપ્યો હતો કે તે શ્રીલંકા કદાચ મોડો જશે. કમિન્સ અને બેકીએ ૨૦૨૦માં સગાઈ કરી હતી અને ૨૦૨૨માં તેઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા. જોકે એ દરમ્યાન ૨૦૨૧ની સાલમાં બેકીએ પુત્રને જન્મ આપ્યો હતો. કમિન્સ અને બેકીનો એ પુત્ર ત્રણ વર્ષનો છે અને તેનું નામ ઍલ્બી છે. પત્ની બેકી ફરી પ્રેગ્નન્ટ હોવાની કમિન્સે થોડા મહિના પહેલાં જાહેરાત કરી ત્યાર બાદ બેકીએ બેબી બમ્પ સાથે કેટલાક પોઝ પણ આપ્યા હતા જે સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. ■

# સબાલેન્કાએ ટાઇટલ સાથે કરી ૨૦૨૫ની શરૂઆત

### બ્રિસ્બેન ટેનિસ ટૂર્નામેન્ટની ફાઇનલમાં કુદરમેતોવાને હરાવી

બ્રિસ્બેનઃ વિશ્વની નંબર વન અને બેલારુસની મહિલા ટેનિસ ખેલાડી આર્યન સબાલેન્કાએ વર્ષ ૨૦૨૫ની શરૂઆત ટાઈટલની જીત સાથે કરી હતી. સબાલેન્કાએ રશિયાની પોલિના કુદરમેતોવાને ત્રણ સેટમાં ૪-૬, ૬-૩, ૬-૨થી હરાવીને બ્રિસ્બેન ઈન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું છે. સબાલેન્કા હવે ૧૨ જાન્યુઆરીથી શરૂ થનારી સતત ત્રીજી ઑસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીતવાનો પ્રયાસ કરશે. જો બે વખતની વિજેતા સબાલેન્કા આવું કરવામાં સફળ રહેશે તો તે આ સિદ્ધિ મેળવનારી સ્વિટ્ઝર્લેન્ડની માર્ટિન હિંગિસ પછીની પ્રથમ ખેલાડી બની જશે. હિંગિસે ૧૯૯૭થી ૧૯૯૯ સુધી સતત ત્રણ વખત ઑસ્ટ્રેલિયન ઓપન જીતી હતી. ગયા વર્ષે બ્રિસ્બેનમાં સબાલેન્કાને ફાઇનલમાં કઝાકિસ્તાનની એલીના રિબાકીનાની સામે હાર મળી હતી.



સબાલેન્કાએ કુદરમેતોવા વિરુદ્ધ ધીમી શરૂઆત કરી હતી. તેણે બે વખત સર્વિસ ગુમાવ્યા બાદ પ્રથમ સેટ ગુમાવ્યો હતો. વિશ્વની ૧૦૭ નંબરની ખેલાડી કુદરમેતોવાએ તેના શક્તિશાળી સ્ટ્રોકથી સબાલેન્કાને મુશ્કેલીમાં મૂકી દીધી હતી. જોકે, સબાલેન્કાએ ઝડપી ગ્રાઉન્ડ સ્ટ્રોકથી તે પછીના સેટમાં દબદબો બનાવ્યો હતો. સબાલેન્કાએ એમ પણ કહ્યું કે, કુદરમેતોવાએ શાનદાર રમત રમી હતી. ■

# ભારતે એકેય લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલરને ન રમાડ્યો, બે બેટરને બેસાડી રાખ્યા

સિડનીઃ ઑસ્ટ્રેલિયામાં ભારતીય ટીમ બોર્ડર-ગાવસકર ટ્રોફી ૧-૩થી હારી ગઈ એ માટે ઘણા કારણો છે, પરંતુ જેના પર ઓછી ચર્ચા થઈ છે એવા બે કારણ આ મુજબના છેઃ એકેય લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર ટીમમાં નહોતો સમાવાયો. બીજું, ટોપ-ઓર્ડર એક પછી એક દાવમાં ફ્લોપ જઈ રહ્યો હતો એમ છતાં બે સારા બેટર સ્કવૉડમાં હોવા છતાં તેમને ઇલેવનમાં નહોતા લેવામાં આવ્યા.

ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયામાં સતત ત્રીજી વાર ટેસ્ટ સિરીઝ જીતવામાં (વિજયની હેટ-ટ્રિક નોંધાવવામાં) નિષ્ફળ રહી હતી. મેલબર્નના ઐતિહાસિક મેદાન પર પણ ભારત સતત ત્રીજી ટેસ્ટ જીતવામાં નિષ્ફળ રહ્યું હતું. ઍડિલેઈડ ખાતેની બીજી ટેસ્ટ પિંક-બોલ ડે/નાઇટ ટેસ્ટ હતી જે અગાઉ ભારતીય ટીમે (૪૬-૪૬ ઓવરવાળી એકમાત્ર પ્રેક્ટિસ મેચને બાદ કરતા) વધુ કંઈ મેચ પ્રેક્ટિસ જ નહોતી કરી. રોહિત શર્મા સિરીઝમાં મોડો આવ્યો હતો. રોહિતે પહેલા તો કેએલ રાહુલને ઓપનિંગમાં જ રમવા દીધો હતો, પરંતુ છઠ્ઠા ક્રમે પોતે રન નહોતો બનાવી શક્યો એટલે મેલબર્નની ચોથી ટેસ્ટમાં પોતે પાછો અસલ ઓપનિંગના સ્થાન પર રમવા આવી ગયો હતો અને રાહુલને વનડાઉનમાં મોકલવામાં આવ્યો હતો. રોહિત સિડનીની છેલ્લી ટેસ્ટમાં ન રમ્યો એટલે રાહુલને ફરી ઓપનિંગમાં રમવાનું કહેવામાં આવ્યું હતું.

રોહિત તેમ જ વિરાટ કોહલી અને રિષભ પંતના શોટ સિલેક્શન પણ સારા નહોતા જેને લીધે ભારતે પરાજયની દિશા જોવી પડી હતી.

જોકે આ બધા વચ્ચે ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે મોટાભાગે જસપ્રીત બુમરાહે જ એકલા હાથે બોલિંગનો બોજ ખમવો પડ્યો હતો એમાં એક ચર્ચા અત્યારે એવી થઈ રહી છે કે ભારતીય ટીમમાં કેમ એક પણ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર નહોતો? અર્શદીપ સિંહ ખૂબ કામ લાગ્યો હોત. ખલીલ અહેમદ અને યશ દયાલને શરૂઆતમાં ઑસ્ટ્રેલિયા બોલાવવામાં આવ્યા હતા, પરંતુ પાછા મોકલી દેવાયા હતા. ટીમમાંના પાંચેય પેસ બોલર રાઈટ-આર્મ હતાઃ બુમરાહ, સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા અને આકાશ દીપ. નીતીશ રેડ્ડી પણ રાઈટ-આર્મ મિડિયમ પેસ બોલર છે.રોહિત શર્મા અને વિરાટ કોહલી સતત ફ્લોપ જઈ રહ્યા હોવા છતાં અનુક્રમે ઓપનિંગ અને મિડલ ઓર્ડરમાં અભિમન્યુ ઈશ્વરન અને સરફરાઝ ખાન જેવા યુવાન બેટર સ્કવૉડમાં હોવા છતાં તેમનો ઉપયોગ નહોતો કરવામાં આવ્યો. ■

# કોર્પોરેટ પરિણામો અને એચએમપી વાયરસની ચિંતા વચ્ચે વિદેશી ફંડોની વેચવાલીના દબાણે સેન્સેક્સમાં ૧૨૫૮ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૩૮૮ પૉઈન્ટનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયન ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ ઉપરાંત વર્તમાન નાણાકીય વર્ષનાં ત્રીજા ત્રિમાસિકગાળાના પરિણામોમાં વૃદ્ધિની અને નવાં એચએમપી વાયરસની ચિંતા વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૨૫૮.૧૨ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૮૮.૭૦ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૨૫૭૫.૦૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૫૭૪૯.૬૫ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. તેમજ આજના ધોવાણમાં બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૧૦,૯૮,૭૨૩.૫૪ કરોડના ધરખમ ઘટાડા સાથે રૂ. ૪,૩૮,૭૯,૪૦૬.૫૮ કરોડની સપાટીએ રહ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના જણાવ્યાનુસાર કર્ણાટકમાં એચએમપી વાયરસનાં બે કેસ જોવા મળ્યા છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ આગલા ૭૯,૨૨૩.૧૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૭૯,૨૮૧.૬૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૭૮૧.૬૨ અને ઉપરમાં ૭૯,૫૩૨.૬૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૧.૫૯ ટકા અથવા તો ૧૨૫૮.૧૨ પૉઈન્ટ તૂટીને ૭૭,૯૬૪.૯૯ પૉઈન્ટના મથાળે બંધ રહ્યો હતો. આજે બીએસઈ ખાતે કુલ ૪૨૪૪ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૬૧૧ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જ્યારે ૩૫૩૦ શૅરના ભાવ ઘટીને અને ૧૦૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૦૦૪.૭૫ના બંધ સામે ૨૪,૦૪૫.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૫૫૧.૯૦ અને ઉપરમાં ૨૪,૦૮૯.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે ૧.૬૨ ટકા અથવા તો ૩૮૮.૭૦ પૉઈન્ટ તૂટીને ૨૩,૬૧૬.૦૫ના મથાળે બંધ રહ્યો હતો. અમેરિકાની આર્થિક નીતિઓની અનિશ્ચિતતા, ફેડરલ રિઝર્વનાં આ વર્ષે વ્યાજદરમાં ઓછી કપાતના સંકેતો, ફુગાવામાં વૃદ્ધિની ધારણા અને ડૉલરમાં મજબૂત વલણ જેવાં પડકારજનક પરિબળોની અસર ઊભરી રહેલા અર્થતંત્રો પર પડતાં કોન્સોલિડેશન જોવા મળે તેવી શક્યતા ઉપરાંત ચીનમાં જોવા મળેલો હ્યુમન મેટાપ્ન્યુમો (એચએમપી) વાયરસ પ્રસરવાની ચિંતા વચ્ચે આજે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. વધુમાં વર્તમાન નાણાકીય વર્ષનાં ત્રીજા ત્રિમાસિકગાળાના કોર્પોરેટ




પરિણામોમાં આવકોમાં વૃદ્ધિ ધીમી પડવાના અંદાજ સામે વૈશ્વિક બજારની સરખામણીમાં સ્થાનિકમાં ઊંચા વૅલ્યુએશન્સ હોવાથી પણ બજારમાં વેચવાલી વધી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

તે જ પ્રમાણે સ્વસ્તીક ઈન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ સંતોષ મીનાએ જણાવ્યું હતું કે આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને ત્રીજા ત્રિમાસિકગાળાનાં પરિણામોની ચિંતા વચ્ચે નિફ્ટી અને બૅન્ક નિફ્ટીનાં આંક ૨૦૦ દિવસની દૈનિક સરેરાશ કરતાં નીચા ઉતરી ગયા હતા. વધુમાં નવા એચએમપી વાયરસની ચિંતા સપાટી પર આવતા બજારને ગબડવું હતું અને ઢાળ મળ્યો હતો.

એકંદરે કેપિટલ ગૂડ્સ ક્ષેત્રમાં ચોથા ત્રિમાસિકગાળામાં ઓર્ડરનો આંતરપ્રવાહ વધવાની શક્યતા અને ડિફેન્સ ક્ષેત્રમાં ઓર્ડરોને મળી રહેલી મંજૂરીઓ પ્રોત્સાહક બાબત છે, પરંતુ નવાં વાયરસની ચિંતા હળવી ન થાય ત્યાં સુધી બજારમાં ચંચળતાનું વલણ જોવા મળશે, એમ મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસનાં વેલ્થ મેનેજમેન્ટ વિભાગનાં રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન કોર્પોરેટ પરિણામો અનુસાર સ્ટોક આધારિત વધઘટ જોવા મળે તેમ જણાય છે.

આજે સેન્કક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર ટિટાન અને એચસીએલ ટેક્નોલૉજીનાં ભાવમાં અનુક્રમે ૦.૬૦ ટકાનો અને ૦.૨૬ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આ સિવાયના તમામ ૨૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે ટાટા સ્ટીલમાં ૪.૪૧ ટકાનો, એનટીપીસીમાં ૩.૬૫ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૩.૨૬ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૩.૧૯ ટકાનો, અદાણી પોર્ટસમાં ૩.૦૪ ટકાનો અને ઝોમેટોમાં ૨.૯૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી સાત શૅરના ભાવ વધીને અને ૪૩ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. વધુમાં આજે બીએસઈ ખાતે સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૩.૧૭ ટકાનો અને ૨.૪૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં યુટિલિટી ઈન્ડેક્સમાં ૪.૧૬ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૩.૭૩ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૩.૪૫ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૩.૧૫ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૩.૧૫ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૩.૦૩ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૨.૯૭ ટકાનો અને કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૨.૭૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે એશિયામાં એકમાત્ર સિઉલની બજાર સુધારા સાથે બંધ રહી હતી. આ સિવાય ટોકિયો, શાંઘાઈ અને હૉંગકૉંગની બજારો નરમાઈના અન્ડરટોને બંધ રહી હતી, જ્યારે યુરોપના બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો વધુ ચાર પૈસા તૂટીને નવાં તળિયે

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો, એચએમપીવી વાઈરસની ચિંતા, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તીવ્ર ઘટાડો અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાનાં નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ચાર પૈસાના ઘટાડા સાથે ૮૫.૮૩નાં નવાં તળિયે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલનાં વાયદામાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારનાં ૮૫.૭૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૫.૭૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૭ અને ઉપરમાં ૮૫.૮૪ સુધી ગબડ્યાં બાદ અંતે આગલા બંધ સામે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૫.૮૩ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે પણ ડૉલર સામે રૂપિયો ચાર પૈસા નબળો પડ્યો હતો. આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી, અમેરિકી બૉન્ડની યિલ્ડમાં વધારો અને એચએમપીવી વાઈરસની ચિંતા સપાટી પર આવતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, નીચા મથાળેથી રિઝર્વ બૅન્ક તરફથી મળી રહેલા ટેકાને કારણે રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૬૫થી ૮૬.૧૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩૩ ટકાના ઘટાડા સાથે ૧૦૮.૪૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૩૧ ટકા ઘટીને બેરલદીઠ ૭૬.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૨૫૮.૧૨ પૉઈન્ટનો અને ૩૮૮.૭૦ પૉઈન્ટનો બોલાયેલો કડાકો અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૨૨૭.૨૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સોનામાં ₹ ૩૪૩નો ઘટાડો, વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૧૦૩૧ ઊછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે લંડન ખાતે સત્રના આરંભમાં સોનામાં ઘટ્યા મથાળેથી ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની આક્રમક લેવાલી નીકળતાં ભાવ ૧.૩ ટકા ઉછળી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથેસસ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સામસામા રાહ જોવા મળ્યાં હતાં, જેમાં ખાસ કરીને વિશ્વ બજાર પાછળ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૩૧નો ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૨થી ૩૪૩ ઘટી આવ્યા હતા. એકંદરે આજે લંડન ખાતે સત્રના આરંભે સપ્તાહ દરમિયાન અમેરિકાના જાહેર થનારા આર્થિક ડેટાઓ પર બજારની નજર હોવાથી હાજરમાં સોનાના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું અને વાયદાના ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન સ્થાનિકમાં આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક બજારમાં ૧.૩ ટકા જેટલો ઉછાળો આવી ગયાના નિર્દેશો સાથે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૩૧ના ઉછાળા સાથે રૂ. ૮૯,૧૫૨ની સપાટીએ રહ્યા હતા. જોકે, સોનામાં વધુ




ભાવઘટાડાના આશાવાદે સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૨ ઘટીને રૂ. ૭૬,૮૫૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૪૩ ઘટીને રૂ. ૭૭,૧૬૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ચાર પૈસા તૂટ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધવાને કારણે વૈશ્વિક ભાવની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


વર્તમાન સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની અસર થતી હોય તેવા અમેરિકાના ડિસેમ્બર મહિનાના નોન ફાર્મ પેરૉલ સહિતના આર્થિક ડેટાઓની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૬૪૧.૧૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૨૬૫૫ ડૉલર આસપાસ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીમાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની આક્રમક લેવાલી રહેતાં ભાવ ૧.૩ ટકા વધીને ફરી ઔંસદીઠ ૩૦ ડૉલરની સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સપ્તાહ દરમિયાન જાહેર થનારા ડિસેમ્બર મહિનાના નોનફાર્મ પે રૉલ ડેટા અને આઈએસએમ સર્વિસીસ પીએમઆઈ ડેટા જો અપેક્ષાથી નબળા આવ્યા અને ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળશે તો સોનાના ભાવમાં બ્રેક આઉટ જોવા મળી શકે છે, એમ કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકાના જોબ ડેટાની જાહેરાત આગામી શુક્રવારે થશે અને તેની અસર આગામી ૨૮-૨૯ જાન્યુઆરીના રોજ યોજાનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર જોવા મળશે. જોકે, છેલ્લી નીતિવિષયક બેઠકમાં વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં માત્રે બે જ વખત કપાત થવાની શક્યતા વ્યક્ત કરી હતી. આ સિવાય સપ્તાહ દરમિયાન રોકાણકારોની નજર એડીપી હાયરિંગ અને રોજગારીના ડેટા ઉપરાંત છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થનારી મિનિટ્સ પર પણ રહેશે.

સામાન્યપણે નીચા વ્યાજદર, રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા અને વધતા ફુગાવાના સંજોગોમાં સોનાની તેજીને ટેકો મળતો હોય છે. જોકે, નવાં ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર-વેરાની નીતિ ફુગાવાલક્ષી હોવાની ધારણા મૂકાઈ રહી છે અને ફેડરલ રિઝર્વ ફુગાવાને અંકુશમાં રાખવા માટે વ્યાજદરની ઊંચી સપાટી જાળવી રાખે તેવી શક્યતા વધુ બળવત્તર બની રહી છે. વધુમાં ગત સપ્તાહે રિચમન્ડ ફેડના પ્રેસિડૅન્ટ બાર્કિને ગત સપ્તાહે ફેડરલ રિઝર્વ વ્યાજદર નિયંત્રિત રાખે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે કોપર વાયરબાર સિવાયની કોપરની વેરાઈટીઓ અને બ્રાસમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી છનો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર વાયરબાર, ટીન, નિકલ, ઝિન્ક સ્લેબ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૧નો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહેતાં એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલ, ટીન, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧ ઘટીને રૂ. ૧૩૧૭, રૂ. આઠ ઘટીને રૂ. ૨૫૫૪, રૂ. પાંચ ઘટીને રૂ. ૨૪૩ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૨૭૮ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે નિરસ માગે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૮૧૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૭૨૨ અને રૂ. પાંચ વધીને રૂ. ૫૬૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૧૩ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૮૧, રૂ. ૭૭૬ અને રૂ. ૭૭૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૩ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોનો નવી લેવાલીમાં નિરુત્સાહ રહ્યો હતો, પરંતુ રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૬૦થી ૩૬૮૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, પરંતુ મિડિયમ ગ્રેડની ખાંડમાં પ્રમાણમાં વધુ માગ તેમ જ અમુક માલની ગુણવત્તા પણ સારી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૬૯૨થી ૩૮૫૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૦થી ૩૫૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૯૦થી ૩૬૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# મલયેશિયા પાછળ આરબીડી પામોલિનમાં નરમાઈ



મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે ૨૬ અને ૧૨ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો અને દેશી તેલમાં ગુજરાતનાં મથકો પાછળ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે છૂટીછવાઈ માગને ટેકે સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૨થી ૧૨૨૬ અને સન ફ્લાવરના રૂ. ૧૩૨૫, એડબ્લ્યુએલના સોયા અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૩૪૦ તથા ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ .૧૩૩૦ અને રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૮૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ ૧૫ ઘટીને રૂ. ૨૨૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ ૧૫ ઘટીને રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે એક લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૨૭૫થી ૪૩૫૦માં થયા હતા. આ સિવાય આજે રાજસ્થાનનાં મથકો પર સરસવની ૮૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૪૫૦થી ૬૪૭૫માં અને સરસવ એક્સપેલર તથા કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૨૧ અને રૂ. ૧૩૩૧માં થયા હતા, જ્યારે સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૨૦થી ૨૩૨૫માં થયાના અહેવાલ હતા.

# ભુજના કંઢેરાઈ ગામની વાડીની ૫૪૦ ફૂટ ઊંડી બોરવેલમાં ખાબકેલી ૧૮ વર્ષની યુવતીનું રેસ્ક્યુ ઓપરેશન જારી

## ગાંધીનગરથી એનડીઆરએફની ટીમ કચ્છ આવવા રવાનાઃ યુવતીનો અવાજ આવતો બંધ થતાં ઉચાટ







(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભુજ તાલુકાના મુખત્વે ખેતી અને પશુપાલનનો વ્યવસાય ધરાવતા નાનકડા એવા કંઢેરાઈ ગામમાં સોમવારની વહેલી સવારના છ વાગ્યાના અરસામાં એક શ્રમજીવી પરિવારની ૧૮ વર્ષની યુવતી ૫૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી જતાં સમગ્ર કચ્છમાં પ્રાર્થનાઓનો દૌર શરૂ થયો હતો. બનાવના પગલે કચ્છ પોલીસ વડા, ભુજ વહીવટી તંત્રની ટુકડી સાથે ફાયર વિભાગ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટુકડીઓ દ્વારા જોરશોરથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. અલબત્ત, સવારે બચાવો-બચાવોની બૂમો પાડતી યુવતીનો અવાજ આવતો બંધ થઈ ગયો હોવાનું બનાવ સ્થળે પહોંચેલી રેસ્ક્યુ ટીમના અધિકારી પાસેથી જાણવા મળ્યું હતું.

બચાવ કામગીરીની દેખરેખ કરી રહેલા ભુજ તાલુકા મામલતદાર એ.એન. શર્માએ જણાવ્યું હતું કે, સોમવારે સવારે ૫ઃ૩૦થી ૬ વાગ્યાના અરસામાં કંઢેરાઈ ગામના વાડી વિસ્તારમાં ખેતમજૂરી કરતા પરિવારની ઈન્દિરાબેન મીણા નામની ૧૮ વર્ષીય યુવતી વાડીમાં રહેલા બોરવેલમાં અકસ્માતે પડી ગઈ છે. સ્થાનિક લોકોએ બચાવકાર્ય કર્યા બાદ સવારના નવેક વાગ્યે રેસ્ક્યુ ટીમને જાણ કરતાં હાલ વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે દોડી આવી છે અને યુવતીના બચાવકાર્ય માટે ભુજ ફાયર વિભાગની ટીમ સાથે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ કામે લાગી છે. એ.એન શર્માએ વધુમાં જણાવ્યું હતું કે, ઈન્દિરાના બચાવ માટે પાઇપ લાઈન મારફતે ઓક્સિજન માસ્કને પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ સાથે યુવતીની સ્થિતિ જોવા માટે ફાયર ટીમ દ્વારા ખાસ પ્રકારના હાઈ ડેફિનેશન કેમેરાને બોરવેલમાં ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી રહી છે.

પરિજનોના કહેવા મુજબ યુવતી બોરવેલમાં સરકી પડ્યા બાદ સવાર સુધી તેનો અવાજ આવતો હતો, પરંતુ તંત્રની ટીમ પહોંચ્યા બાદ યુવતીનો કોઈ અવાજ સાંભળવા મળ્યો નથી. બચાવ અભિયાન માટે એનડીઆરએફની ટીમ ઉપરાંત એક નિષ્ણાતોની ટુકડી ગાંધીનગરથી કચ્છ આવવા રવાના થઈ હોવાનું મામલતદારે ઉમેર્યું હતું. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી બચાવ કાર્ય ચાલુ છે. ■

# કચ્છના ભૂગર્ભ જળમાંથી ગંભીર બીમારીઓ નોતરે તેવાં રાસાયણિક તત્ત્વો મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં કેન્દ્રીય ભૂગર્ભ જળ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ‘એન્યુઅલ ગ્રાઉન્ડ વૉટર ક્વૉલિટી રિપોર્ટ ૨૦૨૪’ મુજબ રાજ્યમાં ૬૩૨ સેમ્પલમાંથી ૧૨૪ એટલે કે ૨૦ ટકા ભૂગર્ભ જળમાં હાનિકારક દ્રવ્યો મળી આવ્યાં છે જેમાં હૃદયરોગ સંબંધિત તકલીફ નોતરી શકે તેવાં ‘ઇલેક્ટ્રિક કન્ડક્ટિવિટી’નું પ્રમાણ ઊંચું જણાઈ આવ્યું છે. ભૂગર્ભ જળમાં ક્ષારતા, વિવિધ રસાયણોનું પ્રમાણ વધી જાય છે. ગુજરાતના ૨૦ ટકા ભૂગર્ભ જળમાં ક્ષારતા, ૧૪ ટકામાં ફ્લોરાઇડ, ૧૮ ટકામાં નાઇટ્રેટ, ૧૦ ટકામાં ક્લોરાઇડ જેવાં હાનિકારક તત્ત્વો જોવાં મળ્યાં છે.

આ અંગે જાણવા મળેલી વધુ વિગતો મુજબ, ગુજરાતમાં ૨૫ જિલ્લાનાં ભૂગર્ભ જળમાં હૃદય સંબંધિત બીમારીઓ નોતરે તેવાં હાનિકારક રસાયણો મળી આવ્યાં છે. આ જિલ્લામાં કચ્છ ઉપરાંત અમદાવાદ, રાજકોટ, વડોદરા, બનાસકાંઠા, મહેસાણા, છોટા ઉદેપુર, જામનગર વગેરેનો સમાવેશ થાય છે. પરંપરાગત જળસ્રોતના અભાવથી પીડાતા રણપ્રદેશ કચ્છના દુર્ગમ અંતરિયાળ વિસ્તારોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે ભૂગર્ભજળનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. ઉપરાંત વિતેલા બે દાયકામાં થયેલા ઔદ્યોગિક વિકાસના પગલે ઈન્ડસ્ટ્રિયલ સેકટરમાં પણ ભૂગર્ભજળનો વપરાશ ખૂબ વધ્યો છે.

બીજી તરફ કચ્છમાં સતત વધી રહેલાં પ્રદૂષણના કારણે ભૂગર્ભ જળની ગુણવત્તા પર પણ માઠી અસર થઈ રહી છે. ભૂગર્ભ જળ સ્તર ઊંડા ઊતરવાની સાથે હાનિકારક દ્રવ્યો પણ પાણીમાં ઉમેરાયાં છે. કેન્દ્રીય ભૂગર્ભ જળ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ‘એન્યુઅલ ગ્રાઉન્ડ વૉટર ક્વૉલિટી રિપોર્ટ ૨૦૨૪માં પણ તેને સમર્થન મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂગર્ભ જળની ગુણવત્તા ખરાબ થવા પાછળનાં મુખ્ય કારણોમાં આંધળું ઔદ્યોગિકીકરણ, ખેતીમાં વધુપડતાં ખાતર અને જંતુનાશકનો ઉપયોગ મુખ્ય છે. આ ઉપરાંત વધતા જતા શહેરીકરણના કારણે કચરાનો યોગ્ય નિકાલ થતો નથી, ક્લાઇમેટ ચેન્જના કારણે પણ પેટર્નમાં બદલાવ આવ્યો હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. ■

# મુંદરાના દરિયામાં મધરાતે દેવભૂમિ દ્વારકાના સલાયાની બોટ ડૂબીઃ મરીન પોલીસે પાંચ માછીમારોને ઉગારી લીધા



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરાના વેસ્ટ પોર્ટની આસપાસના દરિયામાં મધરાત્રે યાંત્રિક ખામી સર્જાયા બાદ ડૂબી રહેલી દેવભૂમિ દ્વારકાના સલાયાની ‘નૂરે શકુર’ નામની માછીમારી બોટમાં સવાર પાંચ માછીમારોને મુંદરા મરીન પોલીસે દિલધડક ઓપરેશન પાર પાડીને ઉગારી લીધા હતા.

આ અંગે મુંદરા મરીન પોલીસના પી.આઈ.એ માહિતી આપતાં જણાવ્યું હતું કે, અત્રેના વેસ્ટપોર્ટ આસપાસના સમુદ્રી વિસ્તારમાં મરીન પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી એ દરમિયાન રાત્રે બાર વાગ્યાના અરસામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયાની નૂરે શકુર નામની માછીમારી બોટ ડૂબવા લાગી હોવા અંગે ઇનપુટ મળ્યો હતો જેથી અદાણી (મરીન કંટ્રોલ) રૂમને જાણ કરવામાં આવી હતી.

થોડી જ ક્ષણમાં ઇન્ટરસેપ્ટર બોટથી અંધકાર વચ્ચે પહોંચેલી મરીન પોલીસની ટુકડીએ બચાવ કામગીરી હાથ ધરી જળસમાધિ લઈ રહેલી નૂરે શકુર બોટ પરથી સલાયામાં રહેતા ભાયા સીદીક મુસા, સંઘાર મહેબૂબ દાઉદ, અગરિયા વાલીમામદ હુશેન, ચાબા અજીજ કાસમ અને ભોકલ અકબર ઇલિયાસ નામના પાંચેય માછીમારોને બચાવી લીધા હતા. માછીમારો રેસ્ક્યુ બોટમાં સવાર થયા તેની ગણતરીની મિનિટોમાં જ ખામી સર્જાયેલી બોટ દરિયાનાં પાણીમાં ગરકાવ થઈ હતી. ■

# કૉંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડાસમાએ વેરાવળને મહાનગરપાલિકા અને ચોરવાડને તાલુકાનો દરજ્જો આપવા માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે બનાસકાંઠાનું વિભાજન કરીને વાવ થરાદ નવો જિલ્લો બનાવ્યો અને નવ નવી મહાનગરપાલિકાઓને મંજૂરી આપી ત્યાર બાદ રાજ્યમાં નવા તાલુકા અને નગરપાલિકાઓ મંજૂર કરવા માગ કરવામાં આવી રહી છે. શામળાજીને તાલુકો અને ભિલોડાને નગરપાલિકા તેમ જ વિરમગામને જિલ્લો બનાવવા ભાજપના ધારાસભ્યોએ હુંકાર કર્યો છે. હવે ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચૂડાસમાએ વેરાવળને મહાનગરપાલિકા અને ચોરવાડને તાલુકાનો દરજ્જો આપવા મુખ્ય પ્રધાનને પત્ર લખી માગ કરી હતી.

ગીર સોમનાથના કૉંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડાસમાએ મુખ્ય પ્રધાનને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાનું મુખ્ય મથક વેરાવળ છે. જ્યાં વેરાવળ-પાટણ-ભીડિયા સંયુક્ત નગરપાલિકા છે. વેરાવળ શહેરની આશરે દોઢ લાખથી વધારે વસ્તી છે તથા પ્રથમ જ્યોતિર્લિંગનાં દર્શન માટે સમગ્ર વિશ્વમાંથી લોકો આવે છે, જેથી વેરાવળમાં મહાનગરપાલિકા કક્ષાની સુવિધાઓ નહીં હોવાથી સ્થાનિક લોકોને લાભ મળી શકતો નથી. જેથી વેરાવળ-પાટણ-ભીડિયા સંયુક્ત નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરરજો આપવામાં આવે તો વિકાસલક્ષી લાભો મળી શકે તેમ છે.

આ ઉપરાંત જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકામાં માત્ર એક ચોરવાડ નગરપાલિકા છે. ચોરવાડ શહેરમાં આશરે ૨૦૧૫૭ મતદાર છે અને આશરે ૫૦૦૦૦ જેટલી વસ્તી છે. ચોરવાડ શહેર તાલુકો ન હોવાના કારણે તમામ કામગીરી માટે શહેરના લોકોને ૧૫ કિલોમીટર દૂર માળિયા હાટીના તાલુકા ખાતે ધંધા-રોજગાર બંધ રાખીને ધક્કા ખાવા પડે છે.

વર્ષ ૧૯૯૬-૯૭થી શંકરસિંહ વાઘેલા ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારથી ચોરવાડ શહેરને અલગ તાલુકાનો દરજ્જો મળે એવી રજૂઆત કરેલી હતી. જેથી માળિયા હાટીના તાલુકાનું વિભાજન કરીને ચોરવાડ શહેરને અલગ તાલુકાનો દરજ્જો આપવામાં આવે તો ઘણાં ગામડાંના લોકોના પ્રશ્નોનું સમયસર નિરાકરણ થઈ શકે તેમ છે. ■

# જૂનાગઢના એસપી હર્ષદ મહેતાએ પોલીસની નોકરીમાંથી રાજીનામું આપ્યુંઃ સરકારે સ્વીકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ પોલીસની નોકરીમાંથી પોતાનાં અંગત કારણોસર રાજીનામું આપતાં રાજ્યના ગૃહ વિભાગે તેનો સ્વીકાર કર્યો હતો. જૂનાગઢ એસપી હર્ષદ મહેતાએ છેલ્લાં બે વર્ષમાં દારૂ, જુગાર અને નશાના કાળા કારોબારને દાબવા તમામ પ્રયત્નો કર્યા હતા. તેમના રાજીનામાના કારણે સમગ્ર રાજ્યના પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. હર્ષદ મહેતાના પિતા સરકારી પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હતા. હર્ષદ મહેતા ૨૦૦૧માં જીપીએસસીની પરીક્ષામાં ઈન્ટરવ્યુ સુધી પહોંચી ગયા હતા, પરંતુ ૬ માર્ક્સ માટે રહી ગયા હતા. બાદમાં ફરી ૨૦૦૭માં પરીક્ષા આપીને પાસ થઈ ડીવાયએસપી બન્યા હતા. આ પહેલાં તેમણે કૉલેજમાં લેક્ચરર તરીકે પણ ફરજ બજાવી હતી. તેમના રાજીનામા બાદ આજે જૂનાગઢમાં તેમનો ભવ્ય રોડ શો યોજવામાં આવશે. શહેરની બહાઉદ્દીન કૉલેજ ખાતેથી તેમનો રોડ શો યોજાશે. થોડા દિવસ પહેલાં જ જૂનાગઢ એસપી હર્ષદ મહેતાએ બુટલેગરો અને પોલીસની સાઠગાંઠને ખુલ્લો પાડતો પત્ર વાઈરલ કર્યો હતો. તેમના આ પત્રથી સમગ્ર પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો. આ પત્રમાં તેમણે જિલ્લા પોલીસની મીઠી નજર હેઠળ દારૂ અને જુગારના હાટડા ચાલી રહ્યા હોવાની વાત કરી હતી. તેમની સૂચના બાદ પણ બેરોકટોક આ પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. ■





રાજકોટની સયાજી હોટલમાં આયર્લૅન્ડની મહિલા ક્રિકેટ ટીમનું આગમન થયું હતું, નિરંજન શાહ સ્ટેડિયમમાં પ્રથમ વખત વિમેન્સ ટીમની ૩ મૅચની વનડે સિરીઝ યોજાશે. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજકોટમાં અશાંતધારાના નવા વિસ્તારો અંગે ટૂંક સમયમાં કલેક્ટર દ્વારા સરકારમાં દરખાસ્ત મોકલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં કેટલાક વિસ્તારોને અશાંતધારા હેઠળ આવરી લેવા માટે પ્રાંત અધિકારી દ્વારા કલેક્ટરને દરખાસ્ત મોકલવામાં આવી હતી. હવે કલેક્ટર દ્વારા આ દરખાસ્તનો અભ્યાસ કરીને સરકારને મોકલવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે થોડા સમય પહેલાં ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ અને રમેશ ટીલાળા દ્વારા અશાંતધારા મામલે કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. જે બાદ કલેકટરતંત્રએ તાબડતોબ પ્રાંત-૧ અધિકારી પાસેથી આ અંગેની દરખાસ્તો મગાવી હતી. આ અંગે કલેક્ટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, પ્રાંત અધિકારી દ્વારા અશાંતધારામાં શહેરના કેટલાક વિસ્તારોને આવરી લેવા માટેની દરખાસ્ત મોકલવામાં આવી હતી. આ દરખાસ્તોનો અભ્યાસ કર્યા બાદ રાજ્ય સરકારને આ દરખાસ્તો આખરી મંજૂરી માટે મોકલી દેવામાં આવશે.

આગામી તા. ૮મી જાન્યુઆરીએ કલેકટર પ્રભવ જોષી દ્વારા રેવન્યુ અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં મહેસૂલના વિવિધ મુદ્દાઓ ઉપરાંત શ્રી સરકાર સહિતના કેસોમાં ઑનલાઇન પ્રક્રિયા અંગે ખાસ કાર્યવાહી હાથ ધરવા ઉપર ભાર મુકાશે. આગામી ૨૨મીએ મળનાર લેન્ડ ગ્રેબિંગ અંગેની મિટિંગ અંગે કલેકટરે જણાવ્યું હતું કે મિટિંગ પહેલાં પક્ષકારોને નોટિસો આપી બોલાવાશે બાદમાં કમિટી નિર્ણય લેશે. આ વખતે લગભગ ૬૦ જેટલા કેસો મિટિંગમાં મુકાનાર છે. તેના મુદ્દે ચર્ચાવિચારણા કરવામાં આવશે. ■

# વીંછિયામાં હત્યાના આરોપીઓનો વરઘોડો કાઢવા મુદ્દે ટોળાનું પોલીસ સાથે ઘર્ષણઃ ટીયર ગૅસના સેલ છોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના વીંછિયામાં લૅન્ડ ગ્રેબિંગની ફરિયાદ મુદ્દે કેટલાક શખસોએ ઘનશ્યામ રાજપરા નામની વ્યક્તિ પર જીવલેણ હુમલો કરતાં તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનામાં પોલીસે ૬ શખસોની ધરપકડ કરી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ દરમિયાન લોકોએ આરોપીઓનો વરઘોડો કાઢવા માગ કરી હતી. આ દરમિયાન ટોળાનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. જેમાં બે પોલીસકર્મીઓને ઈજા પહોંચી હતી. પોલીસે ટોળા પર કાબૂ મેળવવા માટે ટીયર ગૅસના સેલ છોડ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટના વીંછિયાના થોરિયાળી ગામમાં રહેતા ઘનશ્યામ રાજપરાએ લેન્ડ ગ્રેબિંગની અરજી કરી હતી. તેની અદાવત રાખીને કેટલાક શખસોએ તેમની પર હુમલો કરીને હત્યા કરી નાખી હતી. આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસે અલગ અલગ ટીમો બનાવી હતી. પોલીસને હત્યાનો મુખ્ય આરોપી શેખા સાંબડ ચોટીલામાં હોવાની બાતમી મળતાં તેને દબોચી લીધો હતો. આ ઘટનામાં પોલીસે કુલ છ આરોપીઓની ધરપકડ કરી હતી.

પોલીસ આરોપીઓને લઈને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન માટે પહોંચી હતી. આ દરમિયાન લોકોનું ટોળુ પણ એકઠું થયું હતું અને પોલીસને આરોપીઓનો વરઘોડો કાઢવા માટે રજૂઆત કરી હતી, પરંતુ પોલીસે કાયદા વિરુદ્ધ કંઈ જ નહીં થાય એમ કહેતાં ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં બે પોલીસકર્મીઓને સામાન્ય ઈજા પહોંચી હતી. ત્યાર બાદ ટોળાને વિખેરવા માટે પોલીસે ટીયર ગૅસના સેલ છોડ્યા હતા. ■

# કચ્છમાં શીતલહેર પાછી આવીઃ નલિયા ૬.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડુગાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મિરમાં તાજેતરમાં થયેલી ભારે બરફવર્ષાને પગલે પાકિસ્તાનની સરહદને અડકીને આવેલા સરહદી કચ્છ જિલ્લામાં લગભગ છેલ્લા એક પખવાડિયાથી સિંગલ ડિજિટ પર રહેલો લઘુતમ ઉષ્ણતામાનનો આંક ઉપર આવ્યા બાદ જનજીવનને ઠંડીમાંથી મળેલી રાહત જાણે ક્ષણભંગુર નીવડી હોય તેમ શિમલા અને ઉત્તરાખંડના બરફથી ઢંકાયેલા પહાડો પરથી આવી પહોંચેલી કાતિલ ઠંડી સમગ્ર રાજ્યની સાથે કચ્છને થથરાવી રહી હોય તેમ નલિયામાં લઘુતમ તાપમાનનો આંક ફરી પાછો સિંગલ ડિજિટ પર પહોંચ્યો હતો.

વહેલી સવારે અને મોડી સાંજના સમયે ઉત્તર બાજુથી વાતા વેગીલા પવનનાં કારણે ઠંડીની અસર વધુ ધારદાર બની છે. કચ્છનું કાશ્મીર નલિયા આજે ૬.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું મોખરાનું શીતમથક બન્યું હતું, બીજી તરફ, ભુજમાં ૧૦.૯ ડિગ્રી લઘુતમ અને મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સે. પર આવી જતાં શીતલહેરે જાણે ફરી પૂછડું વીંઝયું હોય તેવી ટાઢક શહેરીજનોએ અનુભવી હતી. કચ્છનાં તમામ મથકોમાં મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ આવી જતાં ભુજ, રાપર, નલિયા, અંજાર, નખત્રાણા જેવાં શહેરોમાં ભરબપોરે પણ રસ્તાઓ અને શેરીઓ પર જાણે સંચારબંધી લદાઈ હોય તેવો માહોલ ખડો થવા પામ્યો છે, આ દરમ્યાન, અચાનક વધી ગયેલી ઠંડીને કારણે શરદી-તાવ અને ઉધરસથી પીડાતા દર્દીઓની સાથે-સાથે ચામડી સૂકી થઈ જવાથી ચર્મરોગની સમસ્યા પણ ઊભી થવા પામી હોવાનું ભુજના જાણીતા તબીબ ડૉ. પ્રિતેશ સોનીએ જણાવ્યું હતું. ■

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે એનએસયુઆઈ દ્વારા ઉપકુલપતિને આવેદનપત્ર આપ્યું હતું, જેમાં મુખ્યત્વે વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને ત્રણ મુદ્દાઓ લઈ રજૂઆત કરવામાં આવી હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)



# મુંદરા શહેર ભાજપ ઉપપ્રમુખ સામે ૭૧.૩૩ લાખના ચેક રિટર્ન અંગેની રાજકોટ કોર્ટમાં ફરિયાદથી ચકચાર

ભુજઃ કચ્છના મુંદરા શહેર ભાજપ ઉપપ્રમુખ અને મુંદરાના કૉર્પોરેટર અલ્પાબાના પતિ ધ્રુવરાજસિંહ બહાદુરસિંહ ચુડાસમા સામે રાજકોટની કોર્ટમાં ૭૧.૩૩ લાખના ચેક રિટર્નની ફરિયાદ નોંધાવવામાં આવતાં રાજકીય આલમમાં ભારે ચકચાર પ્રસરી હતી. આ અંગે મળતી માહિતી અનુસાર, રાજકોટમાં રહેતા કાંતિલાલ ગોરધનભાઈ ભીમાણીએ મુંદરા તાલુકાના ગુંદાલા ગામની સીમના સર્વે નં.૮ વાળી ક્ષેત્રફળ એકર ૨-૩૯ ગૂંઠા, હે.આરે.ચો.મી. ૧-૨૦-૪૦ વાળી જમીન તેમ જ સર્વે નં. ૯/૩ ક્ષેત્રફળ એકર ૧-૩૩ ગૂંઠા, હે.આરે.ચો.મી.૦-૭૩-૮૬ વાળી જમીન વર્ષ ૨૦૧૧ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી હતી. જમીનનું વેચાણ કરવાનું આયોજન કરતા તહોમતદાર ધ્રુવરાજસિંહે ફરિયાદી કાંતિલાલનો રૂબરૂ સંપર્ક કર્યો હતો અને ફરિયાદીને પ્રતિ ચોરસ વાર લેખે રૂા. ૧૦૦૦/- આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. વેચાણની શરતો મુજબ વેચાણમાંથી નફાના ૩૩ ટકા ફરિયાદીને, ૬૬ ટકા ધ્રુવરાજસિંહને અને બાકી રહેતા ૧ ટકા સામાજિક કાર્યમાં ઉપયોગ કરવાનું પરસ્પર લેખિતમાં નક્કી કરી, રૂા. ૨ કરોડ ૨૩ લાખ ૮ હજાર ૪૩૨માં સોદો કરવામાં આવ્યો હતો, જેમાંથી રૂા.૭૨ લાખ સાટાખત વખતે અને રૂા. ૮૦ લાખ ૮ હજાર ચેકથી અને રૂા.૧૩.૫૦ લાખ આંગડિયા મારફત ફરિયાદી કાંતિલાલને ચૂકવી આપવામાં આવ્યા હતા. રીવાઈઝડ પ્લાન મુજબ રકમ રૂા. ૨૬,૩૩,૩૪૫ એમ કુલ મળીને બાકી લેણી રકમ રૂા. ૮૩,૮૩,૭૭૭ પૈકી ધ્રુવરાજસિંહે કાંતિલાલ ભીમાણીએ રકમ રૂા. ૭૧.૩૩ લાખ ચૂકવવા આપેલા ત્રણેય ચેક એડવાઇઝ નોટ રિસિવ્ડની નોંધ સાથે પરત થયા હતા. કાંતિલાલ ભીમાણીએ ધ્રુવરાજસિંહ પાસે ઉઘરાણી કરી હતી. નાણાં આપવાને બદલે આરોપીએ તેની પત્નીના હોદ્દાનો રૂઆબ બતાવી થાય તે કરી લેવાની ચીમકી આપતાં કાંતિલાલ ગોરધન ભીમાણીએ ધ્રુવરાજસિંહ ચુડાસમા સામે રાજકોટની જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટની કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરતાં નામદાર સમન્સ જારી કરી, આગામી મુદતે આરોપીને હાજર રહેવા હુકમ કર્યો હતો. ■